
કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી
બચુભાઈ
રાવત















એકવીસમી સંવત્સરીએ
જીવનસ્મરણ

વર્ષ ૪૬ · અંક પહેલો · સળંગ અંક ૫૪૧
જાન્યુઆરી · ૧૯૬૯

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક


र.म.रावळ.
२.भ.२१.

કુમાર જાન્યુઆરી ૧૯૫૯ · અંક ૫૪૧

તંત્રી : બચુભાઈ રાવત · ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.

વાચકો લખે છે

'કુમાર'નો જન્મ-દિવસ

મારા ઘરમાં જન્મ દિવસ ઊજવવાની પ્રથા નથી, એટલે ક્યારે કોના જન્મ-દિવસ આવે છે તેની કોઈ પરવા કરતું નથી છતાં 'કુમાર'-નો જન્મ-દિવસ (પોષ સુદિ પૂર્ણિમા વિ. સં. ૧૯૮૦-જાન્યુઆરી ઈ. સ. ૧૯૨૪) ક્યારેય ભુલાયો નથી. એ જ દિવસે કન્યકાઓ પોતાના પોપી પૂનમના વ્રતના ઉત્સાહમાં આનંદ માણે છે, ને એ જોતાં જ 'કુમાર'નો જન્મ-દિવસ યાદ આવી જાય છે અને ખૂબ ભાવપૂર્વક 'કુમાર'ની પ્રગતિ માટે પ્રાર્થના કરું છું.

ઈ. સ. ૧૯૨૪માં ગામડાના જીવનમાંથી શહેરી જીવનમાં હું આવ્યો. ગુજરાતી ૪ ધોરણનો અભ્યાસ, કૃશ અને કંઈક અંશે રોગી શરીર, ઉત્પાતિયો કે ચંચળ સ્વભાવ, રૂઢિના પ્રાબલ્યને વશ થઈ બંધાએલી કેટલીક લઘુ-ગુરુ ગ્રંથિઓ—ટૂંકમાં થોડુંક સારું અને વધારે ખરાબ એવું ભાતું લઈ ૧૭ વરસની ઉંમરે મેં જીવનપંથે પ્રયાણ આદર્યું. જ્ઞાનભૂખ હતી. એ સંતોષવા સાહિત્યનો સહારો લીધો. ત્યાર બાદ સ્થળો ને વ્યક્તિઓનો સહારો પણ મળ્યો. સાહિત્યમાં તુરતનું શરૂ થએલું 'કુમાર' મળ્યું. ઉપરાંત એ વખતની ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (આજની વિદ્યાસભા), ફાર્બસ સભા, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, નવજીવન પ્રકાશન મંદિર આદિનું ગુજરાતી સાહિત્ય મળ્યું. મારી જ્ઞાનભૂખ ઠીક અંશે સંતોષાઈ. પણ 'કુમારે' તો જ્ઞાનભૂખ સંતોષવા ઉપરાંત તંદુરસ્તી, ખડતલપણું, ખેલદિલી ને નિર્ભીકતા આપ્યાં; એટલે ઋણ તો ઘણી સંસ્થાઓનું ચડયું, પણ તેમાં 'કુમાર'નું સવિશેષ.

આજ ૬૨ વરસની ઉંમરે ખૂબ તંદુરસ્ત અને ચપળ શરીરે વરસમાં ૨૫૦-૩૦૦ દિવસ પ્રવાસમાં જ ગાળું છું. નથી મોંઘારતની અસરે મૂંઝવ્યો, નથી વિપયકના વિપે વિપાદ આપ્યો. કરકસરથી, સંપૂર્ણ સ્વાશ્રયી જીવન જીવવાની કલા સાધ્ય થઈ ગઈ છે, એટલે જરૂરીઆતો ખૂબ ઓછી છે. કપડાં ધોવાં, બૂટ-પૉલિશ, હજામત આદિ પરચૂરણ કામમાં બીજાને મુકાબલે મને આંશિક ખર્ચ આવે છે. એવું જ કપડાં ને અન્ય જરૂરી ચીજો બાબતમાં.

મધ્યમ વર્ગમાં સુઘડ કહી શકાય તેવાં કપડાં, બૂટ અને બૅગ-પાકીટ આદિ અસબાબ હું વાપરું છું. તેને ખૂબ સાચવું છું ને સારી સ્થિતિમાં રાખી શકું છું એ બધું 'કુમાર'ની પ્રેરણાના બળે થએલા જીવનઘડતરને આભારી છે.

'કુમાર'માંથી પ્રેરણા મેળવી જે જે વ્યક્તિઓ આગળ વધી છે તેમાં મારું સ્થાન મધ્યમાં છે. 'કુમાર'પ્રેમી ભાઈઓ પોતાનાં અનુભવો મારી માફક રજૂ કરે અને ઉપયોગી હોય તે છપાય તેવી સંચાલકોને વિનંતી છે.

પરદેશી બાવળ અંગેના, એક પડદામાં પ્રકટ થએલા મારા લખાણમાં આ બાવળ જલદી સડતો નથી એમ લખાયું છે પણ એ સડી જાય છે માટે ખેતીનાં ઓજારો બનાવવામાં વાપરી શકાય નહિ.

(રાજકોટ) —ભુરુભા જાડેજા

'સાહિત્યસંપર્ક'માં દર મહિને પુસ્તકોની જે નોંધ આવે છે તેવી બીજા કોઈ માસિકમાં આવતી નથી. નવાં પ્રકાશનોની યાદીમાં તે ખૂબ ઉપયોગી થઈ પડે છે. પણ તેમાં કોઈ સ્થળે પ્રાપ્તિસ્થાન જણાવેલું હોતું નથી. જેમાં ભરપૂર કમિશન ન મળે તેવાં પુસ્તકો આપણા પ્રકાશકો હાથ ઝાલતા નથી તે તો તમે જાણો છો; એટલે ગ્રંથવિક્રેતા પાસેથી ન મળતું પુસ્તક પ્રકાશક પાસેથી મેળવી શકાય. યોગ્ય લાગે તો ઉપરની સૂચનાનો અમલ કરશો.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર


ડિસેમ્બર અંકની રંગીન પ્લેટમાં થોડીક ક્ષતિઓ (સંસ્કૃત શ્લોકમાં) છે:

છપાયું છે मदियैः	જોઈએ	मदीयैः
,, विगाह्यामनोः	,,	विगाह्यमानो
,, ०ड्गारागैः	,,	०ङ्गारागैः

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

ડિસેમ્બર અંકમાં વ્યક્તિવિશેષમાં જેમનો પરિચય અપાયો છે તે ડૉ. સુમંત મહેતાનાં અનેકવિધ જીવનકાર્યોમાં એક મહત્વનું એ પણ હતું કે તેઓ પાટણની (અગાઉની) શેઠ ઊજમશી પીતામ્બર આયુર્વેદ મહાવિદ્યાલય સંસ્થાની સાથે ગાઢ રીતે સંકળાએલા હતા. દાતાને પ્રેરણા આપવાથી માંડીને નિવૃત્તિવય લગી, લગાતાર બે દાયકા સુધી સંચાલન સમિતિના પ્રમુખ તરીકે સેવા બજાવીને, તેમણે એ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરેલું.

(પોરબંદર) —સુરેન્દ્ર પાઠક



સ્પર્શ અને વેદના (કાયાની કરામત-૧૮) આંખ વડે દર્શનનું, કાન વડે શ્રવણનું, નાકથી ગંધનું અને જીભ દ્વારા સ્વાદનું જ્ઞાન થાય છે તેમ ચામડી વડે સ્પર્શનું જ્ઞાન થાય છે. એટલું જ નહિ આ ઉપરાંત, ઠંડી, ગરમી, દબાણ અને વેદનાનું જ્ઞાન પણ થાય છે. આ માટે ચામડીમાં જ જે તે સંવેદનાઓ માટે જુદાજુદા **ગ્રાહકો** (receptor organs) છે. **સ્પર્શકણો** (touch-corpuscles) અને **સ્પર્શ ગોલકો** (end-bulbs) એમ એના બે પ્રકાર છે. શરીરમાં જુદાજુદા સ્થાને એમની સંખ્યા વધુ ઓછી હોય છે. **સ્પર્શગ્રાહી કણો** ચામડીમાં બાહ્યત્વચાના પડની તુરત નીચે ફેલાએલા છે. આંગળીના ટેરવે, હોઠમાં, જીભમાં એની સંખ્યા ઘણી વધારે છે એટલે ત્યાં ત્યાં સ્પર્શનાં બે બિંદુ વચ્ચેના એક મિલિમીટર જેટલા અંતરનો તફાવત પણ સમજી શકાય છે, તો પીઠ પર એની સંખ્યા ઓછી હોઈ લગભગ ૬૦-૬૭ મિ. મી.ના અંતરે બે સ્પર્શ બિંદુઓ પારખી શકાય છે. મહાવરાથી સ્પર્શકણોની શક્તિ વધારીને અંધજનો આંગળીના ટેરવા વડે બ્રેઈલ લિપિનાં નવનવ ટપકાંને અલગ અલગ ઓળખી શકે છે. **શીતગ્રાહક** લગભગ ગોળાકારના છે. હોઠ અને જીભ પર એ મોટી સંખ્યામાં છે. **ઉષ્ણતાગ્રાહકો** છાતી, નાક, હાથનાં આંગળાંના ભાગમાં અને કમર પર વધુ સંખ્યામાં છે, પણ શીતગ્રાહકો કરતાં આની સંખ્યા ચાર ગણી ઓછી છે. મહાવરાથી એ ગરમીથી ટેવાઈ શકે છે. શીતગ્રાહકો પણ ઠંડીથી ટેવાઈ શકે છે. ચામડી પર થતા દબાણનું જ્ઞાન 'પેસીનિયન' કણો આપે છે. કદમાં એ મોટા છે પણ સૂક્ષ્મસ્પર્શ માટે એવા નાના કણો પણ હોય છે. શરીરના રક્ષણાર્થે વેદનાના જ્ઞાનની ઘણી અગત્ય છે. અને એટલે એનું જ્ઞાન આપતા ગ્રાહકો સમગ્ર શરીરમાં વધુ વિસ્તૃતપણે તથા વધુ વ્યવસ્થિત રીતે ફેલાએલા છે. જ્ઞાનતંતુઓના ખુલ્લા છેડા વડે જ એનું જ્ઞાન થાય છે. અમુક દવાઓ વડે તેનામાં બધિરતા લાવીને આપણે અનિચ્છનીય વેદનાથી અલિપ્ત રહી શકીએ છીએ.


સ્પર્શગ્રાહી કણ


શીતગ્રાહી સ્પર્શગોલક


ઉષ્ણતા-ગ્રાહક


દબાણ ગ્રાહી 'પેસીનિયન' કણ

તંત્રી બ. રાવત · જાન્યુઆરી ઈ. ૧૯૯૯

ઉદ્વેગ / મનહર તળપદા

આ કેટલી વહી ગઈ સૂનકાર સાંજો
તારા વિના, ઉર ભર્યુંભર્યું લાગતું જે
ત્યાં રિક્તરિક્ત, તુજની અવ આકૃતિની
છાયા ય ક્યાંક રણમાં ઊડી ગૈ અકેલી.

થાળા પરે કૂપ તણા રવ ઘોકણાંના,
ભાગોળમાં ચમકતી ઘટૂલાની હેલ.
ને પાદરે રૂપકડાં પગલાં પડેલાં
સૌ છિન્નભિન્ન બની ઓગળી જાય આઘે.

હા, કાલ એ અહીં હતાં; પણ રાતમાંહી
ઢોલીતણા ધબકતા સૂરમાં ધબાઈ
માફા મહીં રૂપ હરાઈ ગયું અમારું;
પાનેતરે ઊભી કરી કપરી જુદાઈ;
એ પારકાં બની ગયાં, જુગજૂની પ્રીતો
હૈયે ભરી ઢબૂરવી અવ શો અમારે?

અમરતનાં આચમન / સુશીલા ઝવેરી

સૂકા રે સરવરને ઝાઝી સાગરની પ્યાસ મનવા,
અમરતનાં આચમન રે દોહ્યલાં.

તરશું ઝાઝી ને પાતર હૈયાનું છીછરું;
ઢળવાની ધાકે એને અદકું ઊણું ભરુ;
વણતોપી આરત મૂકે મૂગા નિઃશ્વાસ મનવા—
અમરતનાં આચમન રે દોહ્યલાં.

માંહે ઝૂરે માંહ્યલો ને કંઠે ઝાઝો રે શોષ;
લખ નદિયું નીરથી શે સહરા પામે સંતોષ?
મિથ્યા મરગલો ધરતો મૃગજળથી આશ મનવા—
અમરતનાં આચમન રે દોહ્યલાં.

વલખંતી વૈખરીને લોચનિયાં ઢળે અબોલ
અવર ત્રિવેણી કેરો સાધક પામે શો કોલ?
તડપંતી આશા લઈ રહી આખરી શ્વાસ મનવા—
અમરતનાં આચમન રે દોહ્યલાં.

રસ્તો / રતિલાલ અનિલ

• ગઝલ •

શહેરોમાં રહે છે, જંગલોમાં જાય છે રસ્તો;
કહીં સંસાર માંડે, ક્યાંક સાધુ થાય છે રસ્તો!

અહીંથી સાવ સીધો ને સીધો આ જાય છે, તો પણ
તમારા ધામ પાસે કેટલો વંકાય છે રસ્તો!

નથી પડતાં કદમ એ તમ મિલન માટે નથી પડતાં;
વિના વાંકે બિચારો વિશ્વમાં નિંદાય છે રસ્તો!

પ્રણયના પંથ પર ક્યારેક લ્હેરાતો હતો પાલવ,
નજર સામે હવે મૃગજળ રૂપે લ્હેરાય છે રસ્તો!

નહીંતર, ખીણમાં એ સોંસરો આવી નહિ પડતે,
મુસાફરને શું દેવો દોષ? ઠોકર ખાય છે રસ્તો!

હું ઈશ્વરની કને તો ક્યારનો પ્હોંચી ગયો હોતે,
કરું શું? મારાં ચરણોમાં બહુ અટવાય છે રસ્તો!

મુસાફર નહિ, નદીમાં એ ન ડૂબી જાય તે માટે
બને છે પુલ,—સામે પાર પ્હોંચી જાય છે રસ્તો!

નથી જોતા મુસાફર એકબીજાને નથી જોતા,
નજરને શું થયું છે કે ફક્ત દેખાય છે રસ્તો?

ન જાણે શી શરમ કે બીક લાગે ચાલનારાની,
કદી સંતાય છે રસ્તો, કદી ગુમ થાય છે રસ્તો!

વિહંગો શી રીતે સમજી શકે આ મારી મુશ્કેલી?
ચરણ આગળ વધે છે ત્યાં જ અટકી જાય છે રસ્તો!

અનિલ, મારા જીવનની પણ કદાચિત એ હકીકત છે:
રહી પણ જાય છે પાછળ, ને આગળ જાય છે રસ્તો!

નથી એક માનવી પાસે હજી માનવ બીજો પહોંચ્યો,
અનિલ, મેં સાંભળ્યું છે, ક્યારનો બંધાય છે રસ્તો!

જીવનદર્શન · ૧૯

સ્વાતંત્ર્યનું મૂલ્ય

ફાધર વાલેસ

ઈશ્વરની સામે માણસની ફરિયાદ છે કે મને દુઃખ કેમ આપ્યું? અને એ ફરિયાદ એવી ઉગ્ર પણ બની જાય છે કે માણસને ઈશ્વરનો ઈન્કાર કરતો બનાવે છે: ઈશ્વર હોત તો મને આટલું દુઃખ આપત? ઈશ્વર જો મારું આ દુઃખ ન જુએ, કે જોઈને તે દૂર કરવા ન ઇચ્છે, કે ઇચ્છીને એ દૂર કરી ન શકે તો એ ઈશ્વર શેનો? અને વખતે માણસ નાસ્તિક પણ બની જાય. એ નાસ્તિકતાનું કારણ કોઈ તર્કશુદ્ધ દલીલ નહિ, પણ દિલની વેદના હોય છે. દુઃખની વાત છે કે જ્યારે એને આશરાની વિશેષ જરૂર હોય છે ત્યારે એ તેનો મૂળ આશરો ખોઈ બેસે છે.

એક તમિળ નવલકથામાં એ વાત આવે છે. લેખકને એ જ પ્રશ્ન સતાવતો હતો એટલે એ કથાવસ્તુ લઈને એણે વાર્તા ચલાવી. એમાં અનેક પાત્ર છે, અંદરોઅંદર લડે છે, સુખી ને દુઃખી થાય છે, ને એક દિવસ લેખકને જ સ્વપ્નું આવે છે. સ્વપ્નામાં પોતે સર્જેલાં પાત્રો એની આગળ ખડાં થાય છે ને જાણે હુમલો કરીને ફરિયાદ કરવા માંડે છે કે, તમે અમને કેવાં સર્જ્યાં! અમારા વાંક વિના નીચાં બનાવ્યાં, લડાવ્યાં, દુઃખી કર્યાં. આ તો અન્યાય છે, જુલમ છે. શું અમને બધાને સુખી ને સફળ ને પ્રતિષ્ઠિત બનાવી ન શક્યા હોત? તો લેખક કેવા, ને સર્જક કેવા! એના કરતાં કલમ હેઠી મૂકી દો તો સારું…

પછી લેખક પોતાનો બચાવ કરે છે: હું તમને બધાંને સરખાં સુખી ને સફળ બનાવું તો મારી વાર્તા જામે શી રીતે? વાર્તામાં નાયક જોઈએ ને બદમાશ જોઈએ, સાહસવીર જોઈએ ને દ્રોહી જોઈએ, રાજા જોઈએ ને વિદૂષક જોઈએ. કથામાં દુઃખ વિના કરુણતા નહિ, અને કરુણતા વિના રસ નહિ. જીવનમાં પણ એવું જ છે ને? તમે કહો કે ત્યારે મારે કલમ નીચી મૂકી દેવી? કબૂલ. તે આ મૂકી. પણ હવે તમને ખયાલ છે કે હું લખવાનું બંધ કરું તો તમારું અસ્તિત્વ જ મટી જાય? તમારા વિશે ખબર નથી પણ માણસો તો કહે છે કે દુઃખ ભારે પણ જિંદગી વહાલી. હવે તમે જ નક્કી કરો. દુઃખના જોખમ સાથે વાર્તામાં આવવું હોય તો પધારો; નહિ તો જાઓ પાછા શૂન્યમાં.—આ સાંભળીને પાત્રો ચૂપચાપ

અને પછી ભક્તિભાવપૂર્વક કાલિબાબુએ એ પાઠ કરેલો.

સંગીતનો શૉખ પણ પહેલેથી જ. પિતાને સરકારી નોકરી અને પોતે એકમેવ પુત્ર એટલે ઉછેર ને લાલનપાલનમાં માબાપે બધી સગવડો કરી આપેલી. 'આપણે તો નક્કી જ કરી રાખેલું કે કવિતાઓ લખીશું, નાટકો રચીશું-ભજવીશું, સંગીત શીખીશું, ગાઈ બજાવીશું અને ઓરિયા ભૂમિનું ગુણગૌરવ કરીશું!' કહેતાં કહેતાં તેઓ ગદ્ગદ થઈ ગયા. એમના જન્મ પહેલાં એમના એક ભાઈનું બાલવયમાં જ અવસાન થયેલું. પિતાને ભારે આઘાત લાગેલો. પછી આઠેક વરસે કાલિબાબુનો જન્મ થયો. પણ જન્માંધ અને ખોપરીમાં તડ! (જે હજી જોઈ શકાય છે.) પિતાએ અનુષ્ઠાનો કર્યાં અને સ્વપ્નમાં દેવીએ 'પાષાણભેદી વનસ્પતિ'નો ઉપાય સૂચવ્યો. જે ગણો તે—ઈલમતો ઈલમ! થોડા સમયમાં જ આંખો પાગ્યા ને ઘા રુઝાયો. પિતાએ કાલિચરણ નામ પાડ્યું

સરકારી નોકરી તેથી પિતાની બદલી થાય. ખુર્દામાં શાલેય અભ્યાસ પૂરો કર્યો. બાંકી ગામેથી પછી કટક આવ્યા. ખુર્દામાં જ ૧૯૧૫માં સદ્ગત વાસુદેવ મહાપાત્ર પાસે હિન્દુસ્તાની સંગીત શીખવા માંડેલું. કટકમાં આવી રેવરૉના કૉલેજમાં અભ્યાસ માટે જોડાયા અને સાથે શ્રી માધવરાવ પાસે સંગીતમાં આગળ અભ્યાસ વધાર્યો તે ઉપરડહી વિભાગમાં ગયા. તીર્થસ્થળ ગયામાં જવાનું થતાં ત્યાં યે ચાલુ રાખ્યો. શ્રી રાયબહાદુર પદ્મનાથ મિશ્ર પાસે વાયોલિન પણ શીખતા. આ દરમિયાન જ કૉલેજની ઉચ્ચી પરીક્ષા વખતે સ્વ. રાયબહાદુર ગોપાલચન્દ્ર મહરાજે આવીને કરુણ સમાચાર આપ્યા કે કાલિબાબુના પિતાનું અવસાન થયું છે! પરીક્ષા કોરાણે રહી ને તરતોતરત ઘેર થઈ સ્મશાને જઈ પિતાને મુખાગ્નિ મૂક્યો. શ્રી ગોપાલચન્દ્ર પ્રહરાજ ઓરિયા ભાષાના કોશના પ્રથમ કર્તા ને પિતાના સમવયી પરમ મિત્ર. ત્યારથી એમણે જ કાલિબાબુના વાલી તરીકેનો ભાર ઉપાડેલો.

કૉલેજમાં તેમના સહપાઠીઓમાં ડૉ. હરેકૃષ્ણ મહેતાબ, ગુજરાત રાજ્યના માજી ગવર્નર શ્રી નિત્યાનંદ કાનુન્ગો, શ્રી પી. કે. દાસ, ઓરિસ્સાના સંસ્કૃત વિભાગના વડા ડૉ. કરુણાકર કર, શ્રી રામચન્દ્ર મહાપાત્ર આદિ હતા. એ સૌએ ઓરિસ્સાના સાંસ્કૃતિક વિકાસમાં મહત્ત્વની સેવાઓ અર્પી છે અને કાલિબાબુ હજી ય એટલી જ—બલ્કે તેથી ય વધુ ઘનિષ્ઠ મૈત્રી નિભાવી રહ્યા છે.

અભ્યાસ પૂરો કરી કાલિબાબુ ઊપડ્યા કલકત્તા અને ૧૯૨૧-૨૨માં વિખ્યાત 'કોરીન્થીઅન થીએટર'માં જોડાઈ 'નાચ' શીખ્યા. માસ્ટર મદનની ત્યારે ભારે બોલબાલા. એમણે અભિનયનો કક્કો ઘૂંટાવ્યો. કાલિબાબુ એવી સરસ અદા કરતા કે બધા વારી જઈ તેમને 'છોટા એલાયચી' નામે જ બોલાવતા. તે પછી કટક આવીને 'જર્નાલિસ્ટ' બન્યા અને સર્વપ્રથમ સામયિક 'ઉત્કલ દીપિકા'માં જોડાયા. વરસેક લગી એ ક્ષેત્રમાં ઝુકાવ્યું, તે એટલી હદે કે પોતે જ પ્રિન્ટર પબ્લિશર ને ઘણી વાર તો એડિટર! પણ પછી એ પડતું મેલી થોડા જુવાન છોકરાઓ એકઠા કરી પોતાની 'રાસપાર્ટી' સ્થાપી ને ઊપડ્યા સીધા મયૂરભંજ. ત્યાંના રાજા કલાશ્રય માટે જાણીતા. ત્યારે ઉત્તરાધિકારી હતા શ્રી પ્રતાપચંદ્ર ભંજદેવ જે પછીથી મહારાજા થયા. ત્યાં બધી 'પાર્ટીઓ' સામસામી ચડસાચડસી કરે તો જ ગુણવત્તા જળવાઈ રહે તેવા હેતુથી મહારાજાની એક પાર્ટી અને મહારાણીની બીજી પાર્ટી-એમ બે મંડળીઓને આશ્રય મળતો. મહારાજાવાળી મંડળી તે 'દક્ષિણસાહી' કહેવાતી અને મહારાણીવાળી મંડળી 'ઉત્તરસાહી'. આજે ય એ પરંપરા ચાલુ છે અને મયૂરભંજનાં છઉનૃત્યોની આ બાજુ ઘણી બોલબાલા છે. પોતાની રાસપાર્ટીમાં કાલિબાબુનું એકચક્રી શાસન. ગીતો પોતે લખે, સંગીતની બંદિશો પણ પોતાની અને નૃત્ય પણ પોતે ખુદ શીખવે.

§ ('કુમાર' અંક ૫૪૧)

આ દરમિયાન ઓરિયા સાહિત્યમાં યે ડંકો વગડ્યો હતો. ૧૯૧૭માં, સોળ પૃષ્ઠોની સંખ્યામાં 'કળાહાંડિયા મેઘ' નામે સર્વપ્રથમ કાવ્યસંગ્રહ (વર્ષા કાવ્ય) પ્રગટ કરેલો. પછી લખ્યું 'પ્રુવ નાટક', અને ત્યાર બાદ 'બરનડાલા' (અર્ઘ્ય) નામે ગીતોનો સંગ્રહ. આમ, ઓરિયા સાહિત્યમાં નવોદિત પ્રતિભાશાળી કવિચન્દ્રનો ઉદય થઈ ચૂક્યો

સાથોસાથ ઓરિયા રંગભૂમિનો ઇતિહાસ પણ તેઓ જ સક્રિયપણે ઘડવા લાગ્યા. ખુર્દામાં હતા ત્યારથી જ એનાં મૂળ નખાએલાં. શાળા દરમિયાન 'રેગ્યુલર'—રીતસરની 'ખુર્દા કલબ' શરૂ કરેલી અને પિતાને જ નાટકમાં મુખ્ય નટ તરીકે કાલિબાબુએ ઉતારેલા! પછી તો ૧૯૧૭માં ઉષા થીએટર્સમાં સાવિત્રીની ભૂમિકામાં નામ કાઢ્યું અને 'બાસંતી' વગેરે ધડાધડ રી રંગમંચ પર ધૂમ મચાવવા માંડી. આ કહેતાં કહેતાં 'ઓડિસા રંગમંચ' નામે તેમના પુસ્તકનાં પ્રુફ્સ બતાવી કહે: 'આ પુસ્તક પૂરું કરીશ એટલે ઓરિસ્સાની સમગ્ર નાટ્યપ્રવૃત્તિનો અત્યાર લગીનો કડીબંધ ઇતિહાસ આમાં આવી જશે.' તેમના સમકાલીનોના ફોટો બતાવતાં કહે: 'આ શારદાપ્રસાદ દળબહેરા–એ સત્યવાન થએલા. આ જગમોહનલાલ—ઓરિસ્સાના મારી જાણમાંના પહેલા ડ્રામેટિસ્ટ. તેમના અપ્રગટ 'બાબાજી' નાટકનું સંપાદન કરી પ્રકાશિત કરવાનું મેં માથે લીધું છે ને આ સુંદરબાઈ-હવે તો ઘણી ઘરડી થઈ; પણ અહો, શું કામ કરતી! હાસ્તો વળી! 'બાઈજી' પૂરા અર્થમાં. તે દહાડે કંઈ તમારી ભદ્ર સ્ત્રીઓ સ્ટેજ પર થોડી ઊતરતી હતી?'

આજે ત્રીસ વરસ પછી એ સ્થિતિમાં ફેર પડ્યો છે, તો ય નાટકચેટકમાં કામ કરનાર તરફ સમાજ હજી શંકાથી જુએ. ઉત્કલ રંગભૂમિના ઉન્નાયક તરીકે કાલિબાબુની સેવાઓની કદર ઉત્કલ સમાજે તેમને નાટ્યાચાર્યની પદવી આપી કરી છે. રાસપાર્ટીથી શરૂઆત કરી અને 'ઓરિસ્સા થીએટર્સ' સ્થાપ્યું તે પછીના દાયકા લગી તેમણે ઉત્કલ જનસમાજનાં હૃદય પર એકધારું શાસન કર્યું. કાલિબાબુના પૂર્વકાલીનોમાં ઓરિયા સાહિત્યના વિખ્યાત શ્રી અશ્વિનીકુમાર ઘોષ અને ગોબિન્દચન્દ્ર સૂરદેવ. ગોબિન્દચંદ્રે અને કાલિબાબુએ રાસપાર્ટીઓ સાથે શરૂ કરેલી પણ ગોબિન્દચન્દ્રની રાસપાર્ટી પડી ભાંગી. પુરીના મોહન સુંદરદેવ ગૌસ્વામી બીજા સમકાલીન. પણ તેમની રાસપાર્ટી એટલે ભક્તિરસની ગંગા. એ દ્વારા ઉત્કલ પ્રજાની જીવન-વીણાની અસલ મર્મતંત્રીને તેમણે છેડી. દસદસ વર્ષ લગી પ્રજાને સમુજ્જ્વલ સૌરભથી મુગ્ધ કરી એ અંતર્ધાન થઈ ગયા.

પરંતુ કાલિબાબુ રાધાકૃષ્ણની જ ગાથા ગાતા. છતાં ઓરિયા ભાષામાં જીવન ક્યાં અંતર્હિત છે એ પોતે અચૂક જાણી ગએલા. તેમનાં ગદ્ય અને પદ્યની નિર્મલ સુખશ્રાવ્ય રચના અને તેમની ગાથાઓનાં કર્ણરંજિત સ્વરવિન્યાસ ભાવકોને ભાવવિભોર કરી મૂકતાં. મોહનસુંદરદેવથી આ બાબતમાં તે નોખા પડ્યા. કાલિબાબુનાં ગીતો ક્યારેય એકવિધ રહ્યાં નહોતાં. મોહનસુંદરદેવે કીર્તન ઢંગને અપનાવેલો તેથી એકવિધતા પ્રવર્તતી કાલિબાબુએ વિવિધ હિન્દુસ્તાનની રાગદારીમાં ઓરિયા ભાષા પર નિર્ભર ગીતો રચેલાં. પોતે સંગીતજ્ઞ એટલે સ્વરવૈવિધ્યના જાણકાર. વળી સંવાદો પણ ઉમેર્યા. ડઝનેક રચનાઓ લખી; 'સેમી ઑપરેટિક'—સામાજિક સુધારાને આડકતરી રીતે વણી લેનારી કૃતિઓ રચી. 'બનબિહાર', 'કૌતુકચિંતામણી', 'ગીત ગોવિંદ', 'માનિની', 'પ્રીતિ સુધાકર', 'વિદ્યાબલિ', 'કળંકભંજન', 'આખિર દેખા', 'બાંસુરી બિલાસ' વગેરેની બોલબાલાનો એ યુગ હતો.

આ પ્રવૃત્તિ દરમિયાન પુરીમાં પોતે 'સંગીતપ્રભા પ્રેસ' નામે છાપખાનું શરૂ કરેલું. રાજાની નોકરી કરતાં તે છોડી દીધી અને વ્યાવસાયિક

રંગભૂમિ શરૂ કરી. ઓરિસ્સાના સંમાન્ય કવિ કવિસૂર્ય બલદેવરથના 'કિશોર ચન્દ્રાનન્દ ચમ્પૂ'ને નાટ્યસ્વરૂપ આપી ઓરિસ્સાની જનતાને ઘેલી કરી. ઓરિસ્સી નૃત્યને પહેલ પ્રથમ 'સ્ટેજ' પર લઈ આવ્યા. ખુદ હાર્મોનિયમ બજાવે. પાર્ટીનું નામ રાખેલું: 'રાધારમણ રાસોત્સવ'. ત્યારે સાક્ષીગોપાલ મંદિરના ટ્રસ્ટીબૉર્ડે આર્થિક સહાય કરેલી. કાર્તિક માસમાં તો સાત દિન રાસ ચાલે. બિહારમાં ય પ્રવાસ કરતા. સિંઘભૂમ વગેરેમાં તો ઘણી લોકપ્રિયતા મેળવેલી.

૧૯૨૭માં કાલિબાબુએ જગન્નાથજીના મંદિરમાં ભીતરમાં ચામરસેવા કરવાની અને બીન બજાવવાની અરજી કરેલી જે માન્ય થતાં એ સેવા કરવાનું બહુમાન તેમને મળેલું.

ઈ. ૧૯૨૬માં શરૂ કરેલી રાસપાર્ટી ૧૯૩૯-'૪૦ લગી ચાલી. પછીનો તબક્કો ઓડિયા રંગમંચ માટે અત્યંત મહત્ત્વનો છે. ૧૯૪૦માં 'ઓરિસ્સા થીએટર્સ' તેમણે સ્થાપ્યું અને રંગમંચ પર સામાજિક નાટકો ઉતાર્યાં. ત્યાં લગી સામાજિક પ્રશ્નો સંબંધી નાટકો લખાતાં કે રચાતાં નહોતાં. કાલિબાબુએ 'સ્ત્રી-ઉદ્ધાર' પ્રશ્નને પણ છેડ્યો. બાલવિવાહ નિંદ્ય ગણી તે પ્રશ્નને 'પ્રતિશોધ' નાટકમાં વણી લીધો. ઓરિસ્સાના મુખ્ય પ્રધાન બલાંગીરના રાજેન્દ્રનારાયણસીંગદેવ એમાં મુખ્ય મહેમાન હતા. શારદાપ્રસાદ દળબેહરા, નીમાઈચરણસીંગ વગેરેએ ભૂમિકાઓ ભજવેલી. બે વરસ એ નાટક ચાલેલું બીજું નાટક તે 'ગર્લ્સ સ્કૂલ', ને ત્યારથી રંગમંચ પર સ્ત્રીઓએ ભૂમિકા ભજવવી શરૂ કરી. ઓડિયા રંગભૂમિએ ત્યાંથી વળાંક લીધો. તેમાં ય ભદ્રસમાજનાં સુમતિદેવી 'સ્ટેજ' પર આવતાં લોકો એ 'ધૃષ્ટતા'થી ચોંકી ઊઠેલા! પણ સુમતિદેવી ડગ્યાં નહિ. તેઓએ ઑલ ઇંડિયા રેડિયોના કટક સ્ટેશનમાં ગાયિકા તરીકે સેવા આપી છે. કાલિબાબુની રાસમંડળીઓમાંના દુર્લભસીંગ, દીનબંધુ દાસ વગેરેએ આ નાટકોમાં પણ કામ કરવું ચાલુ રાખેલું. સુમતિદેવીને પગલે કાંઈ તરતોતરત અન્ય શિક્ષિતકન્યાઓ રંગમંચ પર નહિ ઊતરેલી, એટલે 'બાઈજીઓ'ને વીનવીને કાલિબાબુ લઈ આવ્યા. એમાંથી લક્ષ્મી, મેના વગેરેની ભૂમિકા લોકો હજી ભૂલ્યા નથી.

આમ ૧૯૪૦માં શરૂ કરેલી પ્રવૃત્તિ ફૂલીફાલી અને વર્તમાન ઓરિસ્સાની ધંધાદારી રંગભૂમિનો ઉત્તરોત્તર વિકાસ થતો ગયો. કાલિબાબુની લોકપ્રિયતાનો આ દાયકો ઓરિસ્સાના લોકો કૃતજ્ઞભાવે સંભારે છે. 'ગર્લ્સ સ્કૂલ' સતત એકસો ને વીસ 'નઈટ' ચાલ્યું ને ખૂબ જ લોકપ્રિય થયું. બહુ ઓછા લોકોને ખયાલ હશે કે આજે ભારતભરમાં કેવળ ઓરિસ્સામાં જ સોમવાર બાદ કરતાં રોજેરોજ નાટકો ભજવાય છે. એ સ્થિતિ સર્જવામાં કાલિબાબુની સેવાઓ ઓરિસ્સા કદી નહિ ભૂલે. એમને ઓછું કષ્ટ નથી વેઠવું પડ્યું પૈસાની હાડમારી પણ ભોગવવી પડતી. તે દહાડાઓમાં વળી પગાર કેવા? પોતે કેવળ રોજના રૂપિયા સાડાત્રણ લે અને તેમાં બધાંને પાજે-પોષે! કોઈને ચાર આના આપે તો કોઈને આઠ આના. રિહર્સલો ય ઘરઆંગણે હાલ જ્યાં રહે છે ત્યાં—જગન્નાથ વલ્લભમાં જ કરતા. કળાકારોનો સહકાર કાંઈ સદા ય મળતો નહિ. પોતે 'જગન્નાથ' નાટક લખ્યું અને કઈ વાંકું પડતાં પ્રમુખ કલાકાર રિસાઈને ચાલ્યો ગયો. પણ એમ કાંઈ કાલિબાબુ ડગે નહિ સુમતિ, લક્ષ્મી અને બીજી કલાકાર બહેનોને 'મેઈલ' રોલમાં પુરુષપાઠ ભજવવા વીનવી 'શો મસ્ટ ગો ઑન'ની ટેક એમણે જાળવી રાખેલી. કટક શહેરના લબ્ધ પ્રતિષ્ઠ નાગરિકોની એક સલાહકાર સમિતિ રાખેલી. તેમને અઠવાડિયા પહેલાં નાટક બતાવે. હા પાડે તો જ સ્ટેજ પર જાય, નહિ તો નહિ. ગામડે ગામડે કાલિબાબુ રખડે અને નાટકમાં ભાગ લે તેવા કલાકારોને શોધે. હરિ રાઉત ત્યારે પખવાજ વગાડે, માયાધર રાઉત ઘરઆંગણું સાફ કરે. ઓરિસ્સી નૃત્યના એકાદમી ઍવૉર્ડ પામેલા ગુરુ કેલુચરણ મહાપાત્ર પણ મંડળીમાં કામ કરે બધા જગન્નાથ વલ્લભના ચોકમાંની ઝૂંપડીઓમાં રહે. 'બાઈજીઓ'ને રીહર્સલ પછી ઘેર મૂકી આવવાની. ઘોડાગાડી રાખેલી તેમાં લઈ જાય અને મૂકી આવે. સારા દિવસો આવ્યા ત્યારે મોટર પણ રાખેલી. નામ મોટું કટક, પણ મૂળે તો એ ગામડું જ. વાંકદેખા લોકો ય કાંઈ શોધવા જવા પડે તેમ નહોતું.

૧૯૪૩માં બંગાળના ભૂખમરાએ કેર વર્તાવેલો. કટક માંડ તેમાંથી બચેલું, પણ ઠીક જ નહિ. કાલિબાબુએ ૧૯૪૫માં 'ભાત' નાટક લખ્યું અને તે સતત ચાર મહિના ચાલ્યું. એના હૃદયવિદારક પ્રસંગો, સંવાદો અને સંકલનાએ જોનારને ક્ષુબ્ધ કરી મૂકેલા. એ યુગવર્તી નાટકે કાલિબાબુને ઓડિયા રંગભૂમિમાં ચિરકાળ સ્થાન અપાવ્યું છે. 'બહુરૂપી'એ તે અરસામાં બંગાળમાં 'નવાન્ન' ભજવેલું કાલિબાબુનાં બીજાં નાટકોમાં 'અભિયાન', 'પુરુષોત્તમદેવ' અને 'પદ્માવતી' પૌરાણિક વાર્તાઓ પર આધારિત છે. પણ નાટકના શિર્ષક અનુસાર 'આગે બઢો'માં શાબ્દિક અર્થ ઉપરાંત દેશવાસીઓ જીવનનાં બધાં ક્ષેત્રોમાં પૂર્વજોની મિસાલ ઉન્નતિશીલ બને તે ભાવના તેમણે વણી લીધી છે. ચરિત્રનાટકોમાં ગીતગોવિન્દકાર જયદેવ, ઓડિયા ભાગવતના રચયિતા જગન્નાથ દાસ અનિ ઓડિયા મહાભારતના વિખ્યાત કવિ સારલા દાસનાં ચરિત્રો નાટક દ્વારા પેશ કર્યા. આ નાટકો એ તો એમની કીર્તિમાં 'ચાર ચાંદ લગાડયા' અને ઓરિસ્સાના રાજા ગજપતિએ એમને 'કવિચંદ્ર'ની પદવીથી ભૂષિત કર્યા. આ પછી સિત્તેર વર્ષની જૂની સંસ્થા 'ઉત્કલ સાહિત્ય સમાજે' તેમને 'નાટ્યાચાર્ય' બિરુદથી નવાજીને ખુદ પોતાનું જ બહુમાન કર્યું!

'રક્તમાટી', 'ફૂટાબૂંઈ', 'બેકાર' વગેરે તેમનાં સર્વશ્રેષ્ઠ સમસ્યાનાટકો છે. વીજળીની વ્યવસ્થાને લીધે તેમણે 'ટૅકનિક'માં પણ આમૂલ ફેરફાર કર્યો. દશ્યો બદલતાં પહેલાં પડદો પડતો અને ઘણી વાર લાગતી તે તેમણે 'કવર' અને 'ડિસ્કવર' પદ્ધતિથી ટાળ્યું અને બે અંકો વચ્ચે કે બે દશ્યો વચ્ચેનો વિલંબ ઘટાડયો. 'સ્વગત' અને 'જનાન્તિકે'ની જૂની પ્રથાઓ દૂર કરી તેમજ ગ્રામજીવનના નિરૂપણમાં પલ્લી સંગીત અને પલ્લી નૃત્યનો સમાવેશ કર્યો.

તેમના સહયોગી અને કલાકારોમાંના દુર્લભ સીંઘ, દીનબંધુ દાસ વગેરે પાછળથી ૧૯૪૫માં શરૂ થએલા 'અન્નપૂર્ણા થીએટર્સ'માં જોડાયા. આ 'અન્નપૂર્ણા થીએટર્સ' તે જ હાલની વ્યાવસાયિક નાટ્યમંડળી. તેના બે ભાગ. ગ્રૂપ 'એ' પ્રવાસી અને ગ્રૂપ 'બી' કટકમાં સ્થાયી. દુર્લભસીંઘ 'એ'માં જોડાયા. 'પ્રોફેશનલ આર્ટિસ્ટ એસોસીએશને જનતા રંગમંચ'ની સ્થાપના કરી. આમ કટકમાં આજે બે રંગમંચ વર્ષભર (સોમવાર સિવાય) પ્રત્યેક સાંજે રોજ નાટકો ભજવે છે. એટલે બંગાળ બાદ કરતાં માત્ર ઓરિસ્સા જ એવું અદ્વિતીય રાજ્ય છે જ્યાં બબ્બે વ્યાવસાયિક દળો ધંધાદારી સ્તરે રોજ નાટકો રજૂ કરે છે.

આગળ જતાં કાલિબાબુને પગલે બીજાં દળો પણ ઊભાં થયાં. નવોદિતોનો માર્ગ ખુલ્લો થયો. ૧૯૫૦માં 'ઓરિસ્સા થીએટર્સ' બંધ થયું. કાલિબાબુએ વય થતાં સાહિત્યિક રચનાઓ ને સંશોધનાદિમાં ધ્યાન કેન્દ્રિત કર્યું. એમના સંગ્રહમાં અનેક અપ્રકાશિત પોથીઓ છે. પોતે જ્યાં તક મળે ત્યાંથી પોથીઓ એકઠી કરતા. કહેવાય છે કે એમની પાસે અનેક વિરલ સાહિત્ય કૃતિઓ છે. નિરંતર તેઓ એના સંપાદનના કામમાં રત હોય છે. થોડાં વરસો પૂર્વે મોટરઅકસ્માતથી ઘૂંટણમાં ઈજા થતાં તેઓ બહુ હરીફરી શકતા નથી. (અનુ. પૃ. ૧૦)

કુમાર

જાન્યુઆરી ૧૯૬૯ · અંક ૫૪૧

તંત્રી : બચુભાઈ રાવત · ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ જીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.

વાચકો વદે છે

'કુમાર'નો જન્મ-દિવસ

મારા ઘરમાં જન્મ દિવસ ઊજવવાની પ્રથા નથી, એટલે કયારે કોના જન્મ-દિવસ આવે છે તેની કોઈ પરવા કરતું નથી છતાં 'કુમાર'-નો જન્મ-દિવસ (પોષ સુદિ પૂર્ણિમા વિ. સં. ૧૯૮૦–જાન્યુઆરી ઈ. સ. ૧૯૨૪) કયારેય ભુલાયો નથી. એ જ દિવસે કન્યકાઓ પોતાના પોષી પૂનમના વ્રતના ઉત્સાહમાં આનંદ માણે છે, ને એ જોતાં જ 'કુમાર'નો જન્મ-દિવસ યાદ આવી જાય છે અને ખૂબ ભાવપૂર્વક 'કુમાર'ની પ્રગતિ માટે પ્રાર્થના કરું છું.

ઈ. સ. ૧૯૨૪માં ગામડાના જીવનમાંથી શહેરી જીવનમાં હું આવ્યો. ગુજરાતી ૪ ધોરણનો અભ્યાસ, કૃશ અને કંઈક અંશે રોગી શરીર, ઉત્પાતિયો કે ચંચળ સ્વભાવ, રૂઢિના પ્રાબલ્યને વશ થઈ બંધાએલી કેટલીક લઘુ-ગુરુ ગ્રંથિઓ–ટૂંકમાં થોડુંક સારું અને વધારે ખરાબ એવું ભાતું લઈ ૧૭ વરસની ઉમરે મેં જીવનપંથે પ્રયાણ આદર્યું. જ્ઞાનભૂખ હતી. એ સંતોષવા સાહિત્યનો સહારો લીધો. ત્યાર બાદ સ્થળો ને વ્યક્તિઓનો સહારો પણ મળ્યો. સાહિત્યમાં તુરતનું શરૂ થએલું 'કુમાર' મળ્યું. ઉપરાંત એ વખતની ગુજરાત વર્નાક્યુલર સોસાએટી (આજની વિદ્યાસભા), ફાર્બસ સભા, સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, નવજીવન પ્રકાશન મંદિર આદિનું ગુજરાતી સાહિત્ય મળ્યું. મારી જ્ઞાનભૂખ ઠીક અંશે સંતોષાઈ. પણ 'કુમારે' તો જ્ઞાનભૂખ સંતોષવા ઉપરાંત તંદુરસ્તી, ખડતલપણું, ખેલદિલી ને નિર્ભીકતા આપ્યાં; એટલે ઋણ તો ઘણી સંસ્થાઓનું ચડયું, પણ તેમાં 'કુમાર'નું સવિશેષ.

આજ ૬૨ વરસની ઉમરે ખૂબ તંદુરસ્ત અને ચપળ શરીરે વરસમાં ૨૫૦–૩૦૦ દિવસ પ્રવાસમાં જ ગાળું છું. નથી મોંઘારતની અસરે મૂંઝાયો, નથી વિપયકના વિષે વિષાદ આપ્યો. કરકસરથી, સંપૂર્ણ સ્વાશ્રયી જીવન જીવવાની કલા સાધ્ય થઈ ગઈ છે, એટલે જરૂરીઆતો ખૂબ ઓછી છે. કપડાં ધોવાં, બૂટ-પૉલિશ, હજામત આદિ પરચૂરણ કામમાં બીજાને મુકાબલે મને આંશિક ખર્ચ આવે છે. એવું જ કપડાં ને અન્ય જરૂરી ચીજો બાબતમાં.

મધ્યમ વર્ગમાં સુઘડ કહી શકાય તેવાં કપડાં, બૂટ અને બૅગ-પાકીટ આદિ અસબાબ હું વાપરું છું, તેને ખૂબ સાચવું છું ને સારી સ્થિતિમાં રાખી શકું છું એ બધું 'કુમાર'ની પ્રેરણાના બળે થએલા જીવનઘડતરને આભારી છે.

'કુમાર'માંથી પ્રેરણા મેળવી જે જે વ્યક્તિઓ આગળ વધી છે તેમાં મારું સ્થાન મધ્યમાં છે. 'કુમાર'પ્રેમી ભાઈઓ પોતાના અનુભવો મારી માફક રજૂ કરે અને ઉપયોગી હોય તે છપાય તેવી સંચાલકોને વિનંતી છે.

પરદેશી બાવળ અંગેના, એક પત્રમાં પ્રકટ થએલા મારા લખાણમાં આ બાવળ જલદી સડતો નથી એમ લખાયું છે પણ એ સડી જાય છે માટે ખેતીનાં ઓજારો બનાવવામાં વાપરી શકાય નહિ.

(રાજકોટ) —ભુરુભા જાડેજા

'સાહિત્યસંપર્ક'માં દર મહિને પુસ્તકોની જે નોંધ આવે છે તેવી બીજા કોઈ માસિકમાં આવતી નથી. નવાં પ્રકાશનોની યાદીમાં તે ખૂબ ઉપયોગી થઈ પડે છે. પણ તેમાં કોઈ સ્થળે પ્રાપ્તિસ્થાન જણાવેલું હોતું નથી. જેમાં ભરપૂર કમિશન ન મળે તેવાં પુસ્તકો આપણા પ્રકાશકો હાથ ઝાલતા નથી તે તો તમે જાણો છો; એટલે ગ્રંથવિક્રેતા પાસેથી ન મળતું પુસ્તક પ્રકાશક પાસેથી મેળવી શકાય. યોગ્ય લાગે તો ઉપરની સૂચનાનો અમલ કરશો.

(વાંકાનેર) —છોટાલાલ માનસિંગ કામદાર

ડિસેમ્બર અંકની રંગીન પ્લેટમાં થોડીક ક્ષતિઓ (સંસ્કૃત શ્લોકમાં) છે:

છપાયું છે मदियैः જોઈએ मदीयैः
,, विगाह्यामनोः ,, विगाह्यमानो
,, ०ङ्गारागैः ,, ०ङ्गारागैः

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

ડિસેમ્બર અંકમાં વ્યક્તિવિશેષમાં જેમનો પરિચય અપાયો છે તે ડૉ. સુમંત મહેતાનાં અનેકવિધ જીવનકાર્યોમાં એક મહત્ત્વનું એ પણ હતું કે તેઓ પાટણની (અગાઉની) શેઠ ઊજમશી પીતામ્બર આયુર્વેદ મહાવિદ્યાલય સંસ્થાની સાથે ગાઢ રીતે સંકળાએલા હતા. દાતાને પ્રેરણા આપવાથી માંડીને નિવૃત્તિવય લગી, લગાતાર બે દાયકા સુધી સંચાલન સમિતિના પ્રમુખ તરીકે સેવા બજાવીને, તેમણે એ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરેલું.

(પોરબંદર) —સુરેન્દ્ર પાઠક

પાછાં જાય છે અને લેખકની આંખો ખૂલે છે. પછી કલમ લઈને વાર્તા આગળ ચલાવે છે.

લેખકને પૂરું સમાધાન થયું કે કેમ એ તે કહેતા નથી, પણ એની કથામાં આ વિકટ પ્રશ્નના ઉકેલનું બીજ છે. વાર્તામાં માણસો આવે, માણસોની ભાવનાઓ ને વાસનાઓનો ખેલ આવે. એમાં કોઈ કચડાય, કોઈ છૂંદાય. બધા જીતે તો ખેલ સાચો નથી; ખેલ સાચો નથી એટલે માણસો સાચા નથી, માટે વાર્તા સાચી નથી, જીવન સાચું નથી.

ઈશ્વરે માણસને સૌથી મોટી બક્ષિસ આપી છે એ તેની સ્વતંત્રતા. એ લક્ષણથી જ માણસ માણસ બની જાય છે. તેના પર થએલો એ મોટામાં મોટો ઉપકાર છે. એના પ્રતાપે એ પોતાનો રસ્તો કાઢી શકે, પોતાનું આગવું વ્યક્તિત્વ ઘડી શકે, પુણ્ય રળી શકે. પરંતુ એના જ પ્રતાપે કાઢેલો રસ્તો બંધ કરી શકે, અધર્મ આચરી શકે, અધમ બની શકે, દુઃખ આપી ને વહોરી શકે. સ્વતંત્રતા એ જોખમી વસ્તુ છે. કલ્યાણ સર્જે કે પ્રલય નોતરે. પરમ સુખ અપાવે કે જુલમ ચલાવે. માનવી એ વિલક્ષણ પ્રાણી છે. મહાત્મા બને કે શેતાન બને. પણ એ બંને એ બની શકે છે એમાં એનું મહત્ત્વ, એનું ગૌરવ, એનું માનવીપણું છે.

આના સમર્થનમાં એક ચિંતક લખે છે: 'ચારિત્ર્યનો આત્મા સ્વતંત્રતા છે. બળાત્કારને એમાં સ્થાન જ નથી. માણસને અંતઃકરણ આપીને, અને એ અંતઃકરણના અવાજ પ્રમાણે વર્તવાની શક્તિનું બીજ એનામાં મૂકીને પ્રકૃતિ જાણે આઘી ખસી ગઈ છે!—તારે સુધરવું હોય તો સુધર, અને પડવું હોય તો ઊંડી ખાડમાં પડ! સ્વર્ગ અને નરક, બંનેની ચાવી મેં તારા હાથમાં મૂકી છે, તેમાંથી જે વાપરવી હોય તે વાપર!—એટલું કહી, માણસને જીવનના રંગમંચ ઉપર ઊભો રાખી, પ્રકૃતિ જાણે નેપથ્યમાં સરી ગઈ છે! અને વિચાર કરીએ તો એ જ સારું છે. જો પ્રકૃતિ બળાત્કાર કરીને, જબરદસ્તી કરીને માણસને 'સારો' બનાવે, સીધા રસ્તા પર રાખે, પુણ્યનાં કામ કરાવે તો માણસ ગુલામ થઈ જાય, રમકડું બની જાય, જડ સૃષ્ટિમાં આવી જાય, માણસ જ મટી જાય અને તેથી 'સારો માણસ' એ બની ન શકે ઊંધું પરિણામ આવે. ઉપકાર કરવા જતાં અપકાર કરી બેસે.

ઈશ્વર નેપથ્યમાં છે. ત્યાંથી એ સૂચનાઓ આપે છે, પ્રેરણા આપે છે, માર્ગદર્શન આપે છે; પણ ખેલની વચ્ચે એ આવતો નથી; દખલગીરી કરતો નથી, દબાણ કરતો નથી. દરેક પાત્રને પોતાની સૂઝ પ્રમાણે કામ કરવા દે છે. આ કંઈ કાઠપૂતળીનો ખેલ નથી, જીવનનું જીવતુંજાગતું નાટક છે.

ઈશ્વર મને ખોટું કરવા કેમ દે છે? કેમ વારતો નથી? જેમાં દુઃખ જ મળવાનું છે એ રસ્તે મને કેમ જવા દે છે? કેમ કે ઈશ્વર મારું ગૌરવ સાચવે છે. મારું સ્વમાન અખંડ રાખે છે, મારી સ્વતંત્રતાને પૂરું માન આપે છે. ઈશ્વર મને ગુલામ બનાવી દેવા માગતો નથી—ધર્મનો ગુલામ પણ નહિ. એમાં મારું સાચું હિત છે.

માણસ આવ્યો એટલે સ્વતંત્રતા આવી. સ્વતંત્રતા આવી એટલે તેનો અવળો ઉપયોગ કરવાની શક્યતા પણ આવી. અને સ્વતંત્રતાનો દુરુપયોગ થાય એટલે માણસને માથે દુઃખ અને આફત આવી પડે. પછી એ ફરિયાદ કરવા બેસે કે આ દુઃખ ક્યાંથી આવ્યું?

પણ એ દુઃખમાં સાંત્વન પણ છે. એ દુઃખ સ્વતંત્રતાની કિંમત છે, મનુષ્યપણાનું ભાડું છે. મુગટ ભારે છે. પણ રાજાનું પ્રતીક છે. જવાબદારી અસહ્ય લાગે છે, પણ તે માણસ હોવાની શરત જ છે. અને ઈશ્વર પોતે એ સ્વતંત્રતાને માન આપે છે, માણસને હાથે પોતાની સૃષ્ટિ બગાડશે એ જોખમ વહોરી લે છે, ને માણસ પાછો એ જોઈને ઈશ્વરને દોષ દેશે એવી પરિસ્થિતિ એ ઊભી થવા દે છે. એનો વિચાર માણસ કરશે ત્યારે પોતાના મહત્ત્વ, પોતાની અસ્મિતા, પોતાના સ્વમાનનું સાચું ભાન એને થશે.

સાચો શિક્ષક પોતાનાં મંતવ્યો પોતાના શિષ્યોનાં મન પર ઠોકી બેસાડતો નથી. એ સમજાવે, બતાવે, સ્પષ્ટ કરે, પણ શિષ્યોનાં સ્વતંત્ર વ્યક્તિત્વને માન આપીને દરેકને એ શિક્ષણ તેના સ્વભાવ પ્રમાણે પચાવવા દે. એ શિક્ષકનો ધર્મ ને શિષ્યનો મૂળભૂત અધિકાર છે. એમાં બંનેનું ગૌરવ છે. આદર્શ શિક્ષક કાકાસાહેબ ઉમદા એકરાર કરે છે: 'મારા વિદ્યાર્થી મારા જ મતના થાય છે એવું નથી. દરેકને તેના સ્વધર્મ પ્રમાણે જ શીંગડાં ફૂટે છે. મારા કારખાનાનાં શીંગડાં દરેક વાછરડાના માથા પર બેસાડી દેવાનો પ્રયત્ન મેં કદી કર્યો નથી.' શીંગડાં વાકાંચૂકાં ઊગશે, તે મરજી આવે ત્યાં ફરશે, ચારે પગે નાચશે, કૂદશે, વખતે એને વાગશે પણ ખરું, ભૂલાં પડશે, શીંગડાં ઝાંખરામાં ભરાઈ જશે. પણ એ જ સ્વૈરવિહારમાં એનો આનંદ છે, એનો વિકાસ છે, એની કૃતકૃત્યતા છે.

ઈશ્વર પણ સારો શિક્ષક છે. ધર્મનાં શીંગડાં કોઈના માથા પર બેસાડતો નથી. (બેસાડે તો એ ધર્મ ધર્મ જ મટી જાય ને!) એ માણસને અંતઃકરણ આપે, દિવ્ય પ્રેરણા આપે, પ્રસાદ આપે... ને પછી ફરવા કૂદવા દે. માણસ થોડું અથડાય, કુટાય તો ભલે. છેલ્લે એ પોતાનું ફોડી લેશે. એમાં એનો ધર્મ છે.

દુઃખ એ માણસ હોવાનું મૂલ્ય છે, માનવજાતનો કરવેરો છે, માટે અમુક રીતે જેમ માણસ વધારે માણસ થાય એટલે કે સભ્ય બને, સંસ્કારી બને, કેળવાઈ જાય તેમ એ વધારે દુઃખ પણ નોતરે છે. જેમ ચામડી નાજુક તેમ સોળ જલદી ઊઠે. પ્રાકૃત જંગલી માણસને ઓછું દુઃખ હોય છે—ને ઓછું સુખ પણ. જેમ માણસ અભિરુચિ કેળવે, દૃષ્ટિ લંબાવે, સંવેદનશીલતા વધારે તેમ સૌન્દર્ય અને ઘૃણા, પ્રેમ અને તિરસ્કાર, સુખ અને દુઃખ ગ્રહણ કરવા એને વધારે શક્તિ મળે છે. સંગીતની તાલીમ ન હોય તો શાસ્ત્રીય સંગીતમાં કદાચ બહુ રસ ન પડે, પણ સામાન્ય ગાયનની ઊણપોથી એની મઝા પણ ઊડશે નહિ. સાચો સંગીતજ્ઞ શુદ્ધ સંગીતથી વધારે રાજી થશે, અને તેના દોષથી વધારે અધીરો પણ થશે. કાકાસાહેબનો મઝાનો અનુભવ છે: 'એક મિત્રને સતાર ઉત્તમ વગાડતાં આવડતી હતી. તેથી ક્યાંક પણ કોઈ સતાર વગાડવા માંડે એટલે એના દોષ તેના ધ્યાનમાં આવી જાય અને તે તદ્દન અસ્વસ્થ થઈ જાય. મને ગાયનની બહુ ગતાગમ નહિ હોવાથી મને એ જ ગાયન મીઠું લાગે અને મને સુસ્વર આનંદનો પ્રસંગ મળી જાય. સામાન્ય તંતુવાદન સાંભળીને પણ મને તલ્લીન થતો જોઈ મારો મિત્ર મારા પર ચિડાતો. ત્યારથી મેં નક્કી કર્યું કે ગાયન કિંવા વાદન પોતાને ગમે તેટલું રુચે તો યે 'વાહ વાહ', કે એવું કંઈ ઉચ્ચારવું નહિ; યા આલાપો પછી 'સમ' આવે કે પોતાના માથાનો હથોડો હવા પર ઠોકવો નહિ; પરંતુ જે પ્રમાણે ભેંસ વરસાદમાં ચૂપચાપ ઊભી રહીને સ્નાનસુખ માણે છે તે રીતે બિલકુલ મૂર્તિવત્ સ્થાવર થઇને સંગીતનું સુખ મેળવવું.'

માણસ જેમ ઊંચે ચડે તેમ વધારે જુએ—સારું ને નરસું. માનવતાની ક્ષિતિજ જેમ વિકસે તેમ વધુ ભૂમિ સમાવી લે—વન ને રણ. પ્રગતિનું કર્મ છે વિકાસનો ન્યાય છે. માણસ જેમ માણસ જ થાય તેમ સંવેદનશીલ થાય, ગુણગ્રાહી થાય, ભાવવાહક થાય. દેવોની વીણા છે. લહેરનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્પંદન એના તારને છેડે, હલાવે, ગજાવે. એનું સંગીત દિવ્ય છે. જીવનનાં સુખદુઃખના તરંગો ઝીલીને એમાંથી સ્વર્ગીય સંગીત ઉત્પન્ન કરવું એ માણસનો ધર્મ છે. દુઃખ લાગવાની, દુઃખ સહન કરવાની, અને દુઃખમાંથી કલ્યાણ સર્જવાની શક્તિ એ માનવની માનવતાનું પ્રમાણ છે.

કાલિચરન પટનાયક

પોતાની સુસંસ્કૃત ને સક્રિય નાટ્યપ્રવૃત્તિઓથી જેમણે ઓરિયા રંગભૂમિનો ઇતિહાસ સર્જ્યો

લેખક • સુનીલ કોઠારી

દિલ્હી ખાતે સંગીતનાટ્ય અકાદમીના આશ્રયે માર્ચ ૧૯૫૮માં યોજાએલી અખિલ ભારતીય નૃત્ય પરિષદ દરમિયાન એક સાંજે ટાલકટોરા ગાર્ડન્સમાં રુક્મિણીદેવી દિગ્દર્શિત 'કુટ્રાલકુરવંજી' નૃત્યનાટિકા જોવા અમે ઊપડયા ત્યારે અમારી સાથે રેશમી કફની અને ધોતિયામાં સજ્જ, આત્મીય જણાય તેવા, શ્યામવર્ણી ગૃહસ્થે આવવાની માગણી કરી. ટાલકટોરા ગાર્ડન્સ પાસે પહોંચતાં પાનની દાબડી ધરી કહે : 'લો ખાવ !' મેં અને મોહન ખોકરે વિનયપૂર્વક પાન લીધું. એટલે કહે : 'આ એક ભારે વળગણ છે ! My Second Wife !' અને સામાનાં દિલ જીતી લે તેવી નિખાલસતાપૂર્વક ખડખડાટ હસ્યા.

સંજુક્તા પાણિગ્રહી ત્યારે કલાક્ષેત્રમાં અભ્યાસ કરતાં હતાં ને 'કુટ્રાલકુરવંજી' બાલેમાં સખીની ભૂમિકા ભજવતા હતા. એ બીજે દિ' કહે: 'કાલિબાબુ તમારાં ભારોભાર વખાણ કરતા હતા, ને નિરાંતે મળવા માગે છે.' મને એમના વિષે બહુ માહિતી નહિ. ઓરિસ્સાના એ વિદ્વાન છે અને ઓરિસ્સી નૃત્ય પર નિબંધ વાંચવાના છે એટલી જ ખબર. તે અરસામાં મુંબાઈ યુનિવર્સિટી લાયબ્રેરીમાં બેસી હું નૃત્ય પરનાં ઉપલબ્ધ તેટલાં બધાં જ પુસ્તકો ફેંદી વળેલો. તેમાં એક નાની



ચોપાનિયા જેવી 'Odissi' (ઓરિસ્સી) નામે પુસ્તિકા હાથ ચડેલી. લેખક ? તો લખેલું : કાલિચરણ પટનાયક. કુતૂહલભાવે સૌ પ્રથમ ઓરિસ્સી નૃત્ય પર આછું-પાતળું તે પુસ્તિકા દ્વારા જ જાણેલું.

જેમ બીજા અનેક તજ્જ્ઞોને મળવાનું આ નૃત્ય પરિષદમાં પ્રાપ્ત થયું તેમ શ્રી પટનાયકને મળવાનું થયું. પણ તેમાં યે મ્હૈસુરના 'યક્ષગાન' નૃત્ય પ્રકારના પુનરુદ્ધારક, પુત્તુરના શ્રી શિવરામ કારંત અને કટકના આ શ્રી કાલિચરણ જોડે ઠીકઠીક માયા બંધાઈ ગઈ. પછી એ બે વાર ઓરિસ્સા જવાનો યોગ તો સાંપડયો પણ સમયના અભાવે તેમની જોડે નિરાંતે બેસી બધું જાણવાનો અવકાશ મળેલો નહિ. થોડા વખત પછી ઓરિસ્સી નૃત્ય પર 'કલાવિકાસ કેંદ્ર' માટે પુસ્તક લખવા તથા વધુ સંશોધન કરવા કટક જવાની તક સાંપડતાં જ હું તેમની પાસે પહોંચી ગયો. તરત પાન આપીને કહે: 'ભાઈ, બાપુ, બધી વાત પછી; પહેલાં આ 'સેકન્ડ વાઇફ'નું માન તો રાખ !'

અને મેં તથા નીલમાધવે અદબ જાળવી. પણ 'કાલિબાબુ' તો ભૂતકાળની વાત કરવાની જ ના પાડે ! કહે : 'ઓરિસ્સી પર તમે ચોપડું ચીતરશો તેમાં અમારા જેવા બુઢિયા વિષે લખવા-જાણવાની શી જરૂર વારુ ? તમે તો હવે અમારા ગુરુ !' ને હસતા જાય થોડી વારે આંગળી ચીંધીને કહે, 'નીલમાધવ, દીકરા ! એ પણેથી પેલું બંડલ લાવ તો !' ને તે ઉખેળી 'સત્યવાન સાવિત્રી' નાટકનો ફોટો બતાવી કહે : 'આ તમારાં નમણાં નથ-વાળી પહેરેલાં સાવિત્રી તે આ બંદા. સાલ ૧૯૧૭. થીએટર ઉષા. કૈંક નાટકચેટક કરેલાં ! આ સીનસીનેરી ને પડદા અને અમારી સાવિત્રીની પતિભક્તિ ! લોક ગાંડું કરેલું. એ દા'ડા ગયા.' કહી કયાંક અતીતમાં ખોવાઈ ગયા !

પછી તો એમણે ખુદ જ ભૂતકાળ સજીવ કર્યો. ૧૯૦૦ની ૨૩મી ડિસેમ્બરે બરામ્બા ગામે કટક જિલ્લામાં જન્મ. પિતાનું નામ દુર્ગાચરણ. ઓરિસ્સાના કમિશનર હેઠળ ટ્રેઝરરનું કામ કરે. માતા રાધામાલી દેવી. ૧૯૫૦માં જ્યારે તે દિવંગત થયાં ત્યારે ઓરિયા સાહિત્ય અધિકારી વ્યક્તિ. સદ્ગત આર્તવલ્લભ મહન્તીએ ઉદ્ગાર કાઢેલા કે રાધામાલી દેવીના મૃત્યુ સાથે ઓરિયા સાહિત્યનો જીવતો શબ્દકોશ આપણે ગુમાવી બેઠા છીએ ! એવી એ માતાની કીર્તિ. કાલિબાબુ સંસ્કૃત તેમની જ પાસે શીખેલા. આવા સમર્થ માતાના સંસ્કાર વારસામાં મળેલા તેથી નાની વયથી જ કાલિબાબુ કાવ્યાદિ રચના કરતા. દસ વર્ષની વયે પહેલું કાવ્ય લખ્યું અને મા પાસે જઈ પાઠ કરી બતાવ્યો :

'દેવી ગો, પરમાનન્દ દાયિની
પદ્મગંધ પ્રસૂન માલિની,
મા સ્મશાન-વિલાસિની,
કર દયા, દીને સિંહવાહિની
હર હૃદય પર ચારિણી.'

રાધામાલી દેવીએ દીકરાનું માથું સૂંઘી છલકતી આંખે કહ્યું : 'જા દીકરા ! મા ભગવતી પાસે જઈ આ પાઠ કર. આપણી ખરી મા તો એ જ છે.'

ઘેરાવ

કૂંળી હરિયાળીને સૂકવી દેતો વિષપ્રસાર

ઈવા ડેવ

'આને છેલ્લે વિદ્યાર્થીઓની હડતાલ ને ઘેરાવના સમાચાર: અ મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓએ પ્રિન્સિપલ શ્રી સહદેવના બંગલાને નાખેલો ઘેરો હજુ ઉઠાવાયો નથી. શ્રી સહદેવ, એમનાં પત્ની તથા પુત્રી પરની વિદ્યાર્થીઓની નજરકેદ ચાલુ છે. એ એટલી સખત છે કે કુટુંબ છેલ્લા ત્રણ દિવસથી બહારની દુનિયાથી તદ્દન વિખૂટું પડી ગયું છે. દૂધ-શાકભાજી જેવી રોજની જરૂરતો સુધ્ધાં એમને પહોંચતી અટકાવવામાં આવી છે. આશ્ચર્ય એ છે કે આવા નાજુક સંજોગોમાં યે શ્રી સહદેવે રાજ્ય સરકારની કોઈ પણ પ્રકારની સહાય લેવાની મક્કમપણે ના પાડી છે, એટલું જ નહિ, એવી વિનતિ કરી છે કે ઉગ્રમાં ઉગ્ર સ્થિતિમાં પણ સરકાર પોલીસ મોકલી દખલ ન કરે ને ઉચિત સંયમ જાળવે... આજના સમાચાર પૂરા થયા.'

વિજયાએ રેડિયોની સ્વિચ બંધ કરીને પતિ સામે જોયું. પિતાની સામે વધારે વાર જોઈ ન શકાતાં સંજ્ઞા ઊઠીને એની રૂમમાં ચાલી ગઈ. વિજયા આવીને સહદેવના સોફા આગળ ઊભી થઈ રહી. પતિના મોં પર સ્પષ્ટથી વેરાએલી વેદના એ માત્ર જોઈ જ નહિ, અનુભવી શકતી હતી. એને ઘણુંઘણું કહેવું હતું. પતિને સાંત્વન આપવું હતું—એમના દુઃખના ભાગીદાર થવું હતું; પરંતુ જીવનમાં આ પહેલો પ્રસંગ હતો જ્યારે એ અસહાય બની ગઈ હતી. વાચા જાણે બંધ થઈ ગઈ હતી. એની નજરમાં નિઃસહાયતા સિવાય બીજું કશું વર્તાતું નહોતું.

જાણે સ્વગત બબડતા હોય એમ ઉદાસ સ્વરે સહદેવ બોલ્યા: 'મને સમજાતું નથી; લાખ પ્રયત્ન કરું છું છતાં ય સમજાતું નથી. શું થઈ ગયું છે આ વિદ્યાર્થીઓને? સ્વપ્નમાં ય ખયાલ નહોતો કે મારા વિદ્યાર્થીઓ આવા નીકળશે. વિજયા! અક્ષય, નીરદ, શુભલક્ષ્મી... એમના વેગળા, ધિક્કારભર્યા ચહેરા ન જોયા હોત તો માનત પણ નહિ કે તેઓ આ કારસ્તાનમાં અંદર સંડોવાએલા છે!'

'માત્ર ત્રણ દિવસમાં તમે કેવા લેવાઈ ગયા છો! આટલા નિરાશ મેં તમને કદી જોયા નથી. તમે સ્મિત સરખું કર્યું નથી, પેટ ભરીને ખાધું નથી. ને ભલા થઇને આ સિગાર ન પીઓ તો! જુઓ, તમે ચિડાશો નહિ. તમારું ગળું ફરી પકડાશે. વળી પાછી ઉધરસ શરૂ થઈ જશે. આટલા વખતથી બધું સચવાયું છે તે વળી પાછું ઊથલો ખાશે. આમાં ડૉક્ટરને ય કેમ બોલાવી શકીશું? ફોન પણ દુષ્ટોએ કાપી નાખ્યો છે.' હિંમત કરીને, પતિએ કરેલી બોલવાની શરૂઆતના સહારે વિજયા એક શ્વાસે બધું બોલી ગઈ.

'ઓહ! વિજયા, તું નથી સમજતી.'

'હું બધું સમજું છું. તમે તમારી આદર્શોની ઘેલછામાં વાસ્તવને જોવાનો ઇન્કાર કરો છો. દેશકાળ ફરી ગયો છે. વિદ્યાર્થીઓનાં વર્તન ને મિજાજ ફરી ગયાં છે. માત્ર અહીં થઈ રહ્યું છે એવું ઓછું છે? આખા દેશમાં—કલકત્તા, હૈદરાબાદ, પટણા, ત્રિવેન્દ્રમ, ભાવનગર...! ક્યાં નથી થઈ રહ્યું, એ કહેશો? પરદેશમાં ફ્રાન્સ, પોલૅંડ, અમેરિકા, ચેકોસ્લોવાકિયા—આખી દુનિયામાં અસંતોષનો વંટોળ ફરી વળ્યો છે. તમે આટલા બધા દુઃખી નકામા શાને બની ઊઠ્યા છો? તમે તો જાણે તમારી જ ભૂલે આમ થયું હોય એમ માની બેઠા છો. માની જાઓને, સરકાર જાતે રક્ષણ આપી રહી છે ત્યારે તમે આમ શા સારુ જક કરો છો? આ વિફરેલા વિદ્યાર્થીઓ કૈંનું કૈં કરી બેસે તે પહેલાં...!?'

એને ત્યાં જ અટકાવી દઇને સહદેવે કહ્યું: 'ના, ના, વિજયા, એમ કદી ય નહિ થવા દઉં. મારા માથા પરનો બોજ જુદો છે. આ જુવાન-જોધ, થોડાં અપરિપક્વ છોકરા-છોકરીઓ, પોલીસોની સાથેની ઝપાઝપીમાં હિંસાત્મક બને; બિચાર વિદ્યાર્થીઓની લાશો પડે; આ ભૂમિ લોહીથી ખરડાય; આ સંસ્થા પર કાળી ટીલી ચડે! લોહી સીંચીસીંચી મેં ને મારા સાથીઓએ આ સંસ્થા ખડી કરી છે, એની જગતભરમાં આબરૂ બાંધી છે. ઘડીના છઠ્ઠા ભાગમાં બધું ધૂળધાણી થઈ જાય. વિજયા, એ નાદાનોએ ભાન ગુમાવી છે. સદનસીબે મારી હજુ અક્બંધ છે. હું એ વિચારે ધ્રુજી ઊઠું છું કે બિચાર માબાપ મારી સામે ફરિયાદ કરતાં ઊભાં રહે–હતાશ ને ધુત્કારતાં એ મને પૂછે: મારો લાલ ક્યાં છે? અમારું સર્વસ્વ હણતાં તને કાંઈ ના થયું? ના, વિજયા, મારો ધંધો જીવનનું રક્ષણ કરવાનો છે, એનું ભક્ષણ કરવાનો નથી. આપણી સંજ્ઞા જ આમ... ઊફ! ના, ના, આંધળિયાં કરાય જ નહિ!'

મક્કમ મન કરી, દૃઢપણે વિજયાએ એની દલીલ રજૂ કરી: 'તમારા એ વિદ્યાર્થીઓનાં મોં સામે બારીમાંથી એક નજર તો નાખો. આવા તિરસ્કારભર્યા ચહેરા મેં કદી ય જોયા નથી. મારા માન્યામાં નથી આવતું કે એમાંના કેટલાક થોડા દિવસ પહેલાં આ જ દીવાનખંડમાં બેસી નમ્રતાથી, અહોભાવથી તમારી સાથે વાતો કરી રહ્યા હતા. કહો તો, એમાંના એકેને તમારી આ કૂંળી, પ્રેમાળ લાગણીઓ સમજવાની રજે ય દરકાર છે? સહેજે માનવતા છે? તમે દૂધ ને ખાંડ વિનાની ચા પીઓ છો ઘઉંનો લોટ થઈ રહ્યો છે. ચોખા આજે રાતે ચાલે એટલા છે. શાકભાજી...! ઓહ! આ ઘરમાં એક નાનું બાળક હોત તો...!' વિજયાની આંખ ભરાઈ ગઈ, એનો કંઠ રૂંધાઈ ગયો.

સહદેવ અસ્વસ્થ બની ગયા. વિજયાએ એમની સાથે મળેલી નજર ઉઠાવી લીધી તેની એમણે નોંધ લીધી. ફરીથી ગળું ખોંખારી વિજયા બોલી રહી: 'તમે એમ માનો છો કે લાગણીઓના ઉશ્કેરાટમાં આ ઘરને આગ લગાડી આપણને ભૂંજી નાખતાં બહાર ઊભેલા એક પણ દૈત્યને સહેજે દયા આવવાની છે?' આ સાંભળતાં જ એ સમસમી ગયા એ વિચાર એમને કેમ નહોતો આવ્યો તેની એમને નવાઈ લાગી. પોતાનો ભય છુપાવી એ બોલ્યા: 'ગાંડા ને દુષ્ટ વિચારો ન કર, વિજયા'.

'નથી સહેવાતું! સાચું કહું છું મારું મન પળેપળે ભયથી થરથર કાંપી રહ્યું છે. જાણે મને કોઈ ફાંસીએ ચડાવી, રિબાવી રિબાવીને મારી ન રહ્યું હોય!' એ ભાંગી પડીને ડૂસકાં લઈ રહી. સહદેવ તરત ઊભા થઈ ગયા ને તેને સોફા પર બેસાડી સ્નેહથી એના બરડે હાથ ફેરવી રહ્યા.

'તારી લાગણીઓ બરાબર સમજું છું પણ તું ઢીલી ન થઈ જઈશ, વિજયા. તેં અત્યાર સુધી મને મોટી ઓથ આપી છે. એની હૂંફે તો હું ઝઝૂમી શક્યો છું. જો એ ઠેલાઈ જશે તો હું પણ ફસડાઈ પડીશ. આ મારા જીવનનો કપરામાં કપરો પ્રસંગ છે. તું મને ટેકો આપ. હૃદયમાં ઊંડે ઊંડે મને ખાતરી છે કે આનો અંજામ સારો જ આવવાનો છે.'

વિજયા શાંત ને સ્વસ્થ બની ગઈ. સહદેવનો હાથ પકડી એણે એમને પોતાની પાસે બેસાડ્યા અને એમના હાથને જોરથી દબાવતી એ એમની સામે સ્મિત કરવા પ્રયત્ન કરી રહી.

સહદેવના મનમાં ઊડ્યું અતીતનું એક સ્મરણ: તાજેતરમાં જ વિજયા સાથે એમના વિવાહ થયા હતા. વિજયા એમની સાથે એકાંતમાં મળતાં અત્યંત ક્ષોભ ને શરમ અનુભવતી. લજ્જાથી એ લાલચોળ બની જતી. એક દિવસ એવી જ એક છાનીછાની મુલાકાતમાં એમણે હિંમત કરી એના કોમળ હાથને એમના હાથમાં લીધો હતો. વિજયાના થરથરતા, સુંવાળા, પોચા હાથની આંગળીઓએ આમ જ એમના હાથને જોરથી દબાવી ક્યાંય સુધી પકડી રાખ્યો હતો. ને પછી એકાએક એને

આંખોએ અડાડી-કશુંક બબડી એ સુસવાટની જેમ ભાગી ગઈ હતી.

થોડી પળ મૂગા રહ્યા બાદ એમણે ગળું સાફ કરીને બોલવા માંડયું: 'તું એમ ન માનીશ કે મારું હૃદય હચમચી ઊઠયું નથી. મારા હૃદયમાં એક ઊંડો આઘાત થયો છે. મને ય સારા-નરસા એવા ઘણા વિચારો આવે છે. મોટા ભાગના વિચારો અનિષ્ટ છે. પણ એમાં ય પેલા સદ્‌વિચારો ડોકિયાં કરે છે, ને હું ડૂબતો માણસ તરણું પકડે એમ એમને બાઝી પડું છું. જે વિદ્યાર્થીઓને મેં પુત્રથી પણ વધારે નિકટના ગણ્યા છે એમાંના પાંચ-દસનાં મોં મારી દૃષ્ટિ સમક્ષથી ખસતાં નથી. કેવાં મોં! તિરસ્કારથી ભરચક, ગંભીર, અપમાનભર્યાં. એમને જોઈ મારો સમસ્ત પ્રાણ, મારો અહમ્ ફૂંકાર કરીને બેઠો થઈ જાય છે. વેરની વૃત્તિઓ ઝાળની જેમ સળગી ઊઠે છે. એમ થાય છે કે આ દુષ્ટો—આ નમકહરામો માટે મેં સમર્પણ કર્યું? ને જીવનનો ભેખ લીધો? આ વિદ્યાર્થીઓ માટે-મેં મને મળતી ઊંચીઊંચી નોકરીઓ નકારી, મને શ્વાસપ્રાણ-વહાલી સંશોધનની સારામાં સારી તકોને લાત મારી: રૉકફેલર રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, કૉમનવેલ્થ રીસર્ચ ઑર્ગેનાઇઝેશન, બ્રિટિશ મેડિકલ કાઉન્સિલ, સ્વીડિશ અકાદમી—કેટકેટલી ઑફરોનો અસ્વીકાર કર્યો! આજે વિચારું છું કે તમારા ને મારા સુખને શું આ પરિણામ માટે હોમી દીધું? આજે તો હું સુખમાં આળોટતો હોત. કીર્તિ ને માન મળ્યાં હોત. પણ, ભારત મારો દેશ છે, ને એની મને હૈયામાં દાઝ હતી. ભારતનો વિદ્યાર્થી—ભારતનો યુવક જગતના યુવાનો સામે છાતી કાઢીને ઊભો રહે એ માટે મેં આ આત્મસમર્પણ કર્યું હતું. ઓહ! આવો દિવસ આવશે એ તો સ્વપ્ને પણ કલ્પ્યું નહોતું!'

વિજયાએ એમના હાથને પ્રેમથી દબાવ્યો ને એમને ખભે માથું ઢાળી દીધું. સહદેવે મમતાથી વિજયાને માથે હાથ ફેરવી એના વાળ સમાર્યા. એમના હૃદયનો બોજ ઠીકઠીક હળવો થયો હતો. એમણે અધૂરી સિગાર ઍશટ્રેમાંથી લેવા હાથ લંબાવ્યો. દૃઢતાથી પણ મૃદુતાથી એમ કરતાં એમને અટકાવી વિજયા બોલી: 'ચાલો તમને ચા કરી દઉં. દૂધ ને ખાંડ વિનાની છતાં ય એ તમારી તલપ થોડી દૂર કરશે.'

એ ઊભી થવા ગઈ ને બારણે ટકોરા પડયા. બેઉના કાનને એ કર્કશ લાગ્યા. થોડાં ચોંકી, એકમેક સામે જોતાં બેઉ સાથે ઊભાં થઈ ગયાં.

નોકરડી અંદરના રૂમમાંથી આવીને એમની સામે મૂક ઊભી થઈ રહી. વિજયાએ ડોકું હલાવી એને બારણું ખોલવા જવાની રજા આપી. દરમિયાન એમનાં બંનેનાં હૃદય આશંકાથી થડકી રહ્યાં.

નોકરડી એક નાની કાપલી લઈને પાછી આવી. સહદેવના હાથમાં ચિઠ્ઠી મૂકતાં એણે કહ્યું: 'તેઓ તમને મળવા માગે છે.'

સહદેવ અને વિજયાએ સાથે કાપલી જોઈ: 'વિનાયક પંડિત'

'આ કોણ? વિદ્યાર્થીઓને વટાવી એ અહીં કેમ આવી શક્યો હશે? શું કામ મને મળવા માગતો હશે?' સહદેવ બબડયા.

એમણે આગંતુકને અંદર લાવવાની નોકરડીને સૂચના આપી.

થોડી વારમાં મધ્યમ વય ને કદનો, લઘરવઘર પોશાકવાળો, મોટી આંખો ને લાંબાં ઝુલ્ફાંવાળો એક માણસ રજા લીધા વિના, બેપરવાઈથી સિંગલ સોફામાં બેસી ગયો ને બોલ્યો: 'મને ન ઓળખ્યો, સહદેવ?'

વિજયાએ તરત જ ત્યાંથી ચાલવા માંડયું. એણે સહદેવને પૂછયું: 'આ ભાઈ ખાંડ-દૂધ વિનાની ચા પીશે?' વિજયાના અવાજ ઉપરથી સહદેવ સમજી ગયા કે એમની જેમ વિજયાને પણ આગંતુકનું વર્તન બિલકુલ ગમ્યું નહોતું. 'હો-હો' કરી, વધારે રુક્ષ બની હસતો, મોટી મજાક ઉડાવતો હોય એમ એ બોલ્યો: 'ઑફકોર્સ! જરૂર જરૂર. અરે ચા વિનાની ચા પણ પી શકું એમ છું. જોકે તમારે આ મુશ્કેલી વેઠવી પડે છે તે એક દુઃખની વાત છે. તમે સુંવાળા લોકો રહ્યા. અમે ખરબચડા છીએ. સીંગ, મમરા, ફાફડા ખાતાં-ચાવતાં જિંદગી લગભગ વીતી ગઈ મને લગારે તકલીફ નહિ પડે એ ચા પીવાથી.'

કંઈ કડવું બોલી એનું અપમાન કરવાની વૃત્તિને જેમતેમ દબાવતી વિજયા ધૂંધવાતી રસોડામાં ચાલી ગઈ.

'તો હું તમને યાદ નથી આવતો, કેમ?'

'ના, બિલકુલ નહિ.' કટુતા જેમતેમ દબાવી સહદેવ બોલ્યા.

'તમારે તમારી યાદદાસ્તને ઠીકઠીક દૂર ભૂતકાળમાં ખેંચવી પડશે. મને ખાતરી છે કે મારું નામ નહિ તો મારો ચહેરો, મારું શરીર, મારા હાવભાવ—કંઈક તો તાજું થશે જ.' કૌતુક, કટુતા ને મૂંઝવણથી ડોકું ધુણાવતા સહદેવ બોલ્યા: 'દિલગીર છું. મને કંઈ યાદ નથી આવતું.'

પંડિત અત્યંત દુઃખી અવાજે બોલ્યો: 'બરાબર ત્રીસ વર્ષ પરના સાતમા ધોરણની એક સ્મૃતિ તમારે તાજી કરવી પડશે. ત્યારે હું ને મારા ગોઠિયા તમને વેદિયા, બોચિયા, ઘરકૂકડી વગેરે નામે બોલાવતા. ચોપડી ને પહેલા નંબર સિવાય બીજું કશું તમને યાદ છે સહદેવ!'

સહદેવનું લોહી થોડું ગરમ થઈ ગયું. જેમતેમ ક્રોધને કાબૂમાં રાખતા તે એને સાંભળી રહ્યા. 'કંઈ પણ હવે યાદ આવે છે?'

એના ચહેરાની કંઈક ઝાંખી થવા લાગી એમને. પરંતુ વિનાયકનું અપમાન કરવાના ઈરાદાથી એમણે ખોટું કહ્યું: 'હજુ ય દિલગીર છું!'

પંડિતનો ચહેરો ખૂબ ઉદાસ બની ગયો ને તે બોલ્યો: 'ખેર! હું ખૂબ જ બદલાઈ ગયો હોઈશ. સહદેવ, યાદ છે તમને? એક શિક્ષકને બોકડો કહીને આપણે બોલાવતા ને એમણે એક દિવસ એક જાડિયા, મારા જેવાં ઝુલ્ફાંવાળા છોકરાને પકડીને ખૂબ માર માર્યો હતો?' સહદેવના મનમાં સ્મૃતિ છતી થઈ ગઈ:

'તમે... સેવાદળમાં જતા તે??'

'હા. નાયક જેવો હતો.'

'થોડો વખત તમે આર. એસ. એસ. માં પણ જોડાયા હતા ખરું?'

'હા, ને હવે ઉદ્દામવાદી કાર્યકર વિનાયક પંડિત છું.'

'ઓહ! તમારું નામ પેપરમાં ક્યારેક ક્યારેક વાંચ્યાનું સ્મરણ છે.'

'હું ભણવામાં ઢ હતો. આથી તમારી દુનિયામાં મને સ્થાન નહોતું. વળી આઠમા ધોરણમાં હું સ્કૂલ છોડી ગયો હતો. કહો તો, મારી બીજી પ્રવૃત્તિઓ તમને કેમ યાદ રહી ગઈ? મને એમ કે તમે ચોપડીઓમાંથી કદી મોં જ ઊંચું કરતા નહોતા.'

'સરઘસમાં ઝંડો હલાવતા ને કરાંઝી કરાંઝી સ્લોગનો બોલી શક્તિ વેડફી દેતા મેં તમને જોયા હતા, ખેર! માત્ર એ સ્મરણમાં રહી ગયું છે.'

'વારુ, હું અહીં ઝગડો કરવા નથી આવ્યો, ઝગડો શમાવવા આવ્યો છું. હું શાંતિની ઑફર લઈને આવ્યો છું.' એક ક્ષણ માટે સહદેવ ચકિત બની ગયા ને બીજી જ પળે એમનું હૃદય આશંકાથી થડકી રહ્યું. વિદ્યાર્થીઓની હડતાલ, ઘેરાવ ને વિનાયકનો ઉદ્દામવાદી રાજકારણ સાથેનો આછો સંબંધ એમના ખ્યાલમાં આવતાં એ સમજી ગયા કે વિનાયક ઘેરાવને વટાવી કેવી રીતે એના ઘરમાં પ્રવેશી શક્યો હતો.

'છેલ્લા ત્રણ દિવસથી તમારું કુટુંબ રૉબિન્સન ક્રૂઝોની જેમ જીવી રહ્યું છે. તમારી અત્યાર સુધીની કીર્તિને લાંછન લાગી રહ્યું છે. શું તમારે આ હડતાલનો અંત નથી લાવવો?'

'વાત અત્યંત વણસી ગઈ છે. એનો ઉકેલ હવે મુશ્કેલ છે.'

'ના, એ તમે ધારો છો એટલું મુશ્કેલ નથી.' એ હસ્યો. એમાં ગર્વ ને ખંધાઈ બેઉ જણાયાં. ને પછી એકાએક એમને બધું સમજાવવા માંડયું: વર્ષો સુધી જે વિદ્યાર્થીઓને ખાતર, જેમનાં સુખ, ઉન્નતિ

ને સિદ્ધિ ખાતર, જેમનાં જીવન ને પ્રશ્નોને સહાનુભૂતિથી સમજીને એમને એમાંથી ઉગારી સાચા રસ્તે વાળવા માટે એમણે પોતાના કુટુંબનાં સુખ, સિદ્ધિ ને કીર્તિને ન્યોછાવર કર્યા હતાં, તેવા પુત્ર સમા વિદ્યાર્થીઓ એમનાં સ્નેહ ને સમજૂતી ભૂલી જઈ રાજકારણની આંટીઘૂંટીમાં ફસાઈ વિનાયક જેવા નેતાઓના હાથા બની ગયા હતા જાણે તેઓ એમના મિત્ર મટી શત્રુ બની ગયા હતા. એમના હૃદયમાં કદી ય ન સંધાય એવો ચિરાડો પડી ગયો.

'જુઓ સહદેવ, આજની દુનિયા આદર્શોથી—માફ કરજો મને, વેદિયાપણાથી નથી ચાલતી. મારી માગણી સ્વીકારો તો કાલે બધું શાંત થઈ જશે.'

હં! આવતી કાલે બધું શાંત થઈ જશે. એને એ ચપટી વગાડવા જેવી વાત લાગે છે. એઓ મનોમન બોલ્યા. એમને વિદ્યાર્થીઓ યાદ આવવા માંડ્યા. એક બે નહિ, સેંકડોની કતાર એમની નજર આગળ ઊભી થઈ ગઈ. કોઈ આર્થિક સહાય માગતા, કોઈ સ્કૉલરશિપ-ફ્રીશિપ માટે આવતા, કોઈ પરદેશ જવા માટે એમના ભલામણપત્રો લેવા આવતા, માનસિક વિટંબણાઓના ઉકેલ માટે આવતા, જાતજાતની સહાય માગતા, ગરીબ મધ્યમ વર્ગ ને તવંગર ઘરના યુવકો સૌ એમની નજર પાસેથી પસાર થઈ રહ્યા. એમણે એમને ખાતર ફંડો ઉઘરાવ્યાં, એમને માટે દેશપરદેશમાં ભીખો માગી: એક પ્રામાણિક શિક્ષક ને વત્સલ પિતા કરે એ બધું તેઓ કરી છૂટ્યા. ને આજે—?

'જુઓ, આ બધું ધાંધલ ઍડમિશન માટેનું છે. એમાં બીજા બધા ભળ્યા છે ને એ કારણે એમની માંગોનું લિસ્ટ લાંબું થઈ ગયું છે.'

'કે પછી કોઇએ લાંબું કર્યું છે? મારી કૉલેજના વિદ્યાર્થીઓ આમાં કેમ કરીને સંડોવાયા છે તે જ મને સમજ નથી પડતી.' -

ઓ-હો-હો કરી એ ખંધું હસ્યો; 'મેં કહ્યું ને હું વાસ્તવવાદી છું. ઍડમિશન માગનાર વિદ્યાર્થીઓ પણ આ જ યુનિવર્સિટીના છે. એક જ કૅમ્પસમાં રહેનારા ન્યાય તો માગે ને! પ્યોર રીઆલિઝમ!'

'હા, હા, જરૂર! Means are justified for the goal!'

'તમે અમારી ઉદ્દામ ફિલસૂફીથી પરિચિત છો. તો તો મારું કામ સરળ બની જશે. મારો એકનો એક પુત્ર છે એને ઍડમિશન નથી મળ્યું.'

'દિલગીર છું. અહીં માત્ર મેરિટ ઉપર જ વરણી થાય છે; હું કાંઈ જ કરી શકું એમ નથી.'

'હું શું કરી શકું તેમ છું તેનો તમને શું હજુ ય ખયાલ નથી આવ્યો, સહદેવ?' એનો અવાજ કરડો બની ગયો. સહદેવ ચૂપ બની ગયા. વિનાયકના અવાજમાં રહેલી ધમકી એમને સમજાઈ ગઈ. અણજાણપણે એમનું મન ધ્રૂજી ગયું. 'મેરિટ લિસ્ટ તો તમે બનાવો છો ને?'

'ના, વિદ્યાર્થીઓની ગુણવત્તા એને બનાવડાવે છે. જુઓ, મારી કૉલેજનું બધું કામ ચોખ્ખું ચટ છે. તમે ન્યાયની વાત કરી'તી ને? આ બધું ધાંધલ જ અન્યાયીઓનું છે. ફરિયાદીઓની અરજીઓ કોર્ટે રદ કરી છે એટલે એમણે આ રસ્તો લીધો છે.'

'ન્યાય ને અન્યાય! ઘેરાવો કે એથી રદબાતલ નહિ થઈ શકે.'

સહદેવ સ્તબ્ધ બની ગયો. ફરી બધું એને વર્તુલાકારે ચકરાવો સમજાય એમ સમજાઈ ગયું. વિજયાએ વ્યક્ત કરેલી આશંકા એમને ભીંસ દેવા માંડી. એમણે ત્વરિત નિર્ણય કરી લીધો. 'એ ના બને!'

'તમે ધારો તો જરૂર બને.'

'કેમ બને? યુનિવર્સિટીના માર્ક, અમારા ટેસ્ટ ને કમિટીના ઇન્ટરવ્યૂ માર્ક આ બધાંમાં ફેરફાર ન થઈ શકે. એના કેટલા ટકા માર્ક છે?'

'પિસ્તાળીસ ટકા.' 'વેરી પુઅર. કે જ ન બની શકે.'

'ધારો કે ટેસ્ટ-ઈન્ટરવ્યૂમાં એના માર્ક વધી જાય તો!'

'કેવી રીતે?'

'અત્યારે તો અંધાધૂંધી છે. આ વર્ષના બધા કાગળો ગૂમ થઈ શકે!'

સહદેવના શરીરમાં કંપારી છૂટી ગઈ. જીવનમાં જેને એઓ હીન ને કપરી વાત માનતા હતા તે વિનાયક અત્યંત સહેલાઇથી કરી શકે એમ હતો! 'શું ત્યારે?' એકદમ ઊભો થઈ જઈ વિનાયક બોલ્યો.

વિજયાએ ચાની ટ્રે લઈ ખંડમાં પ્રવેશ કર્યો. હસવાનો પ્રયત્ન કરતો એ ફરી સોફામાં બેસી ગયો. વિજયાના હાથમાંથી પ્યાલો લઈ એ એકી શ્વાસે ચા ગટગટાવી ગયો.

'વિદ્યાર્થીઓને આપણી મંત્રણાના શા સમાચાર આપું, સહદેવ?'

'તમારી ઑફર મને કબૂલ છે.' સાવ ધીરા સાદે સહદેવે કહ્યું.

આશ્ચર્યથી પહોળી આંખો કરી વિનાયક ત્યાંથી દોડ્યો ને વંટોળની જેમ મા-દીકરી ખંડમાં ધસી આવ્યાં. તુટક અવાજે, અર્ધ ગુસ્સામાં, અર્ધ આશ્ચર્યમાં તેઓ પૂછી રહ્યાં: 'પપ્પા, પપ્પા! તમે આ શું કર્યું?'

જાણે એમના પ્રશ્નો સાંભળ્યા જ ન હોય તેમ વિજયાને ઉદ્દેશી સહદેવ બોલ્યા: 'વિજયા, પેલી બ્રિટિશ મેડિકલ કાઉન્સિલની ઑફરનો જવાબ મેં આપ્યો નથી લાવ જોઉં એ કાગળો. ટર્મ્સ અને બીજી કંડિશન્સની વિગતો મારે જોવી છે.'

'ખરેખર? ને એ વિગતો માટે તમારે એ કાગળો જોવા પડે એમ નથી તે શું હું જાણતી નથી? પણ તમે-તમે-આવું કરી જ કેમ શકશો? ના, ના હું તમને નહિ ફસાવા દઉં આમાં.'

'વિજયા, કોઇકે ઈ વાર વેદિયા માણસે પણ ચાલાક થવું પડે છે. યુધિષ્ઠિરની જેમ એણે પણ કુનેહથી 'નરો વા કુંજરો વા' કરવું પડે છે. આ ઍડમિશનનો મામલો પૂરો થશે તે પહેલાં શ્રી સહદેવ શર્માનું કુટુંબ આરામથી લંડનના કોઈ ઍપાર્ટમેન્ટમાં વસી ગયું હશે. સહદેવ સંશોધનમાં મગ્ન હશે, સંજ્ઞાનું લંડનમાં ભણવાનું સ્વપ્ન સાકાર બન્યું હશે; વિજયાએ વાંછેલાં સુખ ને શાંતિ એને પ્રાપ્ત થયાં હશે...!'

વિજયા ને સંજ્ઞાનાં મન કેમે ય આ વાત માની શકતાં નહોતાં જ્યારે એ રાતે રેડિયો પરથી નીચેના સમાચાર પ્રસારિત થયા: 'મેડિકલ કૉલેજની હડતાલ પાછી ખેંચાઈ છે ને ઘેરાવ ઉઠાવી લેવામાં આવ્યો છે. જાણવા મળ્યું છે કે પ્રિન્સિપલે ઍડમિશન પોલિસી અને વિદ્યાર્થીઓની માંગો પર યોગ્ય પગલાં લેવાનું વચન આપ્યું છે.'

અનુસંધાન] કાલિચરન પટનાયક [પૃષ્ઠ ૭થી

જગન્નાથવલ્લભના તેમના નિવાસસ્થાને તેમના અભ્યાસખંડમાં પલંગ પર ચોમેર પુસ્તકોનો ગંજ ખડકાએલો જોવા મળે. યુનિવર્સિટીના સ્નાતકોત્તર ઉત્તરપત્રો તપાસતા હોય કે જૂની પોથી લઈ તેનો કાળક્રમ નક્કી કરતા હોય, પ્રેસમાંથી આવેલાં પ્રુફ તપાસતા હોય કે ઓડિયા સાહિત્યકારો જોડે ચર્ચામાં મગ્ન હોય. રંગમાં આવે તો ઓડિયા ગીતો ગાઈ સંભળાવે. આજ અડસઠ વર્ષની વયે પણ જે અવિરત ઉદ્યમપૂર્વક સાહિત્યસેવા તેઓ કરી રહ્યા છે તે પ્રશંસનીય છે. એમનો પુસ્તકોનો સંગ્રહ વિપુલ છે. વળી ઓડિયા સાહિત્યમાં લગભગ ત્રણેક હજાર ગીતો તેમણે રચ્યાં છે. નૃત્ય સંગીત તથા વાદ્ય-શિક્ષા સંબંધી અનેક પુસ્તકો અને સમાલોચનાત્મક હસ્તલિપિઓનો સંગ્રહ તેઓ વેળાસર પ્રગટ કરવા ધારે છે. ઓરિસ્સી નૃત્ય પરનું અધિકારી સંશોધન-સંસ્કરણ સાહિત્ય એમણે લખ્યું છે. એમના 'અભિનય દર્પણ પ્રકાશ'થી ઓરિસ્સી નૃત્યની શાસ્ત્રીયતા પર વિશેષ પ્રકાશ પડશે. નાટ્યક્ષેત્રે એમના પ્રદાનને ઓરિસ્સા ક્યારેય નહિ વિસરી શકે.

આત્મકથાનક-૮૧

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
આલેખક
રવિશંકર રાવળ



ઈ. ૧૯૧૭માં સૌરાષ્ટ્રના પ્રવાસ વખતે જૂનાગઢમાં લેખકે કરેલો પોતાનો સ્કેચ

૩૯૮ સૌરાષ્ટ્રનો પ્રવાસ

મે માસની રજામાં પરમાનંદ પણ ભાવનગર આવ્યા. તેમણે એલએલ.બી.ની પરીક્ષા આપી કૉલેજના વિદ્યાર્થીજીવનની હાશ મેળવી હતી અને સૉલિસિટર થવા માટે તેમના પિત્રાઈ ભાઈની મોતીચંદ દેવીદાસની કંપનીમાં આર્ટિકલ્સ સાઈન કર્યા હતા. શ્રી મોતીચંદભાઈના નાના ભાઈ રતિભાઈ પણ બી એ.માં પાસ થઈ ગયા હતા. મેં પણ મારા ચિત્રશાળાના અભ્યાસનો અંત આણ્યો હતો, એટલે તેમણે આવતાંવેંત જ પ્રસ્તાવ મૂક્યો કે આપણે હવે આપણા દેશનાં શ્રેષ્ઠ સ્થળો જોઈ નાખવાં. મને પણ સાલતું હતું કે જે દેશમાં આપણે જીવનકાર્યનો પ્રસ્તાર કરવો છે તે વિષે આપણને માત્ર ઉપરચોટિયું જ્ઞાન છે. શાળાના અભ્યાસક્રમોમાં દેશના પ્રકૃતિવૈભવ કે સંસ્કૃતિ વિષે કંઈ જ જાણવા મળ્યું નહોતું. ઈંગ્લંડની પદ્ધતિએ ગોઠવાએલાં અભ્યાસક્રમનાં ખોખાંમાંથી જ પસાર થવાનું હતું અને તેને જ સરકાર તેમજ લોકો પ્રતિષ્ઠા આપતાં હતાં.

મુંબાઈની કૉલેજમાં અભ્યાસ કરતાંકરતાં ભાઈ પરમાનંદે મોટું મિત્રમંડળ જમાવ્યું હતું. ગુણીજનો શોધી કાઢવાની તેમનામાં નૈસર્ગિક બક્ષિશ હતી—આજે પણ છે. ગમે તે કોમના ચારિત્ર્યવાન સંસ્કારી યુવકનો તે કોઈ ને કોઈ દ્વારેથી પરિચય સાધી શકતા. ચુસ્ત જૈન પરિવારમાં ઊછરેલા છતાં તેમની જીવનદૃષ્ટિ બહુ વિસ્તૃત હતી. અમારાં ઘરોમાં જોએલી બ્રાહ્મણોની જમવાની રીતનાં તે વખાણ કરતા શ્રી નથુરામ શર્માનાં વ્યાખ્યાનો સાંભળવા આવતા ત્યારે કહેતા કે એમની વ્યાખ્યાનપદ્ધતિ જૈનાચાર્યો જેવી લોકમાનસમાં ઊતરે એવી સરળ છે દક્ષિણામૂર્તિના મેળાવડાઓમાં ભળી જતા. જુદાજુદા વિષયોના વિદ્વાન પ્રોફેસરોને ત્યાં જતા કે તેમને પોતાને ત્યાં બોલાવી બીજા મિત્રોને ઓળખાવતા. એ કાળે એમનું લાવણ્યમયું તારુણ્ય સૌને આકર્ષતું અને સર્વના સંબંધો સાચવવા તે બહુ ચીવટ રાખતા એ હું જોતો આ બધાંથી મને અંગત રીતે એ લાભ થયો કે એમના સર્વ મિત્રો મારા મિત્રો બની ગયા અને હું દેશના ઉચ્ચ સંસ્કારી જનોના વાતાવરણની હવા પામ્યો. ભાવનગરમાં જઈએ ત્યારે રોજ સાંજે પ્રો. ત્રિભુવનદાસ ત્રિવેદી, પ્રો. ભીડે, શ્રી શાંતિલાલ પારેખ, શ્રી નાનાભાઈ ભટ્ટ કે પ્રગતિશીલ જૈન યુવકોના સાથમાં લાંબે સુધી ફરવાનું થતું, અને ત્યારે અનેક વિષયોની છણાવટ થતી. અમારામાંનો કોઈ પણ મિત્ર જડ મતાગ્રહી નહોતો. જ્ઞાન અને શિષ્ટાચારથી મિત્રમંડળ મહોરતું.

સૌરાષ્ટ્રના પ્રવાસમાં જવાની વાત એમણે મિત્રોમાં જણાવી ત્યારે મેં તો એકદમ વધાવી લીધી. તેમના ભાઈ શ્રી રતિભાઈ સ્વભાવે લહેરી; ચિંતનની ગડમથલ તેમને ગમે નહિ. મારી અને પરમાનંદની સોબતમાં જોડાવા હમેશાં તૈયાર. તે પણ તૈયાર થયા. બહારગામથી કૉલેજનો અભ્યાસ કરવા આવેલા શ્રી વીરચંદ પાનાચંદ શાહ નિર્વાહ માટે એક જૈન બોર્ડિંગના સુપરિન્ટેન્ડેન્ટની નોકરી કરતા હતા, પણ ભાવના અને દેશભક્તિમાં અમારાથી યે ચડી જાય. એમને અમારી સોબતનો બહુ લોભ રહેતો. તે પણ તૈયાર થઈ ગયા. અમે સાદી રીતે ઓછા ખર્ચે પ્રવાસ કરવાનું વિચાર્યું. જ્યાંજ્યાં નિકટનાં મિત્રોનાં ઘર હોય ત્યાં મુકામ કરવાનો વેત રાખ્યો.

પહેલો મુકામ થયો વાંકાનેર. અમારા મિત્ર પોપટભાઈ (હીરાલાલ પંડયા)ને પટણી સાહેબની લાગવગથી વતનની હદ છોડવાની રજા મળી કે તુરત, કૉલેજ-સમયમાં તેમના મિત્ર બનેલા વાંકાનેરના ઠાકોરસાહેબે તેમને પોતાના અંગત સેક્રેટરી તથા ખેતીવાડી ખાતાના ઉપરીની જગ્યા આપી હતી. પગાર તો માત્ર રૂ. ૧૫૦ હતો, પણ હવે કુટુંબનો ભાર વડીલો પરથી દૂર કરવાના સંકલ્પથી તેમણે જે પહેલું પગથિયું મળ્યું તે પકડી લીધું. પોતાની લાયકાતનાં પ્રમાણપત્રો સાથે ભારતનાં બધાં રાજ્યોમાં તેમણે અરજીઓ કરેલી, પણ એ કાળે રાજ્યોમાં—અરે, ખુદ ભાવનગરમાં સુધ્ધાં ખેતીવાડી અંગે નિષ્ણાત અધિકારીની જરૂર કોઈને દેખાતી નહોતી. તેમણે થોડા જ વખતમાં વાંકાનેર ઠાકોરસાહેબની વાડીની ઊપજ વધારી આપી. ઠાકોરસાહેબ પણ તેમનું મિત્રભાવે સન્માન કરતા.

અમે વાંકાનેર પહોંચ્યા ત્યારે અમારા માટે સ્ટેશન પર રાજ્યની ગાડી આવી હતી, પણ મુકામ તો શ્રી પોપટભાઈના ગૃહપરિવારમાં જ હતો. ત્યાં એકાદ દિવસના સુખસમાગમ પછી અમે જામનગર ગયા.

જામનગરમાં શ્રીપતરાવ જુન્નરકર, પરમાનંદના નિકટના મિત્ર, દાક્ષિણાત્ય સંસ્કૃતિના સુંદર સુપુષ્પ જેવા બુદ્ધિચતુર અને સૌમ્ય સુજન હતા. તેમના મોટા ભાઈ શ્રી પરશુરામ જુન્નરકર જામસાહેબના સેક્રેટરી હતા. રાજ્ય તરફથી તેમને મળેલા બંગલામાં ને આસપાસની ઉદ્યાન જેવી વાડીમાં એ અભિજાત કુટુંબમાં અમે પામેલો આતિથ્યનો લહાવો અનેરો હતો. સવારમાં શ્રી પરશુરામભાઈ પાસે રાજ્યના અનેક અધિકારીઓ આવી ગયા; પણ જ્યારે પોલીસ અધિકારી છેલભાઈ દવે આવ્યા ત્યારે આખા કુટુંબનો તેમના માટેનો વિશિષ્ટ ભાવ જોવા મળ્યો. ભડાકાબંધ વાતો કરતા છેલભાઈ સાથે મારું ઓળખાણ શ્રીપતરાવે કરાવ્યું ત્યારે બોલી ઊઠયા: 'ઓહો! આ તો મારો ભઈકો! એના મોટા ભાઈ રતિભાઈ અને હું સાથે ભણેલા. મારાં બા ગલાલબાને અને રતિભાઈનાં બા ઊજમબાને તો માજણી બેનો જેવાં હેત હતાં.'

છેલભાઈએ એ વખતે આખા સૌરાષ્ટ્રના રાજ્યોના સીમાડા ધમરોળતી ડફેરની ટોળીને ઘોરખાણ આગળ સામનો કરી ભગાડી હતી એ તેમનું તાજું પરાક્રમ હજી હમણાં જ તેમની સરદારી નીચેના એક સિપાઈ પાસેથી સાંભળ્યું હતું તેમણે ઘણા બહારવટિયાને જેર કરી ચોરી લૂંટફાટની રંજાડો બંધ કરી હતી. ઘણી વાર તો તેમને ડાકુઓ સાથે હાથોહાથની ઝપાઝપી પણ થએલી આવી બધી એ વિજયી વીર પુરુષની કંઈક વાતો સમાજમાં પ્રચલિત હતી. એ પોતે પણ કહેતા કે 'ખોળિયું બ્રાહ્મણનું છે, પણ કરમ રજપૂતનાં છે.' એમની સાહસકથા એમના મોંએથી સાંભળવાની ઑર મજા હતી.

શ્રીપતરાવે પોતાના મોટા ભાઈના વાત્સલ્યથી અમારા સારુ જામનગરના પર્યટન માટેની ગાડીઓ મેળવી. મેં પહેલી જ વાર અસલ




સૌરાષ્ટ્રના પ્રવાસમાં લેખકે જૂનાગઢમાં કરેલા સ્કેચ. (૯-૫-૧૯૧૭) એ પ્રવાસના આ એક માત્ર સ્મરણમાં વચ્ચે એમના ઉતારાની અગાશીનું અધૂરું આલેખન છે અને આસપાસ એ પ્રવાસમાં જોડાએલા સૌના સ્કેચ છે. નીચે એ મોટા કદમાં સ્પષ્ટ કરી દર્શાવ્યા છે.

યુરોપિયન ચિત્રોનો જામસાહેબનો વિશાળ ચિત્રસંગ્રહ અને ચિત્રવીથી જોયાં. રસ્તા અને જાહેર મકાનો અંજાઈ જવાય એવાં, પણ તેની પાછળની ગલીઓમાં તો અસલનો ગંદવાડો જ જોયો.

અહીંથી અમારી સાથે જૂનાગઢ-ગિરનાર જોવાની લાલચે શ્રીપતરાવ પણ જોડાયા. જૂનાગઢમાં મારા બાલમિત્ર ગિરીશભાઈ રેલવેમાં નોકરી કરતા હતા. ચિરપરિચિત મિત્રોના સાથમાં ગિરનાર ચડવાનો લહાવ તેમને પણ રોકી શક્યો નહિ.

ભાઈ પરમાનંદે સર્વે સ્થળે અમારા મુકામ માટે સગવડો મેળવવાની ચિઠ્ઠીઓ લખાવી હતી. પહેલે દિવસે સાંજના ઠંડા પહોરે અમે સૌ ગિરનારની પહેલી અંબાજી મંદિરની ટૂક પર પહોંચી રાત રહ્યા. બીજે દિવસે સવારમાં પાછળની ઊંડી ખીણમાં શેષાવન જોઈ આવતાં બધા ખૂબ થાકી તો ગયા, પણ ગિરનારના એ અંતરંગમાંની વનશ્રી જોઈને પ્રાચીન તપોવનોનો ખયાલ મેળવ્યો. ગિરનારમાં સંત-સાધુ અને સિદ્ધો ક્યાં વસતા તેની કલ્પના સાક્ષાત્ કરી. બપોરના ભોજન માટે પહેલી ટૂકપર પાકી રસોઈ કરાવી હતી. બીજે દિવસે છેલ્લા અને વિકટ દત્તાત્રેય શિખર સુધ્ધાં બધી ટૂકો અમે સર કરી.

આવી મંડળી જિંદગીમાં કવચિત જ એકીસાથે મળે છે. તેની યાદગીરી રાખવા ત્યારે અમારી પાસે કૅમેરાનું સાધન નહોતું, એટલે મેં એક કાગળ પર અમારા નિવાસની અગાશીનું ચિત્ર કરી તેની આસપાસ દરેક મિત્રનો ચહેરો પેન્સિલથી ઉતાર્યો ત્યારનું એ એકમાત્ર સંભારણું આજ લગી સચવાયું છે. ગિરનાર ઊતર્યા ત્યારે તળેટી



ઈ. ૧૯૧૭માં સૌરાષ્ટ્રના પ્રવાસમાં જોડાએલા મિત્રોના જૂનાગઢમાં કરેલા સ્કેચ.
અનુક્રમે : લાલુભાઈ, શ્રીપતરાવ ભૂતકર, ગિરીશભાઈ, વીરચંદભાઈ, રવિભાઈ અને પરમાનંદભાઈ

આગળ અમને તીર્થવાસીઓને દરેકને બબ્બે મોતીચૂરમાના લાડુ મળ્યા એ ભાઈ પરમાનંદની નેતાગીરીને આભારી હતું.

જૂનાગઢથી મંડળ વેરાયું. જુત્રરકર પાછા જામનગર ગયા. (આ જુત્રરકર પાછળથી કરાચીની 'સિંધ એન્જિનીઅરિંગ કૉલેજ'ના પ્રિન્સિપલ થયા, ને વિભાજન થતાં આ બાજુ આવી વલ્લભવિદ્યાનગરની બિરલા એન્જિ. કૉલેજના પ્રથમ પ્રિન્સિપલ થએલા. આજ હવે નિવૃત્ત થઈ પૂનામાં જ રહે છે. ગિરીશભાઈ જૂનાગઢમાં જ રહ્યા. વીરચંદભાઈએ રાજકોટથી પોતાને ગામ સમઢિયાળા જ વિચાર્યું.

વીરચંદભાઈ મોટી ઉંમરે કૉલેજમાં આવેલા. તેમની સાથે વઢવાણના એક શિક્ષક પોપટલાલભાઈ પણ કૉલેજમાં ગએલા. આ મૂછાવાળા કૉલેજિયનોએ વિદ્યાર્થીઓમાં ખૂબ રાષ્ટ્રભાવના જગાડેલી. પોપટલાલભાઈ બે ગીતો ગાતા તે હજી મારા કાનમાં ગુંજે છે: 'દુઃખિયાંનો વિસામો રે, માડી તારી ઝૂંપડી'; 'એક દિન એવો આવશે, જ્યારે અમીઝરતાં ઝરણ આ પૃથ્વીને ય પલાળશે.' આ વચનો ગાંધીજીના આગમને ખરાં પડયાં.

વીરચંદભાઈમાં સમાજસેવાની ધૂન ભારે હતી. પણ તે માટે દ્રવ્ય જોઇએ. તે વિષે તેમણે એવી કલ્પના કરેલી કે આફ્રિકા સાથે વેપાર ખેડીને ધન કમાઈ લાવીશ, પણ પછી ચાલીસ વર્ષે ધંધો બંધ કરીને સેવાકાર્યમાં લાગી જઈશ. તેમણે પોતાનાં આ વચનો ખરાં પાડયાં. આફ્રિકા સાથે તેમણે કરિયાણાનો જંગી વેપાર કર્યો, લાખો કમાયા અને ચાલીસમે વર્ષે અગાઉના સંકલ્પ મુજબ પુત્રોને પેઢીનું સંચાલન સોંપી નિવૃત્ત થઈ વતન સમઢિયાળામાં જઈ એ ગામનો ઉદ્ધાર કરવા ત્યાં ખાદી-ઉત્પાદન કેન્દ્ર, મોટું દવાખાનું, હાઈસ્કૂલ વગેરે ઊભાં કરી ગામને ઊંચું આણ્યું. વતનની તેમની સેવાએ સરકારનું પણ લક્ષ ખેંચ્યું અને એ ગામનું નામ બદલીને 'વીરનગર' રાખવામાં આવ્યું. આજે વીરચંદભાઈનું નામ અને કામ એ ગામ સાથે અમર છે. રાજકોટથી ભાવનગર જતી બસની સડક પર તે આવેલું છે.

જૂનાગઢથી પાછા વળતાં અમે ત્રણ જણે પાલીતાણાની એક નાની મુસાફરી કરીને શત્રુંજયનાં દર્શન કરી લીધાં. આ આખા પ્રવાસની છાપે લોકજીવન અને વતનનાં દશ્યોથી મારા મનને ભરી દીધું અને કંઈક નવા સંકલ્પો જાગ્યા; મારા અનુભવની મર્યાદા પણ વિસ્તાર પામી.

૩૯૯ ભાવનગરમાં મસ્તરામનો પત્ર

અમે ભાવનગર પહોંચ્યા ત્યારે મસ્તરામનો પત્ર આવીને પડેલો:

કલકત્તા, તા. ૧૦-૫-'૧૭

'પરમ પ્રિય રવિ

તારું પત્ર ઘણા દિવસથી મારી પાસે આવીને પડ્યું છે, પણ તું કાઠિયાવાડના પ્રવાસે ભાઈ પરમાનન્દ સાથે નીકળ્યો છું એવું જાણવામાં આવ્યું તેથી તું ભાવનગર પહોંચે ત્યારે તને મારું પત્ર મળે એવો વિચાર મેં કરી રાખ્યો હતો. હું પરીક્ષામાં પાસ થઈ ચૂક્યો છું— અમે સૌ પાસ થયા છીએ. સ્કૉલરશિપ મળવાનો મને અને નાનાસાહેબને સંભવ હતો, પણ હું ઉંમરમાં વધારે હતો તેથી મને ન મળી, અને નાનાસાહેબને રૂા. ૧૨ની મળી. પાસ થયા પછી અમારું કામ એમ ને એમ ચાલ્યે જાય છે. વળી પાછી ત્રિમાસિક પરીક્ષા માથા ઉપર ઝઝૂમી રહી છે. આ અમારી કૉલેજ બહુ વિચિત્ર! બિચારા અભ્યાસ કરનારને વર્ષના નવ માસ મજૂરી જ કરવાની, અને આરામનું તો નામ જ નહિ. આઠ દહાડે રવિવારની રજા દેખવાની અને માંદો પડે તેને ડૉક્ટર કહે તો જ રજા મળે! બાકી તો સવાર બપોર ને સાંજ કૉલેજ, કૉલેજ ને કૉલેજ!



શ્રી રણજિતરામ વાવાભાઈ મહેતાના અવસાન સમયે (૧૯૧૭માં) લેખકે 'વીસમી સદી' માટે ખાસ કરી મોકલેલું અંજલિચિત્ર.

તમારો પત્ર પાક્યો હતો તે વાત તો જૂની થઈ, તેથી હવે તો ખબર પૂછવા જેટલો વિવેક તમને ભૂતકાળમાં જ ભટકાવશે. મને તો એથી લાભ જ થયો. તમારું લખાણ એવું ચિત્ર જેવું હોય છે, કે એથી મને મનગમતા બધા ખબર મળી રહે છે. આ કાંઈ તમારી સ્તુતિ નથી; લખતા રહો છો તેમ લખતા રહેવાની વિનંતીનું એક રૂપ છે. મારી પુત્રીઓના ખબર તમે લખશો જ એવું મેં ધાર્યું હતું. પોતાનાં બાળકોના ખબર પોતાનાં માણસો જ આપે; તમે તો બાળકોના રસિયા છો...

પ્રિય ચિત્રકાર! તારું લખાણ તારાં ચિત્રો જેવું જ છે. હરિશંકરને તમે એમ કેમ કહ્યું હતું કે 'તું તો મસ્તરામની મોનોપોલી (ઇજારો) કરીને બેઠો છે'. તેથી તો એ મારી સાથેની મૈત્રીનું રાજીનામું આપવા તૈયાર થઈ ગયા હતા. આ બધી વાત શું સાચી છે? એની ગૃહિણીને પ્રાપ્ત થએલી બાળકી જોઈ હશે. પ્રવાસના ખબરોની આશા તારી પાસેથી અને પરમાનંદ પાસેથી છે. પરમાનંદને મેં પત્ર લખ્યું છે.


તમારી કથા જૂની થઈ ગઈ હવે, પણ તને મળેલા માનથી તું અલિપ્ત છે એ તારી મહત્તા. તારી અનેક સ્થળે થતી સ્તુતિથી તું કેવી રીતે નિરાળો રહ્યો છે એ મેં ધ્યાનપૂર્વક જોયું છે. એ ગુણ પ્રતિ મારું હૃદય પ્રેમપૂર્વક નમ્યું છે. મારા રવિ, એ ગુણ તારા હૃદયનું ચિહ્ન છે. ભવિષ્યમાં તારી એ સ્થિરતા તને તેજસ્વી બનાવશે.

સ્કૂલમાં તને સ્કૉલરશિપ મળી હોય તો ત્યાં જ જજે. બાકીના જે બે રસ્તા તેં ઘડી રાખ્યા છે તેમાંનો એક જોઈએ તેવો સારો નથી. પ્રોફેસર ઑવ પેઇન્ટિંગની જગ્યા મળે તો વડીલોને સંતોષવા તારી ફરજ તું અદા કરે છે એમ હું માનીશ, મને એ ક્ષેત્રની બહુ સમજ

શતરંજ...... સુરેશ મોદી

ઓગણીસમી સદીના અંતમાં વિશ્વની સર્વમાન્ય ટૂર્નામેન્ટ થઈ ત્યારે તેમાં વિલ્હેમ સ્ટેનિટ્ઝ પ્રથમ વિશ્વવિજેતા થયા. વિશ્વવિજેતાનું પદ સર્વમાન્ય થયું ત્યાર પહેલાં અને પછી મળીને તેઓ ૨૮ વર્ષ સુધીના (૧૮૬૬-૯૪) સર્વશ્રેષ્ઠ ખેલાડી ગણાયા. તેની શરૂઆતની કારકિર્દીની રમતોમાં કોમ્બિનેશન્સ વધુ જોવા મળતાં. પાછળથી તેમની રમત વધુ ને વધુ 'પૉઝિશનલ' થતી ગઈ. 'પૉઝિશનલ પ્લૅ'ના ઘણા સિદ્ધાંતો તેમની રમતમાંથી પહેલવહેલા શીખવા મળ્યા હતા. વજીરનો ભોગ આપીને ઊભું કરેલું તેમનું એક ઘણું જ સુંદર કોમ્બિનેશન આપણે અહીં જોઇએ.

STEINITZ



AMATEUR

સ્ટેનિટ્ઝ (કાળા)ની ચાલ છે.

1..., Q–R5! . N×Q. સફેદને વજીર લીધા વિના છૂટકો નથી. દા. ત. 2Q×B, R/1×N, પછી કાળાની જીત જલદી થાય.

2..., B×P! 3 N–N6 ch.

3, R–B8 mateની ધમકી સામે આ સિવાયની ચાલ જેમ કે 3P–KR3 પછી R–B8ch; 4K–R?, B–N8ch; 5 K–R1, N–B7 mate થાય છે.

3..., P×N; 4 P–KN3, R–K7 dis ch; 5K–R1, R×Rch; 6K–N2, R–N8ch; 7K–R3 N–B7ch; 8K–R4, R–B5ch; 9P×R, R–N5 Mate.

અહીં 9K–N5 પછી બીજે હાથી 9..., R–N5થી મ્હાત કરે છે. કાયડાથી પરિચિત વાચકો આ વિકલ્પની 'ઇંડિયન થીમ' જેવી મ્હાતની સ્થિતિને ઓળખી શકશે.

વજીરનો ભોગ આપતી વખતે આ આખું કોમ્બિનેશન સ્ટેનિટ્ઝે કલ્પી લીધું હશે.

નથી, પણ આટલું લાગે કે તારી કલાના ભેખને આવું બંધન ના શોભે.

બીજો વિચાર નકામો જ છે; માત્ર બિચાર સારી વાતોથી તું દોરવાઈ જાય છે એ તારી સરળતા મને નથી ગમતી. તું કોની સાથે, કયા સંબંધથી, કયા સંજોગોમાં જોડાય છે એનો મારા વચનની ખાતર વિચાર કરજે. આજે હું તને ફરી કડવાં વેણ કહેવા લાગ્યો...તેં તારી આંકેલી રેખા ઉપર મારી સૂચના અને મત માગ્યો તેથી મેં લખ્યું. ચિ. નરહરિ કુશળ રહે તમારો એ પુત્ર જબરો થશે. દિવાળીના દહાડામાં તમે એને લઈને બંગલે આવ્યા હતા ત્યારે એણે જે ચપળતા દેખાડી હતી તે હું અને નાનાસાહેબ યાદ લાવી આનંદ પામીએ છીએ. ચિ. ગૌતમ કુશળ હશે. તમે હવે એક મજાનું પત્ર લખશો. હું હવે જુદો પડું છું. રાત્રિ પણ વધતી જાય છે.—તમારો મસ્ત.

૪૦૦ શ્રી રણજિતરામનું અવસાન

બાકીની રજા ભાવનગરમાં જ પૂરી કરવાની હતી. એ દરમિયાન મારા મનને પ્રબળ સંક્ષોભ કરનારા બનાવો બની ગયા: (૧) મુંબાઈથી હાજીની ટપાલ આવી પડેલી, તેમાં 'ગુજરાતનો નાથ'ની ચાલુ વાર્તાનાં ચિત્રો તુરત કરી મોકલવાનાં હતાં; (૨) બીજી બાજુ પિતાશ્રીને વડોદરાના પોસ્ટ માસ્તર તરીકે ચાલુ પગારે કામચલાઉ મુદત માટે જવાનો હુકમ મળ્યો હતો. એ એકલા જ વડોદરા ગયા. (૨૬-૫-'૧૭). કુટુંબ ગામના ડહેલામાં રહેલું. (૩) ૧૨મી મેએ બહાર પડેલા બી. એ.ના પરિણામમાં અમારા મિત્રમંડળમાંથી હરભાઈ ત્રિવેદી પાસ થઈ ગયા એટલે તે નોકરી શોધવા મુંબાઈ ગયા. (૪) આ વખતે યુદ્ધ બાદ ભારતને કોઈ પ્રકારની સ્વતંત્રતા મળશે નહિ એવી બ્રિટિશરોએ સંજ્ઞા બતાવી એટલે ગાંધીજીએ આફ્રિકાની સેવામાં પોતાને મળેલો 'કૈસરે હિંદ'નો ચાંદ સરકારને પાછો વાળ્યો.

'વીસમી સદી'ના આવતા અંકનાં ચિત્રો મેં પોસ્ટ કરી દીધાં કે તુરત છાપામાં સમાચાર આવ્યા કે રણજિતરામ વાવાભાઈ જુહુના સમુદ્રમાં તણાઇને ડૂબી અવસાન પામ્યા (તા. ૧૪ જૂન '૧૭). મારા મનને આથી ઘણો આઘાત લાગ્યો. રણજિતરામ મારા પરમ શુભચિંતક. મારી કળાને બિરદાવનાર એ ભવ્ય પુરુષનું હવે પ્રત્યક્ષ દર્શન નહિ થાય! એમણે જ મારો ને હાજીનો સમાગમ કરાવી આપ્યો હતો અને 'વીસમી સદી' દ્વારા ગુજરાત મારી સેવા સ્વીકારે એ મારા પ્રારબ્ધની અદ્‌ભુત ઘટના હતી. મેં તુરત હાજીને પત્ર લખ્યો કે 'વીસમી સદી' માટે તેમના અવસાનનું એક સ્મૃતિચિત્ર મને સ્ફૂર્યું છે તે વહેલામાં વહેલું મોકલી આપું છું. ગમે તેમ કરીને આવતા અંકમાં સમાવી દેજો.

એ ચિત્રમાં સમુદ્રકિનારે ગુર્જરસ્થાપત્યવાળું સ્મૃતિ મંદિર બતાવી તેમાં રણજિતરામની છબી, અને તેના ઓટલા પર વિલાપ કરતી સ્ત્રી તથા બાળકો નિરૂપ્યાં. તેને ગુજરાત કહો કે રણજિતરામનું વ્હાલસોયું કુટુંબ ગણો. સાથે સાહિત્યકળાના ઉપાસક તરીકે તેમને બિરદાવતાં વચનો લખ્યાં અને હાજીને પોસ્ટમાં મોકલી આપ્યું. હાજીનો જવાબ આવ્યો કે ચિત્ર સમયસર મળી ગયું છે. એ પછી મેં વહેલામાં વહેલી તકે મુંબાઈ પહોંચી જવાની તૈયારી કરી. (ચાલુ)

કલાવાર્તા

કલાનો એક આવશ્યક અભ્યાસગ્રંથ

કલાનો શુદ્ધ પ્રાથમિક પરિચય કરનાર માટે આવશ્યક અભ્યાસગ્રંથ કહી શકાય એવું એક સરસ પુસ્તક હમણાં બહાર પડ્યું છે.* ભારતીય તથા પશ્ચિમની કલાની ભાવનાઓને ઇતિહાસરૂપની સરળ જાણકારી માટે આવું પ્રકાશન અગાઉ જોવામાં આવ્યું નથી.

આ પુસ્તક ભારતીય વિદ્યાર્થીઓને લક્ષમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું હોવાથી તેમાં આપણી ભારતીય કલાસંસ્કૃતિનું સવિશેષ વિશ્લેષણ અને વિવેચન, બીજા દેશોના મુકાબલે સવિશેષ વિગતે કરવામાં આવ્યું છે. વિદ્યાર્થીની કક્ષાએ જરૂરી સરળતા સાથે ઉચ્ચ કક્ષાના અભ્યાસ માટે સંગીન પાયો આપી શકે એવી રીતે તેમાં બોધ કરવામાં આવ્યો છે.

કલાના કોઈ પણ પ્રાથમિક અભ્યાસીએ કલાનાં મૂળ તત્ત્વોનાં પ્રારંભિક સ્વરૂપો તેમજ વિવિધ સંપ્રદાયો–શૈલીઓનો જે પરિચય કરવો પડે છે, તે આમાં સમાવી લીધો છે. જુદાજુદા યુગના શ્રેષ્ઠ કળાકારો તથા તેમની કૃતિઓ જાણવા પછીની બીજી વિશિષ્ટ વાતો ઉચ્ચ કોટિના વિદ્વાનો પર છોડી દેવાની છે. વળી આગળ વધવા માટે કલા માટેના પ્રતીતિકર શબ્દ-સમુચ્ચયોની પણ સમજ આ ગ્રંથમાં વિશદપણે આપેલી છે. ઉપરાંત શબ્દાર્થોની મોટી સૂચિ પણ સામેલ કરી છે.

દરેક પ્રદેશની સંસ્કૃતિમાં કલા હમેશાં ઉચ્ચ પદધારિણી રહી છે, અને માનવ આત્માને સમૃદ્ધ બનાવી આધ્યાત્મિક આનંદ આપનારી ગણાઈ છે. કલાકૃતિઓમાં અપાર વિવિધતા નજરે પડે છે, કારણ કે માનવીની અભિરુચિ અને સૌંદર્યભાનમાં પાર વિનાની વિવિધતા હોય છે. એ બધાને ગ્રહણ કરવાને –તેમના સૌંદર્યાનુભવ માટે આપણી અનેક શક્તિઓનો વિકાસ અને સાથ મેળવવો પડે છે. પ્રથમ તો આપણી આસપાસ જે કંઈ સૌન્દર્ય વ્યાપ્ત હોય તેને જોવા કે ધ્યાનમાં લેવાને કાન અને આંખની ઇન્દ્રિયો જાગૃત રાખવાની જરૂર છે. કલાકારોમાં આ શક્તિઓ સ્વભાવ બની ગઈ હોય છે.

પરંતુ સૌથી મહત્ત્વની શક્તિ તો આપણું મન છે, જે શ્રવણ કે દૃષ્ટિથી પ્રાપ્ત થતા સંસ્કાર પિછાનવાનું એકમાત્ર સાધન છે. સૌન્દર્યભાવથી વ્યાપ્ત કલાસ્વરૂપોને ઓળખવા કે પ્રકટ કરવાનું મન જ સૌથી સમર્થ સાધન છે. એની બધી શક્તિઓનો વિકાસ અને સજાગતા સાધવામાં કલા માનવ-સ્વભાવનું અનુકૂળ વાહન છે, એથી શિક્ષણ માટે કલા મહત્ત્વનું તત્ત્વ છે. તે માણસને ભૌતિક અનુભવોમાંથી આધ્યાત્મિક આનંદ તરફ ખેંચી જાય છે અને ફિલસૂફો જેને પ્રેમ કહે છે તે સૌન્દર્યમાંથી સત્ય અને શિવનો પરિચય કરાવે છે.

મહાન કલાકૃતિઓ માત્ર આત્મનિવેદનનું સાધન નથી, પણ આદાન કે સંક્રમણનો ધર્મ ધારે છે. તત્ત્વરૂપે તો કલામાત્રની એકવાક્યતા છે, પરંતુ જ્ઞાનપ્રદેશે ઘણી વાર તેના પ્રયોગો તે ભિન્ન ભિન્ન પ્રકારથી વ્યાખ્યા પામે છે; જેમ કે સમયની ગતિવાળી કળા : જે ચાલુ રહે એટલો સમય જ અસ્તિત્વ બતાવે એવી સંગીતકલા. એવી જ રીતે સમયના ચલન સાથે સ્થળકાળનો આશ્રય લેતી નૃત્યકલા, સ્થળપૂરક તત્ત્વ બને છે, પણ તે સમય પૂરતી જ. કેવળ સ્થળના આશ્રયે જ ટકી શકે એવા કોઈ પણ પદાર્થ કે સાધનથી સ્થળ કે વિસ્તારમાં રચી શકાય તેવી પ્રત્યક્ષ કલાઓ સ્થાપત્ય, ચિત્રકલા, પ્રતિમાકલા અને શિલ્પનિર્માણો છે.


આ ગ્રંથમાં એ રીતે સર્વ પ્રત્યક્ષ કલાઓ વિષે ઇતિહાસક્રમ અને અવબોધન આપનાર ચિત્રાકૃતિઓ એટલી ભરપટ્ટે આપી છે તે જ માત્ર જો કોઈ જુએ તો સહજમાં તે કલાભિમુખ બને એમ કહી શકાય.

કલાઓનાં સ્વરૂપો માનવસમાજમાં કેવી રીતે ઉત્ક્રાન્તિ પામીને સંસ્કૃત કક્ષા પ્રાપ્ત કરી શક્યાં તે સમજતાં કલાની શક્તિ, પ્રભાવ અને માનવ સંસ્કૃતિના અપૂર્વ સાધન રૂપે તેને પિછાનતાં વાર નહિ લાગે. આ સ્વરૂપો કેવી ને કેટલી રીતે નવાં નવાં નિર્માણમાં પ્રગટ થયાં તેની આ ગ્રંથમાંની આકૃતિઓથી કોઈને પણ પ્રતીતિ થશે કે કલા માનવ-પ્રકૃતિનું જ ઐશ્વર્ય છે અને માનવીનો આત્મા તેમાં અમર અને વિરાટ ચેતના પ્રકટ કરી રહ્યો છે.


૭ × ૯॥ ઇંચના માપનું ('કુમાર'ના કદનું) આ પુસ્તક તેનાં ૨૫૦ પાનાંમાં દેશદેશની કલાનો ઉદ્ભવ અને વિસ્તાર ઘણી સરળ અને સુયોગ્ય ભાષામાં દોઢસો ઉપરાંત ચિત્રાકૃતિઓ સાથે આપે છે; ઉપરાંત પાછળની ૧૬ આર્ટપ્લેટમાં આપેલા સવા બસો જેટલા નાના ફોટોગ્રાફો પુસ્તકમાં વર્ણવેલી લગભગ સર્વ કૃતિઓના નમૂના પૂરા પાડે છે. એ કૃતિઓ અનેક ગ્રંથોમાં મોટી તેમજ પૂર્ણ રંગમાં પણ જોવા મળે છે, એટલે સૌને આ નાનાં ચિત્રો સૂચનરૂપે ઉપયોગી થશે. આવું મહત્ત્વનું અને અનન્ય પુસ્તક વસાવવા અમે ખાસ ભલામણ કરીએ છીએ. —ર. મ. રા.

(એમાંથી બે આકૃતિઓ પાછળ આપી છે)


*Introduction to the History of Fine Arts in India and the West *by* Edith Tomory; Orient Longmans Ltd. Nicol Road, Ballard Estate, Bombay 1; 250 pages with 153 illustrations and 16 art-plates bearing 225 pictures; Rs. 16.



પૂર્વે વ્યક્તિના દેહાવશેષો પર ધૂળ-માટી વાળીને જે સ્મૃતિ-ઢગ રચાતો તેમાંથી કાળાનુક્રમે સ્તૂપનો વિકાસ થયો છે. બૌદ્ધ સમયમાં આવા સ્તૂપનું માહાત્મ્ય ઘણું હતું. એની અંદર ભગવાન બુદ્ધના અથવા કોઈ અગ્રગણ્ય પવિત્ર બૌદ્ધ આચાર્યના શારીરિક કે પારિભોગિક અવશેષ સાચવી રાખવામાં આવતા. માત્ર સ્મૃતિ સ્વરૂપે પણ એની રચના થતી. કલામાં સ્તૂપની આકૃતિ એ ભગવાન બુદ્ધના પરિનિર્વાણની સંજ્ઞા બની રહી હતી. અહીં સ્તૂપના વિવિધ આકાર દર્શાવ્યા છે, જે આ પાનાં પર જેનું અવલોકન લીધું છે એ પુસ્તકમાંથી લીધેલા છે. ૧. પ્રાગૈતિહાસિક સ્તૂપ, ૨. અશોકના સમયનો સ્તૂપ, ૩. સાંચીનો વિખ્યાત સ્તૂપ, ૪. તખ્તે બહીનો સ્તૂપ અને ૫. માંડલેનો તાવ્યાગ્યાંગ સ્તૂપ.



૧ ૨ ૩ ૪



ભારતના ઉત્તર વિસ્તારના અને દક્ષિણ ભાગનાં મંદિરોની રચના ઘણી રીતે ભિન્ન છે. ઉત્તર ભારતમાં પણ એક જ સમયમાં જુદાંજુદાં સ્થળે બનેલાં મંદિરોમાં પણ તફાવત દેખાય છે, છતાં તેની મૂળભૂત રચનામાં કેટલુંક સામ્ય પણ છે. જેમ કે એનાં ગર્ભગૃહ ચોરસ જ હોય છે, પણ એની બહારની દીવાલો પર વધારાનું કામ કરી એને ચારે દિશામાં આગળ લંબાવેલી હોય છે. આ રીતે ઉપર દર્શાવ્યા પ્રમાણે ગર્ભગૃહની મુખ્ય દીવાલ પર એક થર આગળ લેવાયો હોય તેને (૧) ત્રિરથ, બે થર વધુ હોય તો (૨) પંચરથ, ત્રણ થર હોય તો (૩) સપ્તરથ અને ચાર હોય તો (૪) નવરથ રચના કહે છે. ◐ ઓરિસ્સાનાં મંદિરો બહુધા બે મુખ્ય ભાગમાં બંધાએલાં છે: (૧) 'વિમાન'–મંદિરનો મુખ્ય ભાગ જેને સ્થાનિક પરિભાષામાં 'રેખા-દેવળ' કહે છે અને (૨) એની આગળનો મંડપ જેને 'જગમોહન' કે 'પિધ્ધા દેવળ' કહે છે. રેખા-દેવળના વિભાગો મનુષ્ય દેહના અંગો પ્રમાણે ઓળખાય છે. જમણી બાજુ એની સમજ આપી છે. એમાં अ 'પા-(પાદ-પગ) ભાગ', व જંઘા, क ગણ્ડી (ધડ), ड મસ્તક અને ह ખાપુરી (ખોપરી). વધુ મોટાં મંદિરોમાં રેખાદેવળ અને જગમોહન ઉપરાંત 'નાટયમંડપ' અને 'ભોગમંડપ' પણ હોય છે. ('હિસ્ટરી ઑવ ફાઈન આર્ટ્સ'માંથી)

મંગલ અભિનંદન*

પૉંડીચેરીના શ્રી અરવિંદ આશ્રમ તરફથી અભિનંદનપત્રોના બે ચિત્રસંપુટોનું જે પ્રકાશન થયું છે તે મંગલ પર્વની શુભેચ્છા દર્શાવવા નિમિત્તે જ થયું હોવા છતાં એ સમગ્ર પ્રવૃત્તિને મંગલ અભિનંદન ગણી લેવા જેવું યથાર્થ છે, કારણ કે શ્રી અરવિંદ આશ્રમે યોગસાધનાનો પરિક્રમ વિસ્તારી સંસાર અને સમાજને ભાવના અને સાધનાનો પથ દર્શાવવા જીવનનાં અનેકવિધ કર્મક્ષેત્રોમાં સ્વાસ્થ્ય, કુશળતા અને વ્યાપકતા લાવવાના ભગીરથ પ્રયત્નો કરવા માંડયા છે અને તેમાં આ પ્રકાશન પણ એક સંસ્કારપ્રતીક બની રહે છે.

આ જેમ મોટાંઓનાં અભિનંદન-ચિત્રોના સંપુટ છે તેમ બાળકો માટે પણ પોસ્ટકાર્ડના સંપુટ તૈયાર કર્યા છે, જેમાં ફળો, પક્ષીઓ, પ્રાણીઓ, પ્રકૃતિ વગેરેના વિષયો રજૂ થયા છે.

પણ એથી વધુ આવકારપાત્ર તો એ મોટા સંપુટમાંનાં સુંદર ચિત્રોને સારા કાગળ ઉપર માઉન્ટ કરીને આપેલા ચિત્ર તકતીઓના બે સમૂહ છે. આજની ન સમજાય એવી જટિલ ચિત્રકળાથી મુક્ત એવા, શુભ્ર સ્વચ્છ નિર્મળ રંગપ્રભાવિત ભાવનાં આ ચિત્રો આબાલવૃદ્ધ સર્વને સાત્ત્વિક આનંદ અને પ્રેરક ઉલ્લાસ આપે એવાં છે. તેના સર્જકોએ આશ્રમની મંગલ કલ્પનાઓને સંનિષ્ઠપણે ચિત્રોમાં સાકાર કરી છે. એ સર્જકોમાં આશ્રમવિધાત્રી શ્રીમાતાજીનાં પણ બે ચિત્રો છે; તે સાથે આશ્રમ-દીક્ષા પામેલા વ્રતીત શ્રી કૃષ્ણલાલ ભટ્ટ, શ્રી છગનલાલ જાદવ, શ્રી જયન્તીલાલ અને ભાઈ પ્રતાપરાયનાં સ્વચ્છ રીતે આલેખાએલાં રુચિર સર્જનો છે. ઉલ્લેખનીય ચિત્રોમાં શ્રીમાતાજીનું 'આભાસ', કૃષ્ણલાલનાં 'રક્તકમળ' અને 'હિરણ્યમય પુરુષ', શ્રી છગનલાલ જાદવનાં 'પ્રતીક્ષા' અને 'તડકાવાળી શેરી', શ્રી જયન્તીલાલનું 'સોનેરી ધરતી', શ્રી પ્રતાપરાયનું 'પ્રકાશિત શિખરો' ગણાવી શકાય.

જેમને કળામાં ખાસ સમજ ન હોય તેમને પણ ગમે એવાં, કલા અને ભાવનાયુક્ત આ ચિત્રો આપીને સમાજમાં સૌંદર્ય, ચિંતન અને પ્રેરણા આપનારી આ પ્રકાશનપ્રવૃત્તિ કરવા માટે ફરીફરી મંગલ અભિનંદન. —ર. મ. રા.


* ફ્રેમમાં મઢીને ભીંત પર લટકાવી શકાય એવા નવ નવ ચિત્રોના બે મોટા સંપુટો; મંગલ પર્વ નિમિત્તે અભિનંદન તરીકે મોકલી શકાય તેવાં માઉન્ટ કરેલાં, એ જ ચિત્રો (કવર સાથે)ના બે સમૂહ; તેમજ કિશોર-કિશોરીઓ માટે અભિનંદનકાર્ડના બે સમૂહ. કિંમત જણાવી નથી. પ્રાપ્તિસ્થાન: શ્રી અરવિંદ આશ્રમ એમ્પોરિયમ, પ્રીતમનગરનો પહેલો ઢાળ, સરખેજરોડ, અમદાવાદ ૭ અથવા અંગ્રેજીમાં સરનામું કરીને Aurobindo Ashram Pondicherry.

ઉંબર પર (ચિત્રકાર: કૃષ્ણલાલ ભટ્ટ)→

આભાસ (શ્રી માતાજી) ↓







સમન્વય : ગાય અને ધર્મભાવનાનાં સંકેતસૂત્રોના સમન્વય દ્વારા ચિત્રકાર દવે જયેન્દ્રકુમારે કદાચ ભારતના જીવનનું તત્ત્વદર્શન રજૂ કર્યું છે.

નવમું ગુજરાત રાજ્ય કલાપ્રદર્શન · ૧૯૬૮

લલિતકલાની પ્રવૃત્તિઓને વેગ તથા ઉત્તેજન મળે તેમજ કલાકારો અને કલાસંસ્થાઓને પ્રોત્સાહન મળે એ માટે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી જે અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે તેમાં દર વર્ષે યોજાતું રાજ્ય કલાપ્રદર્શન મુખ્ય છે. કલાકારો, કલાના વિદ્યાર્થીઓ તથા પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાનાં બાળકોની જુદીજુદી શ્રેણીઓમાં એમની કલાકૃતિઓ રજૂ કરવામાં આવે છે. ચિત્ર, શિલ્પ, ગ્રાફિક્સ, સ્થાપત્ય, ઍપ્લાઈડ આર્ટ તથા ફોટોગ્રાફી એવા એના વિભાગોમાં પણ ચિત્ર તથા શિલ્પમાં વસ્તુલક્ષી અને અર્વાચીન એવા બે ભાગ રહે છે. ગયા ડિસેમ્બરમાં અમદાવાદમાં યોજાએલા આવા નવમા રાજ્ય કલાપ્રદર્શનમાં કુલ ૧૮૨૫૦ રૂપિયાનાં ઈનામો વહેંચાયાં. આ પ્રદર્શનમાંના ફોટોગ્રાફીના વિભાગમાં પ્રથમ ઈનામને પાત્ર ઠરેલી કૃતિ ગયા અંકમાં પ્રકટ થઈ ગયા પછી અહીં ચિત્રકલાના વિભાગમાંથી થોડી કૃતિઓ રજૂ કરી છે. અલબત્ત, આ બધી કૃતિઓ ઈનામ જીતી ગઈ નથી, પણ એની આલેખના ખસૂસ નોંધપાત્ર છે. ચિત્ર અને શિલ્પના અર્વાચીન વિભાગમાં પણ ઘણી કૃતિઓ રજૂ થઈ જ હતી, પણ એ નવતર કલાની કશી ભાવસંક્રાંતિ પ્રેક્ષકો સુધી પહોંચતી જણાતી નથી.



ઘર ભણી : [જયેન્દ્રકુમાર] વિસ્તૃત પટ અને જરૂર પૂરતી જ સૂચક આકૃતિઓ દ્વારા અરૂઢ અને ભાતીગળ રજૂઆત



હિતગુંજ [મિટેકર અરૂણ નારાયણ]



પંખીવાળો [પટેલ અમૃતલાલ ઈશ્વરલાલ]

આ બંને ચિત્રોમાં જૂની ભારતીય શૈલીની પ્રેરણા સ્પષ્ટ છે. પહેલા ચિત્રમાં પર્સ્પેક્ટિવ વિના પણ ઊંડાણ લાવવાનો પ્રયાસ છે, બીજામાં પહાડી અને રાજપૂત કલમની રસમમાં કરેલું ચિત્રાલેખન છે. પહેલાના આકારોની રજૂઆત સૂચન પૂરતી જ અને શોભનાત્મક છે, બીજાના આકારો વિગતસભર છે. બંને કૃતિઓ જોનારને વસ્તુનો પૂરતો ખયાલ આપી રહે છે.




યોદ્ધા [મિસ્ત્રી છગનભાઈ દયારામ] લોકશૈલીમાં વેગવાન આલેખન



એના સિદ્ધાંતો કાં તો એમને સ્પષ્ટ નથી યા સામાન્ય પ્રજા સુધી એને પહોંચાડવાની એના પુરસ્કર્તાઓને પરવા નથી અત્યારે તો એવી છાપ પ્રવર્તે છે કે જૂની અને નીવડેલી બધી રીત ને છોડીને જે કરવું તે 'મૉડર્ન'! એ દિશામાં થતા બધા પ્રયોગો યોગ્ય છે કે અયોગ્ય એની ખેવના રહેતી નથી જણાતી નથી. ચાતુરીભર્યા વક્રપ્રયોગો દ્વારા આવી કૃતિઓનું રસદર્શન કરાવવાના પ્રયાસો જરૂર થાય છે, પણ ડુબડીમાંના કાંકરા પેઠે ખખડતા એ શબ્દો કોઈને સમજાય છે ખરા? અલબત્ત, કોઈ પણ ક્ષેત્રે નવા પ્રયોગો જરૂર આવકારવા યોગ્ય છે, પણ એમાંથી સ્વીકાર તો પ્રતીતિકર તથ્યનો જ થઈ શકે.

વર્ષો પહેલાં 'કુમાર'માં શ્રીમતી સરિતાબેન નાણાવટીની ચિત્રકૃતિઓ પ્રકટ થઈ હતી. એ પછી સંસારજીવનમાં પણ એમણે પોતાની કલાપ્રવૃત્તિ જારી રાખી છે. હમણાં અમદાવાદમાં શેઠ ચિ. ન. કલાવિદ્યાલયમાં શિલ્પ-સર્જનમાં તેમણે જે નિર્માણો કરવા માંડ્યાં છે તેમાંની આ (સામેની તથા નીચેની) ચાર કૃતિ જોતાં તેમાં સપ્રમાણ સુંદરતા સહજ આવતી લાગે છે.







સાહિત્યસંપર્ક

કવિનો શબ્દ

જ્ઞાનપીઠ પુરસ્કારથી 'ભારતીય સાહિત્યના નકશા પર ગુજરાતી ભાષાનું નામ મૂકવામાં નિમિત્ત બનેલા, "નિશીથ"ના સર્જક શ્રી ઉમાશંકરની સર્જકતા વિવિધ દૃષ્ટિએ મૂલવવાના આશયથી' બહાર પડેલું 'કવિનો શબ્દ' પ્રસંગોચિત્ તેટલું જ આવકાર્ય છે. એનો પરિચય આપતાં સ્વ. મડિયાએ લખ્યું છે કે :

"કે. જે. સોમૈયા કૉલેજે 'સમિધ'થી આરંભેલી ગ્રંથપ્રકાશન શ્રેણીમાં 'કવિનો શબ્દ' વડે એક યાદગાર સીમાસ્તંભ ઉમેરાય છે. નિમિત્ત તો 'નિશીથ'ને પ્રાપ્ત થએલા જ્ઞાનપીઠ પુરસ્કારનું છે, પણ આવો ગ્રંથ તો આમેય પ્રકટ કરવાની અવધ ક્યારની પાકી ગઈ હતી. ચાર દાયકાની સાહિત્યસાધના વડે ગુજરાતી ભાષાસાહિત્યનું નામ અખિલ ભારતીય નકશા પર મૂકી આપનાર ઉમાશંકરના વિપુલ સર્જનવિવેચન-ફાલને મૂલવતો જ નહિ, પણ એને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં મૂકવા મથતા આ ગ્રંથનું શીર્ષક 'કવિનો શબ્દ' એકથી વધુ અર્થમાં સૂચક છે. એક સારસ્વતની શબ્દસાધનાની આટલી સૂક્ષ્મગ્રાહી સમીક્ષા પણ આપણા વિવેચનક્ષેત્રે એક નવી પરિપાટી ઊભી કરે એવું દૃષ્ટિસંપન્ન આ સંપાદન થયું છે. તેથી જ, આ ગ્રંથ ચીલાચાલુ અભિનંદનગ્રંથ ન બનતાં એક ગંભીર અધ્યયનગ્રંથ પણ બની રહે છે એ એની વશેકાઈ છે.

આ ગ્રંથસંપાદનને નિમિત્તે એના ઉત્સાહી સંપાદકે, શ્રી ઉમાશંકરની પુષ્કળ પૂછગાછ વડે એમની સર્જનપ્રક્રિયાઓની જે અમૂલ્ય માહિતીઓ પ્રાપ્ત કરી છે એ પ્રશ્નોતરી-ખંડ આ ગ્રંથનું અમૂલ ઘરેણું બની રહેશે. ઉપરાંત 'વિશ્વશાંતિ'થી 'અભિજ્ઞા' સુધીના ગ્રંથોમાંથી કવિ-વિવેચક નિરંજન ભગતે જે નમૂનારૂપ કાવ્યોની વીણણી કરી આપી છે એ પણ એક વિશિષ્ટ સંપાદન બની રહે છે.

'શબ્દ, ચિરંતર જ્યોતિસ્તંભ'ના ઉદ્ગાતા કવિના શબ્દોની આ રમણીય સૃષ્ટિ સહુ કોઈ શબ્દસેવીઓને પ્રેરક લાગશે. —ચૂ. મ."

('કવિનો શબ્દ'—સંપાદક: પ્રા સુરેશ દલાલ; પ્રકાશક: સોમૈયા પબ્લિકેશન્સ (પ્રા., લિ. ૧૭૨ નાયગામ ક્રૉસ રોડ, દાદર, મુંબાઈ ૧૪; પૃ. ૩૫૦, પાકું પૂઠું, કિંમત રૂ. ૧૨-૫૦)

ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કારનો સમર્પણ-સમારોહ


પુરસ્કાર સાથે અપાએલી વાગ્દેવીની પ્રતિમા

"શ્રી પુટપ્પજી અને શ્રી જોશીજી, આપના સાહિત્યે અમારી સાહિત્યિક અને સાંસ્કૃતિક સંપદાને પુષ્ટ કરી છે. આપે અમને વાણીના વરદાનથી ઉપકૃત કર્યા છે. પુરસ્કાર-પ્રશસ્તિ દ્વારા આપના આ ઉપકાર પ્રતિ અમારી કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો અવસર આપ્યો છે"

ભારતની સાહિત્યિક અને સાંસ્કૃતિક એકતાના વ્યાવહારિક પ્રતીકરૂપ 'ભારતીય જ્ઞાનપીઠ'નો વર્ષોવર્ષ અપાતો રૂ. એક લાખનો પુરસ્કાર આ વખતે(ગયા જૂન અંકમાં સાભિનંદન નિર્દેશાયા મુજબ), ગુજરાતના પ્રતિભાશાળી કવિ શ્રી ઉમાશંકર જોશી અને કન્નડના મહાકવિ શ્રી કુ. વેં. પુટપ્પને સમભાગે અપાયાનો સમર્પણ સમારંભ, ગઈ તા. ૨૦મી ડિસેમ્બરના રોજ સાંજે નવી દિલ્હીના વિશાળ સુંદર વિજ્ઞાનભવનમાં, ભારતના લગભગ પ્રત્યેક પ્રદેશનું પ્રતિનિધિત્વ ધરાવતા ચિક્કાર પ્રેક્ષક-સમૂહ સમક્ષ થયો ત્યારે જ્ઞાનપીઠનાં અધ્યક્ષા શ્રીમતી રમા જૈને એ બંને મનીષીઓનું ઉપર્યુક્ત શબ્દો વડે સ્વાગત કર્યું.

શ્રી પુટપ્પને 'આ યુદ્ધકલાંત યુગની સામૂહિક અન્તચેતનાના આધ્યાત્મિક ઉદ્ગાર' રૂપ એમના 'રામાયણ દર્શનમ્' નામના મહાકાવ્ય માટે, તથા શ્રી ઉમાશંકરને 'આદર્શ અને યથાર્થ'ની વચ્ચે અદ્ભુતરૂપે સંતુલિત એવા, નિરી આશાવાદિતાની સીમાથી ઉપર માનવવેદનાનાં ઉદાત્ત શિખરો પર આરોહણ કરતા કાવ્યસંગ્રહ 'નિશીથ'ને માટે એ પુરસ્કાર અર્પણ કરતાં જ્ઞાનપીઠની પ્રવર સમિતિના અધ્યક્ષ (તથા ઉત્તર પ્રદેશના આજના રાજ્યપાલ) શ્રી બે. ગોપાલ રેડ્ડીએ તેમને મંગલ તિલક તથા પુષ્પહાર સાથે વાગ્દેવીની પ્રતિમા ભેટ આપી; અને ભારતના વરિષ્ઠ ન્યાયમૂર્તિ શ્રી હિદાયતુલ્લાને હાથે એ બંને કવિઓને તેમની પુરસ્કારપ્રાપ્ત કૃતિઓના હિંદી અનુવાદગ્રંથો અર્પણ કરાયા, જે પૈકી 'રામાયણદર્શનમ્'નો અનુવાદ ડૉ. સરોજિની મહિષીએ તથા 'નિશીથ'નો અનુવાદ શ્રી ભોળાભાઈ પટેલ તથા શ્રી રઘુવીર ચૌધરીએ કરેલો છે.

શ્રી પુટપ્પએ નિજી કન્નડ ભાષામાં આભાર વ્યક્ત કરીને ભારતની અખંડિતતાની પ્રતિષ્ઠા વ્યક્ત કરી; શ્રી ઉમાશંકરે પોતાનું વક્તવ્ય થોડું ગુજરાતીમાં અને થોડું હિંદીમાં શરૂ કરીને મૂળ વ્યાખ્યાન (જે અંગ્રેજીમાં હતું તે) અંગ્રેજીમાં સંપૂર્ણ રજૂ કર્યું જેની થોડી કંડિકાઓ આ સાથે આપી છે.

આ સમારંભના એક અંગ તરીકે બંને પુરસ્કારપ્રાપ્ત કૃતિઓના વિષય ઉપર નૃત્યરૂપકો રજૂ થયાં. 'રામાયણદર્શનમ્'નાં કેટલાંક દશ્યોને આધારે 'ભારતીય નાટ્યસંઘ' સંસ્થાએ એક નૃત્યરૂપક પ્રસ્તુત કર્યું. 'દિશાંતર' સંસ્થાએ 'નિશીથ'માંથી સૉનેટમાળા 'આત્માનાં ખંડેર'ને 'સંગીત-નૃત્ય રૂપક'માં રજૂ કરી, જેમાં કાવ્યપાઠ, પ્રકાશવ્યવસ્થા, પરિધાન ગતિમુદ્રાઓ એ સર્વેનો સંયુક્ત પ્રભાવ કવિતામાં નિરૂપાએલી મનઃસ્થિતિને મંચ પર નિદર્શિત કરવામાં સફળ થયો

સમારંભનું બીજું વિશેષ અંગ તે તા. ૨૧ અને ૨૨ના રોજ યોજાએલો ત્રણ બેઠકનો પરિસંવાદ, જેમાંની પહેલી શ્રી પુટપ્પના પ્રમુખપદે અને પછીની બે શ્રી ઉમાશંકરના અધ્યક્ષપદે થઈ. ડૉ. શેશાદ્રી, ડૉ. ફારૂકી, દિનકર, જગદીશચન્દ્ર માથુર, કૃષ્ણ વારિયર, ડૉ. સંપદેન, નીરદ ચૌધરી, ડૉ. અત્તર સિંહ, વી. સીતારામૈયા, પ્રો. હરભજનસિંહ, ડૉ. પુષ્પ, ડૉ. ગોપાલસિંહ, જૈનેન્દ્રકુમાર, ડૉ. નિહારરંજનરાય, કા. ના. સુબ્રહ્મણ્યમ, રમેશ થાપર, નામવર સિંહ, રઘુવીર સહાય શ્રીકાંત વર્મા, ગિરજાકુમાર માથુર, ડૉ. કૈલાસ વાજપેયી, મોહન રાકેશ, પ્રભાકર માચવે, ડૉ. દેવરાજ આદિએ ભાગ લીધો. વિષય હતો : 'વિજ્ઞાન અને ટૅકનૉલૉજીનો કલ્પનાશીલ સાહિત્ય પર પ્રભાવ.' વિષયની માંડણી કરનાર ડૉ. નામવર સિંહે (વામપંથી છતા વિચારક અભ્યાસી અને સરસ વક્તા) મોટા ભાગના મુદ્દાઓને આવરી લીધા. છેલ્લાં સો વર્ષમાં વિજ્ઞાન અને ટૅકનૉલૉજીએ સાહિત્યને આંતરિક રીતે ભરપૂર પ્રભાવિત કર્યું છે એવી સ્થાપના કરીને એમણે પ્રભાવિત થવાના જુદા જુદા પ્રકાર જણાવ્યા. પ્રો ગોકાકે ઉપમાનો અને કલ્પનો-

નાં ઉદાહરણ આપીને એ પ્રભાવ સ્વીકારીને કહ્યું કે, 'ભારતીય લેખક જે એકલવાયાપણું અને આંતરિક શૂન્યતા અનુભવે છે તે અરધું પોતાનું છે ને અરધું પરદેશથી આયાત કરેલું છે'.

શ્રી નીરદ ચૌધરીએ રમૂજી રીતે વિજ્ઞાનના ઉપપ્રભાવો અને આડપેદાશોની વાત કરતાં કહ્યું કે, 'આ જ્ઞાનપીઠ પુરસ્કાર પણ સિમેન્ટની આડપેદાશો છે.' (જ્ઞાનપીઠના સ્થાપક સાહુ શાંતિપ્રસાદ જૈનનો એક ઉદ્યોગ સિમેન્ટનો પણ છે.) એમણે સર્જન પ્રક્રિયાને બૌદ્ધિક પ્રક્રિયાથી તદ્દન જુદી તારવીને અલૌકિક અનુભૂતિ તરીકે ઓળખાવી. પ્રાદેશિક ભાષાઓના સાહિત્યના સંદર્ભમાં ગુજરાતીના વર્તમાન સાહિત્ય વિષે થોડી વાત થઈ: લેખકની પરંપરા વિસ્તરી છે. એ વિશ્વસાહિત્યમાંથી પોતાની સજ્જતા કેળવી રહ્યો છે. વિશ્વાસનું સ્થાન પ્રશ્ન લઈ રહ્યો છે. 'આધુનિક અરણ્ય' (નિરંજન ભગત) અને 'છિન્નભિન્ન છું' (ઉમાશંકર)નો ઉલ્લેખ કરીને કહ્યું કે વિશ્વશાંતિની વાત કરનાર હવે વૈયક્તિક અશાંતિની વાત કરે છે. ગુજરાતીમાં આ કે તે પ્રભાવથી કૃતિનું મહત્ત્વ થતું નથી. ત્યાં સૌન્દર્યનિષ્ઠ ધોરણોનો આગ્રહ છે ને ટેકનૉલૉજીએ સુલભ કરી આપેલા તમામ માધ્યમો વચ્ચે ય લેખક પોતાના શબ્દના માધ્યમ પાસે સલામત છે, અને નિજી શબ્દ જ એની ઉપલબ્ધિ છે.

બીજી-ત્રીજી બેઠકમાં પ્રમુખસ્થાને બેઠેલા ઉમાશંકરભાઈ વચ્ચેવચ્ચે ચતુર મધુર ટીકા ઉમેરી દેતા હતા. એક વક્તાએ બધું જવા બેઠું છે એની વાત માંડી હતી. કહ્યું કે, 'શું શું લખું? ફ્રૉઈડ વાંચ્યા પછી પ્રેમની કવિતા પણ ગઈ.' ઉમાશંકરભાઈએ પૂછ્યું: 'પણ પ્રેમનું શું થયું?'

એમણે સમાપન અંગ્રેજીમાં કર્યું. ચર્ચામાં અનુત્તર રહી ગએલા પ્રશ્નોનો એમણે ઉત્તર આપ્યો. ટેકનૉલૉજીએ માનવ સામે ઊભી કરેલી સમસ્યાઓને એમણે સર્જક માટે એક શ્રદ્ધાકીય કટોકટી તરીકે ઓળખાવી અને ટેકનૉલૉજીનાં દૂષણોનો એકરાર કર્યો. એમણે વિજ્ઞાનનું ગૌરવ કરતાં કહ્યું કે, 'વિજ્ઞાન તો એક નમ્ર અને વિવેકભરી શિસ્ત છે અને એ તો પોતે જ માનવીય વિકાસ છે. વિજ્ઞાન અને માનવ-મૂલ્યો વચ્ચે ઉપસાવવામાં આવેલો વિરોધ હવે જૂની વાત થઈ છે.' વિજ્ઞાનના આ વિકાસના તબક્કાએ ફરી મૂલ્યો અને ધર્મ તરફ ધ્યાન ખેંચ્યું છે એ એમણે સોદાહરણ સમજાવ્યું. અને કહ્યું કે, 'પણ વિજ્ઞાનના આ કમાઉ દીકરા ટેકનૉલૉજીના અહંકારનો પાર નથી. બધી ગૂંચો એણે જ ઊભી કરી છે. એની કમાણીએ જ વિચારકને વિમાસણમાં મૂક્યો છે અમેરિકાના એક નગરમાં વીજળીનો પ્રવાહ બંધ થઈ ગયો ત્યારે ઊંચી ઈમારતોના ખંડોમાં પાસેપાસે રહેતા માણસોને ખયાલ આવ્યો કે પડોશમાં કોણ રહે છે તે પૂછીએ, એમના બાળકને કંઈ મુશ્કેલી હોય તો જરા મદદ કરીએ. આ શરૂ થયું ત્યાં તો વીજળીનો પ્રવાહ પાછો શરૂ થયો અને સૌ એકમેકથી અજાણ્યાં બની ગયાં' વળી કહ્યું કે સર્જક એકત્વ અર્પવાની બે શક્તિ ધરાવે છે: શબ્દના માધ્યમથી, પ્રેમની અનુભૂતિથી. એમણે જ્ઞાન અને પ્રેમનો અવિરોધ સૂચવી કહ્યું કે સર્જનાત્મક શક્તિ એ જ માણસની સૌથી મોટી શક્તિ છે.

(સંકલિત: મુખ્યત્વે શ્રી રઘુવીર ચૌધરીના અહેવાલ ઉપરથી)

શબ્દ: જ્યોતિષ્કલિકા

'એ ('નિશીથ' સંગ્રહમાંનાં) કાવ્યો લખાયાં ત્યારે મારી ઉમર આજના કરતાં અરધી હતી અને મુંબઈ જેવા વિશાળ અર્વાચીન મહાનગરમાં પગભર થવા હું મથી રહ્યો હતો—પહેલાં એક વિદ્યાર્થી તરીકે અને પછી ગૃહસ્થ તરીકે. જે કૃતિ તરફથી સંગ્રહને નામ મળ્યું છે તે 'નિશીથ'ની પંક્તિઓ કવિ શ્રી મેઘાણીભાઈના તાજા જ મળેલા પત્રના કોરા ભાગમાં, મોડી રાત્રે પરામાં પાછા ફરતાં લોકલ ગાડીમાં લખાઈ હતી. મધ્યરાત્રિના દેવતા (નિશીથ)ને કરેલા એ ઉદ્‌બોધનમાં છંદ દેખીતો તો વૈદિક ઉદ્‌બોધનોને અનુરૂપ હતો, પણ કાવ્યની ઈબારતમાં વીજળીગાડીનો લયાન્દોલ પ્રવેશ પામ્યા વિના રહી શક્યો નહિ. 'આત્માનાં ખંડેર'ની (નિશીથમાંની) સૉનેટમાળાનાં સત્તરમાંથી તેર સૉનેટ બી એ.ના એક વિદ્યાર્થી તરીકે ઇંડિયન બૅંકિંગના અભ્યાસમાં હું ગળાડૂબ હતો તેવામાં ત્રણ દિવસમાં લખાયાં હતાં.'

'ઉત્તર ગુજરાતના ગામડાના મારા જેવા તરુણને શબ્દના—જ્યોતિષ્કલિકા' જેવા શબ્દના—બંદા બનવાનું સૂઝ્યું શી રીતે? આ પ્રશ્ન મેં મારી જાતને વારંવાર પૂછ્યો છે અને એનો ઉત્તર હજી હું પામ્યો નથી. એટલું ખસૂસ કહી શકું કે કવિ તરીકે વિકસવું હોય તેણે ઉત્તરોત્તર, વધુ ને વધુ બહોળા 'સમાજસંદર્ભમાં ઓતપ્રોત થતા રહેવાનું હોય છે.'

'કાવ્ય એ એક શબ્દ-નિર્મિતિ છે, અને સર્જક શબ્દ દ્વારા, કવિ-આત્માનાં સંચલનો, ભાવિકોની ચેતનામાં આનંદરૂપે—બલકે ભાવિકોની આનંદ-ચેતનારૂપે પરિવર્તિત થાય છે.'

'મારાં માવતર અને આસપાસના મારા ગામના લોકો જીભ ઉપર શબ્દોનો સ્વાદ અનુભવતાં, એ તો મારી ઉપરના શબ્દના આકર્ષણનું કારણ નહિ હોય? મને પૂરો ખયાલ પણ આવે તે પહેલાં શબ્દ મને માનવજીવનમાં જે કાંઈ અભિવ્યક્તિ માટે તલસી રહ્યું છે તે પ્રતિ દોરી ગયો. વસ્તુજગત અને પ્રાણીજગત સાથે એણે આત્મીયતાનો એક સેતુ રચી દીધો. શબ્દ એક એવી કૂંચી હતી જે વડે વસ્તુઓ પોતાનું અંતર મારી સમક્ષ ખોલતી અને અંતે, શબ્દના જ રૂડા પ્રતાપે, ભૂતકાળમાં જે કાંઈ અર્થસંપન્ન હતું તે એક જીવંત વર્તમાનરૂપે પ્રત્યક્ષ થયું અને અણદીઠ ભવિષ્યના મહાર્ણવ ઉપર પણ શબ્દે પથરેખાઓ આંકી, અને એ રીતે મારે માટે એક સુસમૃદ્ધ એવી ભીતરત: રચી આપી.

'કવિની યાત્રા ચાલે છે, શબ્દની રાહબરી નીચેના—શબ્દ એ એક એવું તત્ત્વ છે કે જેની દ્વારા જ એનું અસ્તિત્વ સંભવી શકે. અને પછી…શબ્દ અને કાર્ય વચ્ચેનો ભેદ વિલીન થઈ જાય છે અને શબ્દ પોતે જ કર્મ બની રહે છે…' મને ઋગ્વેદનો 'કવિક્રતુ' શબ્દ બહુ ગમે છે. કવિ એટલે ક્રાન્તદર્શી, પરપાર વિલોકનારો; ક્રતુ એટલે કામકરંદો, કર્મપુરુષ. કવિક્રતુ એટલે કાવ્યકાર—કર્મકાર. જેનું કાવ્ય એ જ કર્મ છે એવો મનુષ્ય…રવીન્દ્રનાથ એવી વ્યક્તિ હતા.'

'કાવ્યને પોતાની પાછળ મૂકતો કવિ આગળ વધે છે, નવી ને નવી વસ્તુની શોધમાં. કાવ્યેકાવ્યે એ નવતર આરંભ કરે છે. પ્રત્યેક કાવ્યનો જન્મ એટલે કવિ તરીકે એનો પુનર્જન્મ. પોતાના હાથે સર્જાતા પ્રત્યેક કાવ્ય સાથે કવિ પામતો રહે છે આધ્યાત્મિક પરિપક્વતા'.

'મેં ૧૯૩૧માં 'વિશ્વશાંતિ'થી આરંભ કર્યો. ૧૯૫૬માં મેં 'છિન્નભિન્ન છું' આપ્યું. 'આત્માનાં ખંડેર'માં બાહ્ય જગત અંગેની એક પ્રતીતિ નિરૂપાઈ હતી, જ્યારે 'છિન્નભિન્ન છું' માં આંતરજગત વિષય બને છે…સમકાલીન સમાજનું યંત્ર વૈજ્ઞાનિક સંઘટન થઈ રહ્યું છે, અને એના પરિણામે પ્રેમની નીકો ઝડપભેર સુકાઈ જઈ રહી છે. શહેરોની ભરી ભીડ વચ્ચે માણસ એકલવાયો બની રહ્યો છે, અને એને આંતર-એકલાપણું, એકાંત, શાંતિનું કેન્દ્ર તો લાધતું જ નથી, જ્યાંથી એ મનુષ્ય તરીકે પ્રવૃત્ત થઈ શકે.'

'…સમકાલીન જગતમાં ભારતીય કવિને…વૈશ્વિક ચિંતામાં સહભાગી બન્યા વગર ચાલવાનું નહિ…એ જેમજેમ સાચો વિશ્વમાનવી બનશે તેમ એ સાચો ભારતીય નીવડશે. રવીન્દ્રનાથનો દાખલો આપણી નજર આગળ છે જ.'

—ઉમાશંકર જોશી

(જ્ઞાનપીઠ-પુરસ્કાર સ્વીકારતાં કરેલા પ્રવચનમાંથી)

કવિ કુ. પુટપ્પ



કવિ ઉમાશંકર

ડૉ. કુપ્પાલી વેંકટપ્પ ગૌડ પુટપ્પ, જે 'કુવેમ્પુ'ના પ્રિય ટૂંકા નામે ઓળખાય છે એમને અંગ્રેજી છંદરચના અને ભાષા ખૂબ પ્રિય હતી; અને એક પ્રસંગથી કન્નડમાં કવિતા રચવા તરફ વળ્યા બાદ એ માતૃભાષા પ્રિયતર બની ત્યાં સુધી એ અંગ્રેજીમાં જ કાવ્યો લખતા. ઈ. ૧૯૨૩માં એ હજી કૉલેજમાં હતા ત્યારે આઈરિશ કવિ અને કલાવિવેચક ડા. જેમ્સ કઝિન્સ પાસે પોતાની કેટલીક અંગ્રેજી રચનાઓ લઈને ગએલા. એ વખતે એમનો એક અંગ્રેજી કાવ્યસંગ્રહ તો પ્રસિદ્ધ થઈ ચૂક્યો હતો ને બીજા સંગ્રહો તૈયાર પડ્યા હતા. પણ કઝિન્સે તો એમ પૂછ્યું કે, 'તમે તમારી માતૃભાષા કન્નડમાં કેમ નથી લખતા? તમારી કવિતામાં જો દૈવત હશે તો પછી મારા જેવા કેક એનો અંગ્રેજીમાં અનુવાદ કરશે.' આ સાંભળીને એ નિરાશ થઈ ગયા. એમને થયું કે જરીપુરાણા કન્નડ છંદમાં વળી કવિતા તે ઊતરતી હશે?

પણ ઘેર જઇને કન્નડમાં એક રચના અજમાવી ને એક મિત્રને બતાવી. મિત્રને એ ખૂબ ગમી અને સરસ લયમાં તેને ગાઈ. ગાન એટલું તો સુંદર હતું કે તેણે એમને વિચાર કરતા કરી મૂક્યા. છતાં એમનું જે પહેલું કાવ્ય 'વસંત' એક કન્નડ પત્રમાં છપાયું તે તો મૂળ અંગ્રેજીમાં લખેલા કાવ્યનો અનુવાદ હતો. ઇંગ્લંડમાં વસતા એક કન્નડ સિવિલિયને તે વાંચીને તંત્રીને પ્રશંસાનો કાગળ લખ્યો. તંત્રીને તપાસ કરતાં જણાયું કે એનો લખનાર તો હજી એક કાચો કૉલેજિયન હતો.

એ 'વસંત'થી તે ૫૦ સર્ગવાળા અને ચાર ગ્રંથમાં પ્રકાશિત મહાકાવ્ય 'રામાયણ દર્શનમ્' લગીની કવિતાયાત્રા કન્નડ સાહિત્યમાં ઐતિહાસિક ગણાય છે. ૮૯૭ પાનાંના એ મહાકાવ્ય રામાયણ દર્શનમ્‌ની બે વિશિષ્ટતાઓ છે: ૧) એ એને માટેના ખાસ 'મહાછંદ'માં રચાયું છે, અને ૨) એ વિદ્વાનો તેમજ જનસામાન્ય બંનેને જકડી રાખે છે. વિદ્વાનો એમાંનાં અભિનવ ભાવપ્રતીકો અને ભવ્ય કાન્તદર્શનથી મુગ્ધ થાય છે, તો કન્નડ હરિકથા કરનારાઓ આવા અર્વાચીન કાવ્યમાં રહેલી અદ્‌ભુત સંગીતમયતા પર વારી જાય છે.

શ્રી ઉમાશંકર હવે ખાનગી વ્યક્તિ કે 'ઈત્યાદિ'વર્ગી લેખક નથી રહ્યા. જવાબદાર ને શક્તિમાન લેખક તરીકે એ એક ધ્યાનપાત્ર વ્યક્તિ ગણાય. જોકે એ (હજી) રાજપ્રકરણને ચોરે નથી ચડ્યા, કે નથી નિમાયા કોઈ મોટે ઓદ્ધે; વળી એ નથી મૂડીદાર કે નથી મજૂરસંઘવી. છે માત્ર લેખનપ્રવૃત્તિએ આગળ આવેલા. એ આપણા જાણીતા કવિ અને 'સંસ્કૃતિ'ના તંત્રી આ ત્રેવીસ નિબંધોના સંગ્રહ*રૂપે પોતાના લેખણ-વિહારનો એક નવો પ્રકાર રજૂ કરે છે. આ પહેલાં એમણે પ્રજા આગળ સંખ્યાબંધ ગ્રંથો ધર્યા છે. નાટકનાટિકા, નવલનવલિકા, કવિ બાલાશંકરની કૃતિઓનું સંપાદન, કવિ અખાભગતનું અધ્યયન (સ્ટડી), વિવેચનાઓ, વગેરે ઉપરાંત પોતાની કવિતાના છ સંગ્રહો પણ એમણે પ્રકટ કરેલા છે. તેમાં આ રસિકવિવિધ, માથું ના પકડે એવા નિબંધો ઉમેરાય છે. એમનાં મંતવ્યો-ચિંતનો, કલ્પનો અને વલણો કિશોરવય અને નૌજવાનીની અનુભવાભા ને કચાશમાંથી મુક્ત થઈ કેવો પરિપાક પામતાં જાય છે, તે એમની આ નવી ચોપડીના આયનામાં જોઈ શકાય છે. …એ શાળામાં હતા ત્યાંથી જ શાળાસોબતીઓમાં બુદ્ધિ, આગેવાની, અભ્યાસ અને મિલનસાર સ્વભાવે વહેલા જ મોખરે આવી ગએલ. વળી એમના પ્રથમ કાવ્ય 'વિશ્વશાંતિ'એ, જુદીજુદી મહોરછાપે માનનીય એવા બે વડીલોને સારી રીતે આકર્ષેલ,—એક તો શ્રી કાલેલકર, સર્વવિષયચરખારી, ઊર્મિલ, હસમુખા અને ગાંધીજીના એક જાણીતા અંતેવાસી; ને બીજા નરસિંહરાવ, દૂધમાંથી ય પોરા કાઢનાર પણ સાક્ષરતાએ સુપ્રતિષ્ઠિત. પોતાની ગુણવત્તા ઉપરાંત આવા કારણથી પણ એ પ્રથમ પહેલા સર્જને જ શ્રી ઉમાશંકર પ્રતિ ઘણાનું ધ્યાન ખેંચાએલ, અને આજ કોઈ પણ કારણે જમાનાના લેખકોમાંથી જે વંચાતા થાય, તેઓમાંથી જ વાચકોનાં એટલે તેમનાથી નાના કિશોરો-નૌજુવાનોનાં રુચિઅપરુચિ, આદર્શો અને ભાવનાઓને ઘડનારા પણ નીકળે. —(સ્વ.) બલવન્તરાય ક. ઠાકોર

*'ગોષ્ઠિ'નું અવલોકન કરતાં આજથી ૧૭ વર્ષ પર 'સંસ્કૃતિ'માં લખેલું.



જ્ઞાનપીઠ-પારિતોષિક-પ્રદાન સમારોહ પ્રસંગે: ડાબી બાજુથી ૧) પારિતોષિક-નિર્ણાયક સમિતિના એક સભ્ય કાશ્મીર-નરેશ ડૉ. કર્ણસિંહ; ૨) સદરહુ સમિતિના મંત્રી શ્રી લક્ષ્મીચંદ્ર જૈન; ૩) ડૉ. કુ. વેં. પુટપ્પ; ૪) સમારંભના અધ્યક્ષ અને નિર્ણાયક સમિતિના એક સભ્ય, ઉત્તર પ્રદેશના રાજ્યપાલ ડૉ. બે. ગોપાલ રેડ્ડી; ૫) શ્રી ઉમાશંકર જોશી; ૬) ભારતીય જ્ઞાનપીઠનાં અધ્યક્ષા ને નિર્ણાયક સમિતિનાં એક સભ્ય શ્રીમતી રમા જૈન.



સ્વ. ચૂનીલાલ મડિયા

ગુજરાતની ચાળીસી પછીની પેઢીના એક અગ્રિમ સર્જક અને વ્યુત્પન્ન લેખક શ્રી ચૂનીલાલ મડિયાના, ગઈ તા. ૨૯મી ડિસેમ્બર ૧૯૬૮ની રાત્રે, માત્ર ૪૬ વર્ષની વયે હૃદયરોગના હુમલાથી થએલા ઓચિંતા ને અકાળ અવસાનથી ગુજરાતી સાહિત્યને એક સબળ કથાકાર, સચોટ વ્યંગકાર અને સજીવ શૈલીકારની મોટી ખોટ પડશે. ટૂંકી વાર્તા, નવલકથા, નાટક, નિબંધ, વિવેચન, કટાક્ષલેખો અને કાવ્યો એવાં સર્વવિધ રૂપોમાં વિચરતી તેમની લેખનશૈલીએ સાહિત્યને તળપદી લોકબોલીના સામર્થ્યનાં આયુધો સજાવ્યાં.

લગભગ સવા ડઝન જેટલી નવલકથાઓ, અરધો ડઝન ઉપરાંત નાટ્યસંગ્રહો, દોઢ ડઝન વાર્તાસંગ્રહો, અરધો ડઝન વિવેચનગ્રંથો, એક કાવ્યસંગ્રહ, ચાર સંપાદિત ગ્રંથો અને એ ઉપરાંત નિબંધ, પ્રવાસવર્ણન, ચરિત્રાત્મક સાહિત્ય તથા અન્ય ભાષાના ગ્રંથોના અનુવાદો—એમ બધું મળીને લગભગ પાંચ ડઝન જેટલી કૃતિઓ દ્વારા વિપુલ અને સત્ત્વશીલ પ્રદાન કરી, ગુજરાતી સાહિત્યક્ષેત્રના સાંપ્રત કાળના અગ્ર હરોળના સર્જકોમાં સાધિકાર પોતાનું સ્થાન ધરાવતા શ્રી ચૂનીલાલ મડિયાનો જન્મ ઈ. ૧૯૨૨ની ૧૨મી ઑગસ્ટે સૌરાષ્ટ્રના ધોરાજી ગામમાં દશાશ્રીમાળી જૈન વણિક પિતા શ્રી કાલિદાસ જાદવજીને ત્યાં થયો હતો. એ જ ગામમાંથી ઈ. ૧૯૩૯માં મૅટ્રિક થઈ અમદાવાદની એચ. એલ. કૉમર્સ કૉલેજમાંથી ઈ. ૧૯૪૫માં તેઓ બી.કૉમ. થયા. સર્જનની શરૂઆત એમણે 'કુમાર'માં એમની શરૂની નવલિકાઓથી કરી.

'જન્મભૂમિ'ના સવારના દૈનિક 'નૂતન ગુજરાત'ના તંત્રી ખાતાથી કારકિર્દી આરંભીને એ ૧૯૫૦ થી ૧૯૬૨ સુધી મુંબાઈમાંની અમેરિકન સરકારની માહિતી કચેરી(યુસિસ)માં ગુજરાતી વિભાગના વડા તરીકે રહ્યા, જે દરમ્યાન ઈ ૧૯૫૫માં તેમણે અમેરિકા-યુરોપનો ટૂંકો પ્રવાસ કર્યો. એ સ્થાન છોડયા પછી ૧૯૬૩ના જાન્યુઆરીથી સાહિત્ય-માસિક 'રુચિ' શરૂ કરીને એમણે જીવનના અંત સુધી સ્વતંત્ર રીતે સાહિત્યકાર્ય કર્યા કર્યું, જે કીર્તિદા તેમજ અર્થદા બંને નીવડયું. એમની નવલિકા-નવલકથા-નાટકો માટે ઈ. ૧૯૫૭નો રણજિતરામ સુવર્ણચંદ્રક અને 'રંગદા' નાટયકૃતિને નર્મદ સુવર્ણચંદ્રક એમને મળ્યા હતા.

પોતાની નૈસર્ગિક પ્રતિભાને વિશ્વસાહિત્યના પરિશીલનદ્વારા ઓપ આપીને એમણે કરેલા સાહિત્યનિર્માણમાં સૌરાષ્ટ્રની ધીંગી ધરાના ઘટ્ટ ધાવણની સાથોસાથ વિશ્વ ચેતનાનાં અમૃતબિંદુ પણ હતાં. 'ન્યૂ યૉર્ક હેરલ્ડ ટ્રિબ્યૂન' દ્વારા યોજાએલી વિશ્વવાર્તા હરીફાઈમાં ઈનામ પામેલી એમની 'અંતઃસ્રોતા' વાર્તા ગુજરાતીમાંથી હિન્દીમાં, એમાંથી અંગ્રેજીમાં અને તેમાંથી પછી ઈટાલિયન ભાષામાં અનુવાદિત થઈ હતી.

'વાર્તાવિમર્શ', 'ગ્રંથગરિમા' અને 'કથાલોક' જેવા વિવેચનગ્રંથોમાં વાર્તા-નવલકથા વિષેની સિદ્ધાંતલક્ષી ચર્ચા, સર્જાતા સાહિત્યની સમીક્ષા અને વિદેશી લેખકો તથા તેમની કૃતિઓનો રસપ્રદ પરિચય આપનાર મડિયા વિવેચનમાં અરૂઢના ઉપાસક હોવા છતાં તેઓ પરંપરાગત પ્રશિષ્ટ પરિશીલનકાર હતા. આજની વહેતી વણઝારમાં સામેલ થઈ તેમણે ફૅશન પ્રમાણે ઘટનાશૂન્ય કે પ્રતીકયુક્ત વાર્તાઓ ન લખતાં કલાતત્ત્વની ઈષ્ટ એવી કેડી પર જ પોતાની યાત્રા ચાલુ રાખેલી.

જેના ઉપરથી ફિલ્મ ઊતરી છે એ એમની નવલકથા 'લીલુડી ધરતી'નું લેખન સુગ્રથિત હોત તો એનું પોત Sagaનું છે. એમની સાહિત્યસિદ્ધિનું મુખ્ય બળ એમની ભાષામાં રહેલું છે. છેલ્લેછેલ્લે તે અખબારી લઢણોમાં વિશેષ ખૂંપતી જતી છતાં, મૂલતઃ તો એ આપણા સજીવ ને સર્વતોમુખી સાહિત્યકાર હતા. એમના આત્માને અમારી શ્રદ્ધાંજલિ છે.
(ગુજરાત સમાચાર, જન્મભૂમિ, ગુજરાતમિત્ર, સંદેશ આદિમાંથી સંકલિત)



ચાહનાનાં પુષ્પો : 'કુમાર'ના ચાહક વર્ગ તરફથી દર વર્ષે અભિનંદનપત્રો મળે છે એમાં છાપેલા તૈયાર ઘણા નમૂનાઓ સુંદર અને કલામય હોય છે જ, પણ જેમાં જાતે ચાહનાનો રંગ ભર્યો હોય તેવાં પત્રોમાંની ઝાલીયેલી રજૂઆતમાં પણ સિદ્ધહસ્ત કલાકાર મિત્રોની કૃતિ જેવી જ પ્રોત્સાહક ઉષ્મા અમે અનુભવીએ છીએ. આ વર્ષના એવા થોડા નમૂના : ઉપરથી જમણી બાજુ અનુક્રમે : ૧ ચણતા પંખીનું લોકશૈલીમાં આલેખન (બિહારી), ૨ કાગળ પરના ભાતીગળ વળાંકાનો ઉપયોગ કરીને સર્જેલી સાગરની કલ્પના (દિનેશ શાહ અને એનિતા શાહ-મુંબાઈ), ૩ કાગળ પર ઉપસાવેલી સુંદર ભાત (શિકારી), ૪ લયભર્યું આલેખન (નિરંજન દલાલ-વિલેપારલે), ૫ લે કશૈલીમાં બુટ્ટો (ઉષાકાન્ત મહેતા-વડોદરા), ૬ વિવિધરંગી કાગળના ટુકડા ચોડીને બનાવેલો ઘોડેસવાર (ચંદ્રકાન્ત પંચાલ-કડોલ), ૭ પોતાના ઘરની કાષ્ઠ-કોતરણી પરથી કરેલું આલેખન (પ્રમોદ પટેલ-ભરૂચ), ૮ રંગ અને રેખાની અજમાએશ (રમેશ નાયક-અમલસાડ), ૯ મંદિરના શિલ્પના ફોટોગ્રાફનો ઉપયોગ (રમેશ સોની-મુલુંડ), ૧૦ લોકશૈલીમાં આલેખન (ભૂપત લાડવા રાજકોટ), ૧૧ સૌરાષ્ટ્રનું એક પાત્રાલેખન (બલવંત જોષી-રાજકોટ), ૧૨ જતા અને આવતા વર્ષનું સૂચન (દેવજીભાઈ વાજા-પોરબંદર), ૧૩ રેખાની રમતમાં મોરનું આલેખન (અમૃત વ. પંડયા અને તારાબેન પંડયા), તેની નીચે ૧૪ પોતે જ પાડેલા ફોટાનો ઉપયોગ (વિનુભાઈ પટેલ-બોરીઆવી), ૧૫ દરિયાલેખન (વિનોદચંદ્ર શાહ-થોડાસર), ૧૬ રંગ રેખામાં સર્જન (હરિભાઈ ટંડેલ-કાંકરાફળિયા), અને છેલ્લે પ્રભ શકર પંડયા (ચાંદ્રાણી-કચ્છ)ની સ્વાતંત્ર્ય-ભાવના.

સારા બર્નહાર્ડ

લેખક
ચન્દ્રવદન મહેતા



સારા
બર્નહાર્ડ
[પાછળ એનો
પરિચય આપ્યો છે]

હિન્દુસ્તાનમાં જૂની સંસ્કૃત નાટ્ય-પ્રણાલિકાઓની વારંવાર ગર્વપૂર્વક વાતો થાય છે, રસસિદ્ધાંત ઉપર વિવેચનાથી ભરપૂર પુસ્તકો લખાય છે, પણ આજે જેમણે રસ રેલાવ્યો છે યા રેલાવે છે, એવાં મશહૂર નટનટીઓનાં નામે પ્રકીર્તિત નાટકશાળાઓ બંધાતાં લાખો વર્ષ લાગશે. ખિજાઈ ન જતા! આ અતિશયોક્તિનો પ્રકાર છે અને અતિશયોક્તિ કાવ્યસાહિત્યમાં એક અલંકાર છે. ધ્વનિ ક્રોધનો છે, એટલું જ આ થકી કહેવાની મતલબ છે. ગૅરિક, સારા બર્નહાર્ડ, ઝૉર્કી, ચેખૉવ, ઇરવિન એમ જાણીતાં નટનટીઓને નામે નાટકશાળાઓ બંધાઈ છે, એમ આપણે ત્યાં એક વાર બાલીવાળાના સ્મરણમાં મુંબાઈમાં નાટકશાળા બંધાઈ હતી. પછી આપણે એને સિનેમામાં ફેરવી નાખી, અને નટનટીનું સાચું સ્મારક નાટકશાળા બંધાય તો જ ગણાય એવું પણ કંઈ માનવાની જરૂરિયાત જોઈ નથી.

પારી(સ)માં સારા બર્નહાર્ડનું પ્રખ્યાત થીએટર. ત્યાં દર સાલ આંતરરાષ્ટ્રીય ખેલો ભજવાય. બે ત્રણ મહિનાની મેહફિલ જામે. ક્યૂબાના ને મેક્સિકોના ને અસ્પાનિયાના ને કોરિયાના ને જાવા-સીલોનના એમ દેશદેશના કલાકારોનાં જૂથને પારી(સ)ની થીએટર દ નાંસિયોની સંસ્થા નોતરે, અને સારા બર્નહાર્ડ થીએટરમાં એની રજૂઆત થાય આ વિષે વિસ્તારથી આપણે આગળ ઉપર જોઈ ગયા છીએ. ત્યારે આ સારા બર્નહાર્ડ કોણ? ફ્રેન્ચ પ્રજા તો એને 'અમર' સારા કહે છે. કેટલાક એને 'લા ડિવાઈન' (દેવી)સારા પણ કહે છે. એવી દિવ્ય વિભૂતિ સારા તે કોણ? લાખો કમાઈ, કઈકને ઘેલાં કરી, લગભગ ચાર વીશી જેટલું જીવી, એવી તે આ કેવી નટી કે છેક આજે એના નામ પર લોકો આફરીન થઈ જાય છે? એના જીવનકાર્ય ઉપર ચર્ચાચોતરો જામવાનો છે એમાં અમે પધાર્યા છીએ.

છે ને નસીબ! જીનિવાથી ગ્રેનોબલ આવ્યા: સારા બર્નહાર્ડ ઉપરના પરિસંવાદમાં એક સામાન્ય શ્રોતા તરીકે હાજરી આપવા. ત્યાં અચાનક મળે છે બ્રેડા! સાંજે ત્રાસવાદ, તથા અત્યંત ક્રૂર—બારોબાર ક્રૂરતાનું થીએટર, તે ઉપર ચર્ચા. સવારે દસેક મિનિટ વહેલા યુનિવર્સિટીના જૂનવાણી ફ્રેન્ચ કીમિયાગરે કારીગરીથી શણગારસંપન્ન બાંધેલા ખંડમાં દાખલ થવા પગથિયાં ચઢીએ છીએ, ત્યાં પાછળ એક સરસ મોટી મોટરમાંથી સુંદર વસ્ત્રોમાં, નજાકત ને સલૂકાઈથી ભરેલી એક સ્ત્રી ઊતરે છે. એનું ત્યાં હાજર રહેલાઓ સ્વાગત કરે છે. અમે પણ દસમે પગથિયેથી ફરીને એ દૃશ્ય જોઈએ છીએ. સફેદ હૅટ, સફેદ કમખો, સફેદ પેટિકોટ, સફેદ હાથમોજાં—એ હાથમોજાં એ અત્યંત ચપળતાથી કાઢે છે, પોતાની મોટરમાં મૂકે છે અને ત્રણચાર અધિકારીવર્ગથી વીંટળાએલી એ ધીમેધીમે પગથિયાં ચડે છે. પગથિયાં ઉપર બધાં જ થંભી જાય છે. સૌ કોઈ એને માથું નમાવી આવકારે છે. બ્રેડા મારી આગળ નીચેને પગથિયે હતી. તરત તો એ એને ઓળખી ન શકી, પણ એના ચબરાક મગજમાં ઓળખ જાગી, એટલે એણે પણ બે પગથિયાં ઊતરી એ મહેમાનનું બહુમાન કર્યું. 'હાઉ બ્યૂટિફૂલ! થૅંક્યુ. આર યુ ઇંગ્લિશ? ફ્રેન્ચ?' 'નો માદામ! યુગોસ્લાવિયન.' 'આહા, ઝાગરેબ? બેઉગ્રાદ?' 'નો માદામ! મારીબોર.' 'આહા! લવલી પ્લેસ! એની ગિરિમાળા મેં જોઈ છે. થૅંક્યુ.' ત્યાં તો એ મારા પગથિયા ઉપર આવી પહોંચતાં મારી ઉપર નજર પડી. હું મલક્યો, હસ્યો, બે હાથ જોડી શિર નમાવી ઊભો રહ્યો. 'આહ નો! રીઅલી? મે'તા! તમે અહીં?' મારા બંને હાથ પકડીને એ થંભી. કોઈ અનેરા ઉમળકાથી મારી આંખમાં જોયું. જૂનો ભાવ પ્રજ્જ્વલિત કરી બતાવ્યો અને બોલી: 'કેટલા સ્વાર્થી છો! તમારી આ સુંદર સખીની સાથે મને ઓળખાણ તો કરાવો!' તરત જ મેં બ્રેડાની અને ફ્લેલિહની ટૂંકમાં ઓળખાણ કરાવી અને ઉમેર્યું કે હું તો એ બેની આંગળીએ વળગી અહીં આવ્યો છું. 'નો ડેલિગેટ?' 'ના, પણ તમે મારી ચિંતા ન કરશો.'

અમે બધાંએ ઉપર ચડવા માંડયું, દરવાજે ફરી એનું સ્વાગત થયું. ત્યાર બાદ એ એમની સત્કાર-સમિતિ સાથે પાંચેક મિનિટ ગુફ્તેગો કરવા ગઈ. મને કહેતી ગઈ કે અમે ત્યાં બેસી ન જતા, હું બોલાવું છું. પણ અમે ત્રણ તો ત્રણચાર હાર છોડીને કયાંક પાછળ બેસી ગયાં. થોડા પરિચિત ચહેરા દેખાવા લાગ્યા: દરકાન્તે, બાતબોલ... અને હું એમને સલામી પૂરી કરું છું ત્યાં તો બહારથી આવતો—જેવી મારા ઉપર નજર પડી કે તરત ધસી આવ્યો—અમારો જેનો, લેનિનગ્રાડમાં ભેટો થએલો તે એલેક્સી આર્બુઝોવ—'ઈરકુટસ્ક સ્ટોરી' નામના પ્રખ્યાત નાટકનો આયોજક! ઓહોહો, શું નાટક એ! અમે મોકળું મન કરી વાતો કરીએ છીએ ત્યાં તો તખ્તા ઉપર પેલી આટલે વર્ષે પણ ખૂબસૂરત, પગથિયાં ઉપર મળેલી ઇન્ગ્રીડ બર્ગમાન ઝળકી—પ્રવેશી. આજના દિવસનું પ્રાથમિક ઉદ્‌ઘાટન કે વિષયસ્ફોટ કહો, તે એને હાથે, એને મોઢે; એટલે એ પ્રમુખની ખુરસી આગળ આવીને ઊભી અને બધાં જ શ્રોતાઓએ ઊભાં થઈ એનું ફરી સન્માન કર્યું અને એ બેઠા પછી જ બધાં બેઠાં. પછી તુરત એ ઊભી થઈ. તણખલું ખરે તો યે ખબર પડે એવી શાંતિમાં ઇન્ગ્રીડનો મીઠો મધુરો અવાજ રણક્યો. લખું? તમને અદેખાઈ આવશે? 'આજનો સમારંભ શરૂ કરીએ તે પહેલાં હું આપની રજાથી અહીં ઉપસ્થિત થએલી એક ડીસ્ટિંક્ટિવ વ્યક્તિને અહીં મારી સાથે રોસ્ટ્રમ પર બેસવા વિનતિ કરું છું. મારા એ જૂના દોસ્ત છે. મારા ઉપર એમનો ઉપકાર છે. અમે કોપનહેગનમાં પહેલાં મળ્યાં હતાં, અને પછી પારી(સ)માં. ત્યારે એમના ઓરીએન્ટલ નાટકના જ્ઞાન વિષે...મિ. મહેતા, આપ અહીં પધારો!' આંખમાં ઝળઝળિયાં સાથે હું રોસ્ટ્રમ પર ગયો ત્યારે બધાએ ઊભા થઇને તાળીઓ પાડી માન આપ્યું, ઈન્ગ્રીડે કોઈ નવલી અદાથી નમસ્કાર કર્યા, અને મેં સામા વધારે નમીને કર્યા ત્યારે સભાજનોમાં ઑર ઉત્સાહ ફેલાયો. અમે બેઠા બાદ તરત સભાનું કામકાજ શરૂ થયું. ફક્ત પાંચ મિનિટમાં ઈન્ગ્રીડે સુંદર ફ્રેન્ચમાં સારાનું રેખાચિત્ર દોર્યું.

'હાઉ ડ્રામાતિક, ટ્રૅજિક-એના જીવતરની શરૂઆત! બર્લિનમાં

સારા બર્નહાર્ડ: જન્મ: ૨૨ ઑક્ટોબર, ૧૮૪૪. ડચ યહૂદી માતા અને ફ્રેન્ચ કૅથોલિક પિતાની એ પુત્રી. અન્ય કંઈ કરી શકે-તેમ ન હોઈ એને અભિનય શીખવા મૂકી જ્યાં ૧૮૬૧માં કરુણ રસ માટે અને '૬૨માં હાસ્ય રસના અભિનય માટે એને ઈનામ મળ્યાં. ઈ. સ. ૧૮૬૨માં એ રૅશિનેના એક નાટકમાં પહેલી વાર જાહેરમાં રજૂ થઈ. '૬૭માં 'કિંગ લીઅર'ના ફ્રૅંચ નાટકમાં કૉર્ડેલિયા તરીકે અને 'લ પેસાંત'માં એક છોકરાના પાત્ર–ઝાનેટોની ભૂમિકામાં એને ઘણી નામના મળી. 'ફેડર' ને 'ડૉનાસોલ' તરીકેની એની ભૂમિકા પણ વિખ્યાત હતી. ઉત્તરોત્તર વધુ ખ્યાતિ પામતી જતી સારા પાછળ ત્યારનો ફ્રેન્ચ યુવાનવર્ગ ગાંડોતૂર હતો. તેઓ એને કવિતાઓ લખી મોકલતા અને સારા જ્યારે થીએટરમાં આવતી ત્યારે એને ફૂલોથી વધાવતા. ફ્રૅંચ-પ્રુશિયન લડાઈ વખતે સારાએ જાતે ઘાયલ સૈનિકોની સેવા કરી હતી. આ પછી વિક્ટર હ્યૂગોના 'રૂય બ્લાસ'માં રાણી તરીકે એ વધુ વિખ્યાત બની. માત્ર અભિનયથી ન ધરાતાં એણે શિલ્પકામ પણ કરવા માંડ્યું. પોતાની બહેન રેજિનાની એણે કરેલી એક આરસ-પ્રતિમા પારી(સ)ના સેલૉંમાં પ્રદર્શિત થએલી થોડા જ સમય પછી લોકો એના ચિત્રકામને પણ વખાણતા થયા હતા. એણે પોતાનો એક સ્ટૂડિયો પણ બનાવ્યો. મસાલો ભરીને રાખેલા ગીધ અને માનવ-હાડપિંજર વગેરે જેવી જુગુપ્સાપ્રેરક ચીજો પણ એણે ત્યાં શોભનમાં મૂકેલી! કહે છે કે પોતાના પર આવેલા પ્રેમપત્રો ભરેલા એક કૉફિન ઉપર ભારોભાર અત્તરથી મઘમઘતી ગુલાબી રેશમી ચાદર બિછાવી એના પર એ સૂતી! આવી તો કંઈક વિચિત્રતાઓ એના વિષે કહેવાતી અને એથી આકર્ષાઈને પણ લોકો એને જોવા થીએટરમાં ખેંચાઈ આવતા.

૧૮૮૨માં એણે જેકસ ડૅમાલા સાથે લગ્ન કર્યું, જેનાથી એને મૉરિસ બર્નહાર્ડ નામે એક પુત્ર થયો. બીજે જ વર્ષે એણે છૂટાછેડા લીધા.

પારી(સ) પછી લંડન, અમેરિકા, યુરોપનાં મુખ્યમુખ્ય શહેરો ને છેક ઑસ્ટ્રેલિયા સુધી સફરો કરી એણે પોતાનાં નાટકો રજૂ કર્યાં. જ્યાં જાય ત્યાં થીએટરવાળા સાથે એને ચકમક ઝરતી જ, અને એથી જ એણે અમેરિકાની એક સફરમાં તો પોતાનો વિશાળ તંબૂ રાખી એમાં નાટકો કરેલાં. આર્જેન્ટિનામાં એના ચાહકોએ એને ૧૩૦૦૦ એકરની જાગીર ભેટ આપેલી. બ્રાઝિલનો રાજા પેદ્રો બીજો તો ત્યાંના એના પ્રત્યેક ખેલમાં હાજરી આપતો.

સમય જતાં સારાના અભિનય અંગે બે મત પડી ગયા. એકને મન એ સદા 'કમાલ' કરતી હતી જ્યારે બીજા મતે એના અભિનયમાં હવે નવીનતા રહી નહોતી. ખુદ એના જીવનકાળ દરમિયાન જ સારાનો અભિનય જૂનવાણી ગણાતો થઈ ગએલો. પણ છતાં હજી એ પ્રેક્ષકોને આકર્ષી શકતી. ૧૮૯૬માં ખાસ એના માનમાં જ પારી(સ)માં એક મેળાવડો યોજાયો અને કવિઓએ એને સૉનેટો ગાઈને બિરદાવી. ૧૮૯૯માં સારાએ ફ્રેન્ચ ભાષામાં 'હૅમ્લેટ' રજૂ કરી એમાં મુખ્ય ભૂમિકા ભજવી. એના એ અભિનય અંગે બે એવા ઉગ્ર મતાંતરો થયા કે એ માટે દ્વંદ્વ પણ ખેલાયું. આ ફ્રૅંચ 'હૅમ્લેટ'ને એણે લંડનમાં પણ રજૂ કર્યું. સારાનો 'હૅમ્લેટ' આનંદી, ટીખળી અને મોજીલો રાજકુંવર હતો. આ હૅમ્લેટમાંના દ્વંદ્વના દૃશ્યને તો સારાએ ફિલ્મમાં પણ ઉતારી લેવડાવેલું. આ પછી ૧૯૧૧માં 'લા રેઈન એલિઝાબેથ' નામની એક ફિલ્મમાં એણે રાણીની ભૂમિકા ભજવી. એ ફિલ્મને ઘણી સારી સફળતા મળેલી. ૭૦ વર્ષની વયે અકસ્માતને કારણે સારાને એક પગ કપાવી નાખવો પડેલો, છતાં એણે તખ્તા પર આવવાનું જારી રાખેલું એટલું જ નહિ, ત્યારે પણ એ પ્રેક્ષકોને વશ કરી શકતી. નાટકો રજૂ કરવાનો એનો ઉત્સાહ હજી યે ટકી રહેલો અને એ જ રીતે ૧૯૨૩માં એક નવા નાટકના રીહર્સલમાં એ એકાએક ભાંગી પડી અને અવસાન પામી.

જન્મે છે. પિતા વિહોણી થતાં પારી(સ)માં આવે છે ત્યાં મા એને તરછોડી દે છે; અદુઅર્દ બર્નાર્દ એનો પાલક પિતા બને છે; આગમાં-થી નાની બાળકી માંડમાંડ બચે છે, ત્યાં વળી એક મકાનના રખ-વાળને ત્યાં ગોંધાય છે; ભણતાં થએલો એનો એક સાથીદાર એની સાથે 'સ્પેનના ચાબુકદાર'ની રમતમાં એને કમરેથી બાંધી ફટાફટ ચા-બૂકના ફટકા મારે છે; કોઈ એની ચીસો સાંભળી આ ક્રૂર ઘાતકી રમત બંધ કરાવે છે; પહેલે મજલેથી નીચે જતી ઘોડાગાડી નીચે ચુંદાઈ મરવા એ ભૂસકો મારે છે; પણ આપઘાત થતો નથી, એ બચે છે... એવા બાળપણમાંથી પસાર થનાર સાતમે વર્ષે માંડ નિશાળનું મોં જુએ છે. ત્યાં બાળ નાટકમાં પરીનો પાઠ કરતાં પહેલો ક્ષોભ અનુભવે છે. પંદરમે વર્ષે તો એને ઍનીમિયા લાગુ પડે છે. ચહેરા ઉપર ચળકતી આંખ સિવાય જોવા જેવું કશું જ રહેતું નથી. શરીરમાં શરદીનું ઘર—નિત્યાવાસ. ક્ષયમાં એ ગુજરી જશે એવો નિષ્ણાત ડૉક્ટરોનો મત. એની એને ખબર. એની લથડતી તબિયતમાં એને એક દિવસ એક નાટકશાળામાં લઈ જવામાં આવે છે. કમને એ જાય છે. જે નાટકશાળા-માં એ ગઈ, તે એના જીવતાં જ એના નામે પ્રખ્યાતિ પામી. એ એની માલિકીની પણ થઈ. આમ, કરુણ બાળપણમાંથી કરુણ પાઠ કરવામાં સફળ અભિનેત્રી થઈ સારા અમર બની. યુરોપના રાજવીઓ, ને મેત્તરલિંક, રોસ્તાં તથા હ્યૂગો જેવા એને બારણે આંટા મારતા. ગસ્તવ દોરે જેવા ચિત્રકારો સાથે એ ચિત્રો ચીતરતી. એના જમાનામાં ન્યૂ યૉર્કની રંગભૂમિને સર કરી, અઢળક ધન અને અક્ષય કીર્તિ કમાનાર આ નટીના જીવનનાં વિવિધ પાસાં વિષે—અને ખાસ કરીને એના અભિનયનાં લક્ષણો વિષે આજે આપણે ચર્ચા કરવાનાં છીએ, એમાં દેશપરદેશથી પધારેલા પ્રતિનિધિઓને હું આવકારું છું. ફ્રાન્સમાં અનેક નટીઓ જન્મી, રંગભૂમિને ઉજ્જ્વલ કરી ગઈ, એમાં સારા બર્નહાર્ડ પોતાની નાદ-શક્તિથી, ઉચ્ચાર-શક્તિથી અને અંતરની અલૌકિક શક્તિથી જે રીતે એને બહલાવી વિક્રમ ઉપર વિક્રમ સ્થાપતી ગઈ, એ માટે એને હું નમ્રભાવે અંજલિ આપું છું. સારા બર્નહાર્ડ અમર છે અને અમર રહેશે એટલું વિનાસંકોચે કહેવામાં હું મગરૂરી અનુભવું છું. મને આજે આવા પ્રસંગે બોલાવી માન આપ્યું છે એ માટે સંસ્થાનો અને આપ સૌનો આભાર માનું છું.'

બસ, બરાબર પાંચ જ મિનિટ બોલી; પણ એટલામાં ઇન્ગ્રીડ બર્ગમાને પોતાની સ્વરશક્તિનો, ભાવભર્યા શબ્દોના અભિનયનો પરચો બતાવી દીધો. પંદર મિનિટ માટે સભા કૉફી-બ્રેક માટે વિખે-રાઈ, એમાં મુદ્દો એ કે જે હાજર હોય તે એકબીજાને ઓળખે. પછી સારાના અભિનય તથા તેણે ભજવેલાં નાટકો ઉપર વિવેચના, સારાના જીવનના ઐતિહાસિક પ્રસંગો, એની સમાજ ઉપર અસર, સારાની કળાનું રહસ્ય, ઍંશી વર્ષ સુધીની તેની સતત કારકિર્દીની સમાલોચ-ના, સારા ઉપર લખાએલાં જીવનચરિત્રો ઉપર ચર્ચા—એવાંએવાં પડખાંપાસાં ઉપર નાનાંનાનાં વર્તુલોમાં, સાંજને ટાણે ફરી આખી સભા મળી. એમ બે દિવસનો ભરચક કાર્યક્રમ ચાલ્યો.

જાતજાતની વાનગીઓ જાણવા મળી. પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટ પારી(સ) આવતા ત્યારે સારાના કાર્યક્રમોની પહેલાં ખાતરી ખબર કરી લેતા, જેથી પોતે હાજર રહી શકે. સારા ન્યૂ યૉર્ક ગઈ ત્યારે એમણે એને જમાડેલી. સારા એની વાતોમાં લખી ગઈ છે કે 'એ બહુ નિપુણ અને ચતુર પુરુષ. અમે બે ધારત તો દુનિયા ઉપર સામ્રાજ્ય ભોગવી શકત!'





સારા બર્નહાર્ડ – તખ્તા પર એક અભિનય મુદ્રામાં. જમણી બાજુ : ઇ. ૧૯૧૧માં ઍડોલ્ફ ઝુકોરે રજૂ કરેલી 'લા રેઈન ઇલિઝાબેથ' નામની એક ફિલ્મમાં તેણે રાણી ઇલિઝાબેથ (પહેલી) તરીકે અભિનય આપ્યો. સળંગ કથાવસ્તુવાળી એ પહેલી જ ચાર રીલ જેટલી લાંબી ફિલ્મ હોવાથી એ કાળનું એ એક મોટું સાહસ જ હતું, પણ એમાં ઘણી સારી સફળતા મળી અને એ પછી લાંબાં કથાચિત્રો ઊતરવા લાગ્યાં.

એક ભાઈના લખાણમાં સારાની અમેરિકાની યાત્રા વિશે એવું જાણવા મળ્યું કે ત્યાં એ પોતાની ખાસ 'સારા બર્નાર્ડ સ્પેશિયલ'માં પ્રવાસ ખેડતી. જ્યારે એ ત્યાંથી કીર્તિ કમાઈ ફ્રાન્સ પાછી ફરી ત્યારે ફોજી મનવારોએ સાગરકાંઠે હરોળમાં ઊભા રહી તોપોની સલામી આપેલી, હાવરે બંદરને શણગારવામાં આવેલું, દેશના અગ્રગણ્ય રાજદ્વારી પુરુષો એને સત્કારવા બંદર ઉપર હાજર રહેલા.

પેલા આન્ત્રુના જર્મન ચેલા ગાંજ્યા ન રહ્યા. સારા બર્નહાર્ડ કરુણ રસની મૂર્તિ હતી ત્યાંથી શરૂ કરી, એણે પ્રેક્ષકોની નાડ ધબકાવી દુઃખ-ત્રાસની અરેરાટી પોકરાવતાં કુઅલ્ટીની રંગભૂમિનાં બીજ નાખી એને વિકસાવવા પ્રયત્ન કર્યો હતો, એવાં જ્યારે પેલાં બિએ વિધાનો શરૂ કર્યાં ત્યારે અમારો દોસ્ત આરબુત્તોવ ઊભો થયો, અને પોતે સંગાથે લાવેલા દુભાષિયા મારફત ત્રાસવાદની રંગભૂમિનાં જડ, મૂળ, ઝાંખરાં-પાંખરાં, ડાળપાંદડાં જે કંઈ એની સામે આવ્યાં અને આંખે દેખાયાં એને કાપી છુંદી નીચોવી, જે કંઈ કૂચો રહ્યો એને તેજાબના ખાંડણમાં બાળી કહ્યું : 'તમે ઇતિહાસને અવળો કરવા પ્રયત્ન કરો એથી કંઈ સારાની કિંમત ઘટવાની નથી દુઃખ-ઓથાર-કારુણ્યની પરાકોટિ આખરે તો શાંતિનો જ નિતાર આપે છે, હચમચી ઊઠેલા હૃદયને નિરંતરની સતતની શાતા તરફ ઢાળે છે, અને એમ કરતાં જે અનેરા રસનો આસ્વાદ ચખાડે છે તે તો જાણનારા જ જાણે—માણનારા જ માણે, એવી સમાધાનની શાંતિનો અનુભવ એ જીવનનો અલૌકિક લહાવો છે, એવા લહાવાનો સારાએ અનુભવ કરાવ્યો હતો. અને આ બાબતમાં જો કંઈ વધારે જાણવું હોય તો આ પણે બેઠેલા અમારા મિત્રબંધુ મે'તાને પૂછો.' આવી તક મિત્રવર્યા ઈન્ગ્રીડ ચૂકે? 'મોંસ્યોર મે'તા મસ્ટ સે—સ્પીક.' અને પછી મહેતા બોલ્યા. તે બપોરે થીએટર ઑવ ક્રુએલ્ટીનાં છોતરાંફોતરાં ઉડાડી સૌકોઈ હોળી કરવામાં સામેલ થઈ ગયાં હતાં; પણ મારાં વહાલાં પેલાં બ-બ્રોનહર અને કારલી દીદી તો, ગમે તેટલી ચર્ચા લંબાતી જાય, અને સોળ ઊઠે એવા ચમાચમ ચાબખા પડતા જાય, તો પણ એમનું રૂવાડું ન ફરકે. કુદરતે આપેલા સુંદર ચહેરા વધારે ને વધારે કટાણા થતા રહે, ત્રાસની રેખા વધારે ને વધારે ઊપસાવી અસર નીપજાવવામાં મંડયાં રહે.

વિક્ટર હ્યૂગોના 'રુઈ બ્લાસ' નાટકની રજૂઆતમાં સારાએ ભજવેલા પાઠ ઉપર સારી ચર્ચા થઈ. કેટલાક ટુચકા ને પ્રસંગો ચર્ચાયા. હ્યૂગોએ એને પોતાના નાટકમાં ભાગ લેવા ચર્ચા કરવા બોલાવી. સારાએ કહાવ્યું કે હું તે શું એની નોકરડી છું? હ્યૂગોએ જવાબ લખ્યો : 'ના, હું વિક્ટર હ્યૂગો તારો ગુલામ છું!' પછી જમણવારના નોતરાની આપ લે થઈ. એમાં કોણ પહેલું કોને બોલાવે અને કોને કોને સાથમાં બોલાવે, એની હોંસાતોંસી થઈ. એમાં પણ સારાએ જ પોતાનો કક્કો ખરો કર્યો. હ્યૂગોના હરનાની નાટકમાં સારાએ પાઠ કર્યો. હ્યૂગો એટલો બધો ખુશ થઈ ગયો હતો કે એ એને રંગમંચ પાછળ મળવા ગયો. તે દિવસે પ્રેક્ષકોએ સારાને મન મોકળું કરી સત્કારી હતી. બંને મળ્યાં, ભેટયાં અને રડયાં. હ્યૂગોએ એને પોતાનાં આંસુ સાથે આંસુ જેવો એક હીરો ભેટ આપ્યો. સારાની એ અમૂલ્ય દોલત હતી. હ્યૂગોએ એને 'ડિવાઇન સારા' કહી. એ બંને ભાવોદ્રેકે ભેટીને ઊભાં હતાં. તેનું રેખાચિત્ર જ્યોર્જિસ ક્લારિને દોર્યું છે. એની નકલો હવે મળતી થઈ છે. એનું મથાળું : 'દેવી અને પ્રતિભા'; ૧૮૭૭ની એ સાલ. ત્યારથી સારા 'ડિવાઈન સારા' તરીકે પ્રસિદ્ધ થઈ.

એક ચર્ચામાંથી એ પણ તારવવામાં આવ્યું કે સારા સુંદર નહોતી, એને કોઈએ સૌન્દર્યયુક્ત નટી કહી નથી. શરીર એકવડું. પ્રમાણસર પણ નહિ. હાથ અડવા, સુકલકડી. એની એ એબ ખભા સુધીનાં પોતે શોધેલાં હાથમોજાંથી ઢાંકતી. વાળનાં ઝુલ્ફાં પણ વિચિત્ર રાખતી, અને વિચિત્ર રીતે શણગારતી. પણ એની પાસે એક આગવો સ્વર હતો. વાચિક અભિનયની એ જીવંત શક્તિ હતી. એંશીના ઉંમરા ઉપર આવી ત્યારે પણ એ કેટલાક પાઠ કરતી. પૈડાંવાળી ખુરશી ઉપર બેસાડીને એને રંગભૂમિ ઉપર લાવવામાં આવતી અને એ કેવળ પોતાના સ્વર થકી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી નાખતી, અભિનયના ભાવમાં રગદોળતી. પાઠ ફ્રેન્ચમાં હોય કે ન્યૂ યૉર્ક-લંડનમાં અંગ્રેજી ભાષામાં કરવાનો હોય, ગમે ત્યાં એના રણકતા, સ્વચ્છ, શુદ્ધ, આસાનીથી બોલાતા ઉચ્ચારોના આરોહઅવરોહથી શ્રોતાઓનાં દિલ જીતી લેતી.

સારાના જીવન વિશે તે દિવસે ઘણું ઘણું જાણ્યું. આવી ચર્ચા કેવી રીતે યોજવી એ વિષે પણ ઘણું શીખ્યો. સૌથી મોટો ફાયદો તો સાંજે ઈન્ગ્રીડ સાથે ત્રણચાર કલાક વાતો કરવાના મળ્યા તે થયો. ઘણે લાંબે ગાળે ફરી મળ્યાં. કોપનહેગનમાં એની દીકરી પિયા સાથે ૧૯૫૯માં પહેલાં મળ્યાં ત્યાર પછી જ્યારે જ્યારે પારી(સ)માં મળેલાં, એ બધાં પ્રસંગો નિશાળિયા પોતાના પાઠ ફરી વાંચી જાય એમ અમે

વાતોમાં ઘોળી લીધા; સુખદુઃખની વાતો કરી. તે રાત્રે ખાણાનો મેળાવડો હતો તે પહેલાં અનાઈસ નિન બાઈને ત્યાં જઈ બેઠાં ત્યાં બ્રેડા, નિન, ઈન્ગ્રીડ, ફ્રેલિહ અને હું એટલાં જ હતાં, એટલે કેટલીક એના સંસાર સંબંધી અંગત વાતો પણ મોકળાં મનથી કરી. તમને યાદ હોય તો આગળ ઉપર આપણે સોનાલીની અને ઈન્ગ્રીડના બીજી વારના પતિ રોગ્રાલીનીના પ્રેમસંબંધ વિષે ઈશારો કરી ગયા છીએ.

અહીં અ વો જોગ: ક્યાં બ્રેડાનું આવવું, અનાઈસ સાથે મેળાપ, આ સેમિનાર, ને એક પછી એક અવનવી સાંજની બેઠક. ઈન્ગ્રીડ તો મને સેમિનાર પૂરી થતાં સીધા પારી(સ) લઈ જવાની વાત કરે મારી. બૅગ તો જીનિવામાં પડી છે અને હું એની સાથે મોટરમાં શી રીતે જાઉં? એટલે આખરે મારે જીનિવા જવું ને એ પારી(સ) જાય, અને ઓરલી એરપોર્ટ ઉપરથી એ મને લઈ લે એવી ગોઠવણ કરી, હું બધાંની વિદાય લઈ, મારા ફ્રેન્ચ વીસા પર છાપ મરાવી, તેને લંબાવી, ફરીથી એ દેશમાં દાખલ થવાની નોંધ તે પર કરાવી જીનિવા જવા નીકળ્યો. સ્ટેશન ઉપર અનાઈસ નિન અને બ્રેડા બંને હાજર હતાં. મેં એમની મોટરમાંથી જ વિદાય લઈ લીધી, પણ ટ્રેઈન આવી ત્યારે બ્રેડાથી પ્લૅટફૉર્મ પર આવ્યા વિના ન રહેવાયું. એકબીજાની સામે મૂગાંમૂગાં ઊભાં રહી, ટગર ટગર જોઈ, ગાડી ઊપડતાં છૂટાં પડ્યાં.

આલ્પ્સ તો એ જ છે, એ જ હારમાળા છે, એ જ શ્વેત શિખરો છે, પણ એ હવે જોવાં નથી ગમતાં અરે, પણ આલ્પ્સે શું બગાડ્યું છે? છે એટલા જ સુંદર છે, અથવા તો સંધ્યાટાણે વધારે મુલાયમ, વધારે સુન્દર દેખાય છે. એને જોવા શા સારુ નહિ? મનને મનાવી જોવા નિરખારું છું, ત્યાં આંખ કહે છે કે હું તો ક્યારની એ શ્વેત શિખરો પર જ ચોંટેલી રહી છું; પણ તમારી બુદ્ધિ સંદેશા નથી ઝીલતી તે હું શું કરું? ના,- એમ તો છેક ન હોતું. એ શિખરોના ગૌરવ ઘાટમાં તરતી ઊભરતી નવી જ આકૃતિ અનાયાસ રચાઈ જતી હતી, અને એ આકૃતિ ઉપર બીજી આકૃતિ, વળી ત્રીજી, એમ એકમાં બીજી ભળતી, તો ત્રીજી ઊપસતી! એવા ભ્રમોની પરંપરામાં સરહદના સંરક્ષકની પાસપોર્ટની માગણી કરતી આકૃતિ આવીને ઊભી રહી ત્યારે મુગ્ધ મૂર્છામાંથી જાગ્રત દશાને પામ્યો.

જીનિવાથી નિશ્ચિત કરેલે દિવસે નિશ્ચિત સમયે પારી(સ) પહોંચ્યો. નીચે કસ્ટમમાં ચાક-લિસોટો ખેંચાવી બૅગ લઈ બહાર નીકળું છું ત્યાં તો કોઈ ઓળખીતું દેખાતું નથી. બહાર રસ્તા તરફ એર બસના થોભા તરફ આગળ વધું છું ત્યાં એ જ મોટી સરસ મોટર ને પરિચિત સાદ. મને કોઈ બોલાવતું હોય એમ લાગતાં જોઉં છું તો ઇન્ગ્રીડ, બરાબર વખતસર, ગાડી પાર્ક કરવાની જંજાળ વહોર્યા વિના આવી રહી હતી. રસ્તે ગ્રેનોબેલની વાતો કરી, શહેરને પડખામાં વટાવી આગળ પૂર્વ તરફ સેન નદીને કાંઠે સરી, શહેર બહારની એક સુંદર વિલામાં આવી પહોંચ્યાં. સ્વસ્થ થઈ વાતે વળગ્યાં. એક, બે, ત્રણ લગ્નનાં પરિણામે જન્મેલાં મોટાં થએલાં સંતાનોને ફરી વાર ઓળખ્યાં, પારી(સ) બહારની ખુશનુમા સ્વચ્છ તાજગીવાળી હવા માણતાં બેઠાં.

'મે'તા! તમે નસીબદાર છો!' ઈન્ગ્રીડના મનની વાત કળી જઈ મેં કહ્યું: 'તમારા જેટલો નહિ.' તો એ કહે: 'ના, વિચાર કરો. હું ત્રણ લગ્ન બાદ આજે સુખી છું. સંતોષી છું, છતાં મને એટલાં જ બંધનો છે. લગ્નજીવનનું સુખ જાણવું માણવું અને એ થકી સંતોષમય જીવન ગાળવું એ આજના સંસારની ચાવી છે. ઘણાં એ નથી જાણતાં અને દુઃખી થાય છે. ઘણાં મારી માફક અખતરાઓ કરી જ્ઞાન પામી જાય છે એ હું કબૂલ કરું છું, પણ તમે એકલતાના દુઃખ વિનાના, અનેક ઉપાધિઓની વિટંબણા વિનાના ખરા સુખી અને ભારે નસીબદાર છો. માનો તો બંધન; ન માનો તો સ્વતંત્ર. તમારી અદેખાઈ તો હું ન જ કરું, પણ તમને આવી પરિસ્થિતિમાં જોઈ હું રાજી થાઉં છું, તમારા એક સહૃદયી મિત્ર તરીકે તમારી સ્વસ્થતામાં ભાગ પડાવું છું.'

'ઈન્ગ્રીડ!' 'ના, કશું જ બોલતા નહિ. તમે મારા ઉપર ભારે ઉપકાર કર્યો છે એ વાત હું કદી ભૂલવાની નથી. એની સતતની યાદ સંકોરાએલી રાખવાની મારી ફરજમાંથી હું ચૂકનાર નથી. મને આ કહેવાનું મન એટલા માટે થયું કે બહુ જ ટૂંક સમયમાં મારે બ્રેડા સાથે ઓળખાણ થઈ. એના દિલમાં તમારે માટે કેટલી કૂણી લાગણીઓ છે એનો સહજ વારમાં પરિચય થયો. તમે ગયા બાદ તે સાંજે અમે પાછાં મળ્યાં હતાં.:હવે તો હું તમારી અદેખાઈ કરું છું.' 'કારણ?' 'કારણ તમે જાણો છો, કે હું માનતી હતી કે મારા સુખી સંસારમાંથી તમારે માટે મારા હૃદયમાં મેં ભીના ભાવનો એક ખૂણો હમેશાં ફાજલ રાખ્યો જ છે. બ્રેડાને મળ્યા પછી મારું અભિમાન ઓસરી ગયું. એકને જ સર્વસ્વ અર્પણ કરવાની તત્પરતા અને તન્મયતાની વાતો મેં વાંચી છે, પણ એથી બીજાને એમાં સ્થાન નથી એમ નથી બનતું.' 'અમારે ત્યાં અદ્વૈત ભાવની ફિલસૂફી છે એમાં—' 'હું એ સંબંધી જ ઉલ્લેખ કરું છું. મેં એ વાંચ્યું છે, વિચાર્યું છે.' 'પણ એમાં એક પગથિયું એવું આવે છે કે ભગવાન સાથે તાદાત્મ્ય, એક ભાવ, અદ્વૈત સાધ્યા બાદ હૃદયનો ભાવ આખા વિશ્વ માટે જાગે છે; યા એનામાં આખું વિશ્વ સમાઈ ગયાનો અનુભવ થાય છે.' 'ના, હું એટલી ઊંડી નથી ઊતરી, પણ એટલું તો શીખી છું કે એક વ્યક્તિ ઘણાંને પ્રીતને તાંતણે સાંધી શકે છે, બાંધી રાખી શકે છે.' થોડી વાર અમે બંને જણ ચૂપ બેઠાં. 'હા, આપણે ઠીક સમય ચૂપ બેઠાં અને જાણે આપણે કશી વાતો કરવાનું રહેતું જ નથી એવું લાગ્યું. ઉપરાંત વગર બોલ્યે પણ આપણે એકબીજાની નિકટ આવી ગયાં. આવો અનુભવ, મને બહુ થોડા સાથે થયો છે, થાય છે. એમાં તમે મારા સંબંધીજનોમાં અતિનિકટ છો. આવી સમજ તમને તો હશે જ, પણ તમે બોલતા નથી, હું બોલું છું, એટલી હું તમારાથી પાછળ છું એમ તો મને લાગે છે.'

દોઢ દિવસ બાદ આમ પારી(સ)ને પાદરે રહીને જ હું લંડન જવા નીકળ્યો. ઇન્ગ્રીડે રસ્તે ટકોર કરી કે, 'પારી(સ)ને તમે આ વખતે તરછોડ્યું છે. એ તમને માફ નહિ કરે.' મેં જવાબ વાળ્યો: 'પારી(સ)ને પાદરે વસતી એની ગ્રામમાતાને મેં અર્ધ્ય અર્પ્યા છે, એ મને બચાવી લેશે.' ઓરલી ઉપર પણ પ્લેન ઊપડ્યું ત્યાં સુધી ઈન્ગ્રીડ અને એનાં બાળકોએ હાથ હલાવીહલાવી વિદાય આપ્યા કરી. કાલે આમ જ લંડનથી ન્યૂ યૉર્ક ઊપડીશ. કોઈ હાથ તો શું, પણ રૂમાલનું છેડલું પણ ઉડાડનાર નહિ હોય! અને લંડન વિષે નવું કહેવાનું પણ શું છે? ઘણું ઘણું લખ્યું છે. એટલે લંડનને જતું કરી ન્યૂ યૉર્ક જ ઊપડીશું. (ચાલુ)

દાઝવું અને બળવું

ડૉક્ટર આવતાં પહેલાં આપવાની પ્રાથમિક સારવારનો હપતો-૧૬

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

ઘર, કારખાનાં કે બીજી જગ્યાઓએ થતા અકસ્માતોમાં બળવાની ઈજા ઘણી ગંભીર છે અને ક્યારેક તે જીવલેણ નીવડે છે. ઓછું વધતું દાઝવાના બનાવો લગભગ દરરોજના છે. ઘરની સાંકડી જગ્યામાં ભોંય ઉપર સળગતા સ્ટવ, નીચા ચૂલા કે ચીમની વગરના દીવાઓની જ્યોતમાં સાલ્લાનો છેડો આવવાથી બળવાના બનાવો બને છે. ગરમ દૂધ કે પાણી, ઊકળતું તેલ, વરાળ, તેજાબ જેવાં જલદ રસાયણો અને વીજળીથી પણ દાઝી જવાય છે.

દાઝવામાં કે બળવામાં બહુધા બેદરકારી યા ઉતાવળ મોટો ભાગ ભજવે છે. અગ્નિથી કે દીવાથી કોઈનાં કપડાં સળગે ત્યારે રોગીને વધારે ઈજાથી બચાવવા તેના ઉપર કદી ટાઢું પાણી નાખવું નહિ પણ ગોદડી, કામળો, ધાબળો કે કોટ જે કંઈ હાથમાં આવે તે રોગી ઉપર વીંટાળી દઈ તેને સુવાડી જમીન ઉપર આળોટાવવો, જેથી અગ્નિની જ્વાળાઓ ઓલવાઈ જાય. કપડાંને અગ્નિની ઝાળ લાગે ત્યારે દોડવાને બદલે જમીન ઉપર સૂઈ જઈ આળોટવું ને સહાય માટે બૂમ મારવી.

દાઝવાના પ્રમાણ અનુસાર એનું વર્ગીકરણ થયું છે. પહેલી કક્ષાના દાઝવા (ફર્સ્ટ ડિગ્રી બર્ન)માં ચામડી લાલચોળ બની જઈ ત્યાં સોજો આવે છે પણ ચામડી ફાટતી નથી. બીજી કક્ષાના દાઝવા (સેકન્ડ ડિગ્રી બર્ન)માં ચામડીના અંદરના પડને ઈજા થાય છે. ચામડીને વધારે ઈજા થવાથી તેમાં વધારે પાણી ભરાતાં ઝરેળા ઊઠે છે. ત્રીજી કક્ષાના દાઝવા (થર્ડ ડિગ્રી બર્ન)માં ચામડીનાં બધાં પડનો નાશ થવા ઉપરાંત ચરબી, સ્નાયુઓ ને હાડકાં સુધી ઈજા પહોંચવાથી ગંભીર સ્થિતિ સર્જાય છે.

પહેલી કક્ષાના દાઝવામાં પીડા કે વેદના તો હોય છે જ. એ જો થોડા વિસ્તારમાં હોય તો ગંભીર નથી, પણ જો શરીરના પચ્ચીસ ટકા ભાગ કરતાં વધારે વિસ્તારમાં આ રીતે દઝાયું હોય તો તે વેદનાભર્યું હોવા ઉપરાંત ગંભીર પણ હોઈ શકે છે.

બીજી કક્ષાના દાઝવામાં ઝરેળા ફાટવાથી ઘા ઉઘાડો થતાં ચેપની શક્યતા વધે છે. ત્રીજી કક્ષાનો થોડો ભાગ બળ્યો હોય એના કરતાં બીજી કક્ષામાં શરીરનો મોટો ભાગ ખાસ કરીને છાતી, પેટ ને બરડો બળ્યાં હોય તો તે વધારે જોખમકારક છે. ત્રીજા ભાગનું શરીર બળ્યું હોય તો તે મોટાભાગે પ્રાણઘાતક નીવડે છે. દાઝવાનાં ઊંડાણ કરતાં શરીરનો કેટલો ભાગ બળ્યો છે તેના ઉપર દાઝવાની ગંભીરતા છે. થોડા ભાગમાં ઊંડું દઝાયું હોય તેના કરતાં શરીરના દસ ટકા ભાગમાં ચામડી સુધી દઝાયું હોય અને ખાસ કરીને ચહેરા ને મોં ઉપર દઝાય તો તે જિંદગી માટે જોખમરૂપ થઈ પડે છે.

શરીરના થોડા ભાગમાં પહેલી કક્ષાનું દઝાયું હોય તો બરનોલ, એક્રીમેન્ટ, પેનિસિલિન વગેરે મલમના ઉપચારથી આરામ થાય છે. પણ જો ફોલ્લા પડ્યા હોય તો મલમ લગાડવો નહિ ને ફોલ્લાને ફોડવા નહિ.

જો શરીરના મોટા વિસ્તારમાં પહેલી કક્ષાનું દહન હોય તો તેના ઉપર ચોખ્ખું કપડું ઢાંકવું અને દાક્તરી ઉપચારની વ્યવસ્થા કરવી જો દાક્તરી ઉપચાર લેવામાં વિલંબ થાય તેમ હોય કે અગવડ હોય તો પ્રાથમિક સારવારમાં દાઝ્યા ઉપર ઇંડાંની સફેદી લગાડવી. આ સફેદી સુકાવાથી દાઝ્યા ઉપર હવા ન પ્રવેશે એવું ઢાંકણ થાય છે, વેદના મટે છે, બીજો પાટો લગાડવાની જરૂર રહેતી નથી. ઇંડાં ઉપરાંત ઠંડા પાણી કે દૂધનાં પોતાં પણ તાત્કાલિક સારવારમાં સારાં છે. દા. દૂધ અગાઉ ગરમ કરીને શુદ્ધ બનાવેલું જોઈએ. પહેલી ને બીજી કક્ષાના દાઝ્યા ઉપર દૂધ ને પાણીનાં પોતાંથી વેદના શમે છે.

બીજી અને ત્રીજી કક્ષાના દાઝવામાં જેમ બને તેમ વેળાસર દાક્તરી ઉપચાર જરૂરી છે પણ એ થાય તે દરમિયાન દાઝેલા ભાગ ઉપર શુદ્ધ ને ચોખ્ખું કપડું ઢીલું રહે એમ વીંટાળવું. તેના ઉપર તેલ, મલાઈ, ચીકાશ કે કોઈ જાતના મલમ લગાવવા નહિ. વળી કેટલાક રાંધવાના ઉપયોગમાં આવતા સોડા-બાય-કાર્બનું દ્રાવણ લગાડવાનો ઉપચાર કરે છે, પણ દાઝ્યા ઉપર કદી મલમ તેલ ચીકાશ કે સોડા-બાય-કાર્બ ન લગાડવાં કારણ દવાખાનામાં દાક્તર તે ઘસીને ધોવે છે, ત્યારે અતિશય વેદના થાય છે અને યોગ્ય સારવાર થવામાં વિલંબ થાય છે. વળી, અશુદ્ધ તેલ લગાડવાથી કંઈ ચેપ લાગીને રૂઝ આવતાં વાર લાગે છે.

ઝરેળા ઊઠ્યા હોય તેવું દાઝવામાં કે અગ્નિઝાળથી બળવામાં દર્દીને લાગેલો આઘાત નિવારવાની, ચેપ ટાળવાની અને વેદના શમાવવાની પ્રાથમિક સારવારનું મહત્ત્વ છે.

બીજી અને ત્રીજી કક્ષાના દાઝવામાં ચેપ લાગવાનો ભય વધારે રહે છે. આ નિવારવા બળેલા ભાગ ઉપર જાડું સૂકું શુદ્ધ કપડું ઢાંકી તેના ઉપર સખત પાટો વીંટવો. ઢાંકવા માટે ધોતિયાના કે ચાદરના ધોએલા ટુકડા પર સારી રીતે ગરમ અસ્ત્રી ફેરવીને કે દસેક મિનિટ પ્રખર સૂર્યતાપમાં તપાવીને જીવાણુશૂન્ય બનાવી વાપરવો. આનાથી હવાનો સંસ્પર્શ બંધ થવાથી વેદના મટશે.

દાઝવાથી ચામડીની લોહીની નળીઓ પહોળી થવાથી ચામડીમાં વધારે વહેતા લોહીમાંથી પ્રવાહી ઝમે છે. પાટાના દબાણથી શરીરનાં પ્રવાહીઓ ઝમતાં અટકશે. આ પાટો જોતા રહેવો. સોજાથી પાટા ખૂબ સખત થઈ રુધિરાભિસરણ મંદ પડે કે બંધ થાય છે. આવું થાય તો પાટા ઢીલા કરવા પણ દાઝ્યા ઉપર મૂકેલા કપડાને ઉખેડવું નહિ. અલબત્ત, ઉપચાર કરનારના હાથ પણ સંપૂર્ણ સ્વચ્છ હોવા જોઈએ.

દાઝવાથી ઊપડેલી લાહ્યમાં રાહત આપવા માટે દાઝેલો ભાગ કપડા વતી ઢાંકવાને બદલે તેના પર સ્વચ્છ ઠંડા પાણીનાં પોતાં મૂકવાં. આ કામ જેટલું જલદી આરંભી શકાય એટલો વધુ ફાયદો કરે છે. આનાથી શરીરમાંથી પાણીનો નાશ થતો નથી અને વહેલી રૂઝ આવે છે. વેદના શમે ત્યાં સુધી અગર તો દાક્તરની સારવાર મળે ત્યાં સુધી હાથવગી ને અસરકારક આ પ્રાથમિક સારવાર દાઝ્યાના એક કલાકના સમય દરમિયાન આપવાથી દાઝેલા ભાગમાં કોઈ ચેપ લાગતો નથી.

દાઝેલા રોગીને સવાબશેર જેટલા પાણીમાં એક ચમચીપુર મીઠું અને અડધી ચમચી રાંધવાનો સોડા નાખી બનાવેલું દ્રાવણ પાવું. ફળનો રસ પણ આપી શકાય. કંઈ ન મળે તો સાદું પાણી પણ અપાય. બળ્યા પછી આઘાત (શૉક)ની સ્થિતિ સામાન્ય છે. રોગીને પાણી અને પ્રવાહી આપવાથી આઘાતનો ઉપચાર પણ થાય છે દાઝી ગએલા માણસને ઊપકા ઊલટી થાય છે. પણ એ છતાં ય તેને પાણી કે પ્રવાહી તો આપવું. જેથી શરીરમાંથી વહી જતા પ્રવાહીની ભરપાઈ થશે. પાણી કે પ્રવાહી બરફથી ઠંડું બનાવ્યું હોય તો સારું, તે રોગીને પીવાનું ગમશે રોગીને પાણી કે પ્રવાહી એકસાથે પાઈ ન દેતાં એ ઘૂંટડે ઘૂંટડે પીવા દેવું કે થોડી થોડી વારે ચમચા વતી પાવું.

દાઝેલા ભાગ પર સોજો આવે છે. ગરમ જ્વાળાઓ શ્વાસમાં જવાથી શ્વાસનળી ને ફેફસાં સુધી દઝારો થવા સંભવ છે. આ વખતે શ્વાસોચ્છ્વાસમાં મુશ્કેલી થાય છે. આવે વખતે ચહેરા અને ગળા ઉપર

ઠંડા પાણીનાં પોતાં મૂકવાથી સોજો હળવો પડવા સાથે રોગીને આસાની રહે છે. મોંના ભાગે દાઝેલા માણસને શ્વાસોચ્છ્વાસ લેવામાં મુશ્કેલી પડે છે. રોગી બિભાન હોય ને શ્વાસ લેવામાં મુશ્કેલી હોય તો ઊંધો ચમચો મોંમાં મૂકીને કે હાથની બે આંગળીઓ વડે જીભને તેના મૂળ પાસેથી દબાવવી. આ જગ્યાએ શ્વાસનળીનું દ્વાર છે એ ખુલ્લું કરવાનો આમાં ઉદ્દેશ છે.

વિદ્યુત્ દહન દેખાય છે તો થોડું પણ થોડા દિવસ પછી મરેલી ચામડી ઊતરી ગયા બાદ ઊંડી ઈજા થએલી જોવા મળે છે. એટલે વીજળીના ઝટકાથી દાઝવાના બનાવને તો ત્રીજી કક્ષાના દહન જેટલી કાળજીથી સંભાળવાના છે. સૌપ્રથમ એનો ભોગ બનનાર માણસને લાગેલો વિદ્યુત્ સંપર્ક દૂર કરવો. વિદ્યુતના ઝટકાથી શ્વાસાવરોધ આવી પડે છે. તેમાં કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.

સખત ઈજાના આઘાત (શૉક) કરતાં વિદ્યુત્-પ્રવાહ શરીરમાં પ્રવેશવાથી થતો વિદ્યુત્ આઘાત ભિન્ન છે. વિદ્યુત્-દહનને બાજુએ રાખી સૌપ્રથમ આઘાતની સારવાર આપવી. અગ્નિથી દાઝવાની જેમ જ વિદ્યુત્-દહનની પ્રાથમિક સારવાર કરવાની છે.

કાર્બોલિક, હાઇડ્રોક્લોરિક, નાઇટ્રિક ને સલ્ફ્યુરિક ઍસિડ; કૉસ્ટિક પોટાશ, કૉસ્ટિક સોડા ને ચૂનાથી રાસાયણિક દહન થાય છે. અગ્નિ ને વિદ્યુત્-દહન કરતાં રાસાયણિક દહનમાં ફેર એટલો પડે છે કે ક્યારેક તેની તાત્કાલિક કોઈ અસર જણાતી નથી. જલદ ઍસિડ પડયાની થોડી મિનિટો બાદ વેદનાનો અનુભવ થાય છે. આરંભમાં તે મંદ હોય છે. પ્રથમ તો ખણજનો અનુભવ થાય છે. જો ઍસિડ ચામડી ઉપર વધારે સમય રહે તો તે ચામડીમાં ઊતરી જઇને પુષ્કળ લાહ્ય કે બળતરા ઉત્પન્ન કરે છે.

બીજા પ્રકારના દહનમાં સૌપ્રથમ સારવારનું મહત્ત્વ છે જ્યારે રાસાયણિક દહનની તાત્કાલિક સારવારમાં ઝડપનું મહત્ત્વ છે. પુષ્કળ પાણી વતી બળેલો ભાગ ધોવો. હૂંફાળું પાણી હોય તો સારું જેથી રસાયણ ધોવાઇને સાફ થાય. આ રીતે રસાયણ તદ્દન ધોઈ નાખવું. જો આંખોમાં રસાયણ પડયું હોય તો તેના ઉપર પાણીની સતત ધાર કરવી. આંખના ડોળા ઉપર પાણીની સીધી ધાર ના કરવી, પણ જે આંખ ધોવાની હોય તે બાજુએ માથું ઢળતું રાખી નાક આગળના ખૂણા ઉપર આંખથી જેમ બને તેમ નજીકથી ધીમી ધાર કરવી અને બીજા હાથનાં બે આંગળાં વતી પોપચાં પહોળાં રાખવાં. જો બન્ને આંખોમાં ઈજા હોય તો માથું સ્થિર રાખી સહાયક પાસે રોગીની આંખોનાં પોપચાં પહોળાં રખાવવાં અને આંખોના બન્ને ખૂણા ઉપર પાણીની ધાર કરવી અગર તો પાણીમાં બોળાય એવી રીતે આંખ રાખી આંખ ઉઘાડ-વાસ કરવા કહેવું. આંખના રાસાયણિક દહન વખતે આંખના નિષ્ણાત દાક્તરના ઉપચાર માટે રોગીને વહેલામાં વહેલી તકે ખસેડવો. તે વખતે આંખ ઉપર રૂ મૂકી પાટો બાંધવો.

જો શક્ય હોય તો રસાયણનું પ્રતિદ્રવ્ય વાપરવું. જો ઍસિડથી દઝાયું હોય તો સોડાબાયકાર્બ કે ચૂનાનું પાણી વાપરવું. પિન્ટ પાણીમાં એક ઔંસ સોડા નાખી ઍસિડ પડયો હોય તે ભાગ ધોવો. જો અલ્કલીથી દઝાયું હોય તો બારીક પાવડર, સરકો, ચૂનાના પાણીનું દ્રાવણ વાપરવું. રસાયણ લાગેલાં કપડાં દૂર કરવાં. કાપડ ઉપર પડેલા થોડા રસાયણથી દહનમાં વધારો થાય છે. માટે રોગીએ પહેરેલાં કપડાં કાઢી નાખવાં. કપડાં કાઢતાં તમારા ઉપર રસાયણ ના પડે તેની કાળજી રાખવી. રસાયણો ને ઍસિડોને શમ બનાવનારાં વિશિષ્ટ દ્રાવણો હોય છે પણ તે મેળવવાની કે બનાવવાની વાટ જોવા કરતાં સાદા પાણી વતી તાત્કાલિક સારવાર થાય તો ઘણો ફાયદો થાય છે. ❁

આભાર, ધન્યવાદ અને....

ઇંગ્લંડમાં વસતા લગભગ અઢી લાખ ભારતીયોમાં લાખેક ગુજરાતીઓ છે, જેમાંના દસેક હજાર તો એકલા લંડનમાં હશે. આજ સુધી તેમનામાં સાંસ્કૃતિક તેમજ અન્ય સેવાકાર્ય પ્રચ્છન્ન રીતે કરી રહેલા શ્રી રમણિકલાલ સોલંકી (જેઓ પ્રથમ 'ગુજરાતમિત્ર'ના ને હાલ 'જન્મભૂમિ' પત્રસમૂહના લંડન ખાતેના ખાસ પ્રતિનિધિ તરીકે કાર્ય કરે છે તે) વિદેશમાં વસતા બૃહદ ગુજરાતીઓ માટે ગયા એપ્રિલ માસથી 'ગરવી ગુજરાત' નામનું ભારતીય જ્ઞાન સંસ્કાર ને સમાચારનું એક પાક્ષિક પત્ર પ્રકટ કરે છે, જેના સલાહકારમંડળના એક સભ્ય તરીકે એમણે આ લખનારને 'કુમાર'ના દીર્ઘકાળના તંત્ર સંચાલનના અનુભવની હેસિયતથી સ્થાન આપ્યું છે. સાધનગર્ભ લંડન-ઇંગ્લંડમાંના ગુજરાતીઓની વિશિષ્ટ પ્રવાહી સ્થિતિમાં આવા પત્રના સંપાદન-ઉત્પાદનમાં પ્રત્યક્ષ સહાયરૂપ થવા માટે એમણે, અન્ય સહાનુભૂત મિત્રોના ટેકાથી, મારા જવા-આવવાનો તથા દસેક અઠવાડિયાં રોકાવાનો સમગ્ર આર્થિક બોજ ઉપાડી મને ત્યાં બોલાવ્યો હતો. ત્યાંથી આગળ ન્યૂ યૉર્ક ખાતે યુનાઈટેડ નેશન્સમાં એક વરિષ્ઠ અધિકારી તરીકે કામ કરતા એક જૂના મહાનુભાવ મિત્ર શ્રી રજનીકાન્ત દેસાઈએ અમેરિકા જવાની તથા જોવાની મોંઘી તક પણ હાંસલ કરી આપી; અને એ વિરાટ ભૂમિખંડના છેક બીજે છેડે, સાન ફ્રાંસિસ્કોમાં વસતા એવા જ એક ઉદાર મિત્ર, શ્રી લોકપતિ ભક્ત ત્યાંના ગુજરાતી સમાજના સહકારથી, ત્યાં જવાની સુવિધા પણ યોજી આપી. એટલે અમેરિકાના વિવિધ પ્રદેશોમાં વસતા 'કુમાર'ના સંખ્યાબંધ ગ્રાહકો પૈકી કોઈએકના પ્રેમનું ભાજન બનીને એ નવી દુનિયાના પૂર્વથી પશ્ચિમ છેડા લગીનાં નવેક મુખ્ય મુખ્ય શહેર-ગામો ત્રણેક અઠવાડિયામાં ફરી વળીને ત્યાંનો સંસ્કૃતિ-સ્પર્શ પામવાનું સદ્ભાગ્ય પણ સાંપડયું. વળી પાછા વળતાં રસ્તામાં ફ્રાંસના પારી(સ) અને પશ્ચિમ જર્મનીનાં ફ્રાંકફર્ટ, માઈન્ઝને વિઝબાડનમાં પણ શ્રી અરવિંદાબહેન કાટપીટિયાના અતિથિ બનીને ડોકિયું કરી લેવાની તક મળી. આમ, એક સાંસ્કૃતિક કાર્યમાં સહાય થવાને નિમિત્તે હું તો સામો પંદર અઠવાડિયાંનો સ્નેહસિક્ત અને અવલોકનસમૃદ્ધ પ્રવાસ કરવાનો મોંઘો લાભ પામ્યો. જીવનના એક સીમાસ્તંભ સમો એ અમૂલો અવસર પ્રાપ્ત કરાવી આપનાર (અને તે માટે આઠેક હજારનો ઇંગ્લંડનો ને પાંચેક હજારનો અમેરિકાનો ખર્ચ ઉપાડનાર) શ્રી સોલંકી સહ એ સર્વ મહામના ચાહક મિત્રોનો આર્દ્ર હૃદયે આભાર માનવાની આ તક લઉં છું. આ ગેરહાજરી દરમ્યાન 'કુમાર'ના તંત્રસંચાલનમાંથી મને મુક્ત રાખીને મારી અનુપસ્થિતિ વર્તાવા નહિ દેનાર સાથીઓ પણ ધન્યવાદને પાત્ર છે. અને જિંદગીનાં સિત્તેરમાંથી પિસ્તાલીસ વર્ષ લગી જેના પડછાયારૂપ બની રહીને મેળવેલા જીવન-ખેડના અનુભવોને કારણે આ સંસ્કારયાત્રા લાધ્યો એ 'કુમાર' માટે તો શું લખું?

—બચુભાઈ રાવત

હીણુપત લાગી તેમજ નારાકંઠમાં તે શોભશે પણ નહિ તેમ ધારી ઘણા રાગોની તેમણે ખ્યાલ પદ્ધતિની ચીજો બાંધી જેમાં ફક્ત સ્થાયી અને અંતરા બે જ ભાગ કાયમ રાખી ધ્રુપદના સંચારી અને આભોગના ભાગ કમી કર્યા. વળી આ ચીજોમાં નાયકનાયિકાના અન્યોન્ય પ્રત્યેના પ્રેમભાવ, વિરહવેદના વ્યક્ત કરતા કે પોતાને ત્યજી દઈને અન્ય સ્ત્રી પ્રતિ ઢળેલા પ્રેમી પ્રત્યે રોષ વ્યક્ત કરતા નાયિકાના ભાવોનું વર્ણન કર્યું. આવી ચીજો તેમણે પ્રથમ પોતાના શિષ્યોને શીખવી અને શિષ્યોએ તે જનાનખાનામાં શીખવીને તેનો પ્રચાર કર્યો. અલબત્ત, આ બાબતને કોઈ ઐતિહાસિક આધાર નથી, પરંતુ ખ્યાલની ચાલુ રાગદારી ચીજોમાં આવાં જ વર્ણનો જોવા મળે છે તે હકીકત છે. આ બધું કહેવાનું તાત્પર્ય એ છે કે પરજ રાગ ગાયકોએ ગાઈને પ્રચલિત કર્યો છે તે જ આપણે આધુનિક થાટ પદ્ધતિને હિસાબે વર્ણવીશું.

પરજ પૂર્વી મેલજન્ય રાગ છે. તેમાં ઋષભ અને ધૈવત સ્વરો કોમલ છે તથા બેઉ મધ્યમનો પ્રયોગ કરવામાં આવે છે. પૂર્વીમેલજન્ય રાગોમાં બે અલગઅલગ અંગ દેખાય છે. એક પૂર્વીઅંગ, બીજું શ્રીઅંગ. જનકરાગ પૂર્વીમાં 'નિ, સા રે ગ, મં ગ, પ, મં ગ મ ગ' સ્વરોમાં પ્રગટ થતું તીવ્ર તથા શુદ્ધ મધ્યમ સ્વરાંગવાળું પૂર્વીઅંગ ગણાય છે; જ્યારે ફક્ત 'મં ધ મં ગ, રે ગ, મં ગ રે સા' સ્વરાંગવાળું શ્રીઅંગ કહેવાય છે. શ્રી, પૂરિયાધનાશ્રી, જૈતશ્રી, ગૌરી વગેરે રાગોમાં આ શ્રીઅંગ લાક્ષણિક ગણાય છે. જ્યારે પૂર્વી, પરજ, વસંત, લલિતાગૌરી જેવા રાગોમાં પૂર્વીઅંગ પ્રત્યક્ષ થાય છે.

પરજ ઉત્તરરાગ હોવાથી અવરોહમાં તત્કાલ પ્રકટ થાય છે. ભારતીય સંગીતપદ્ધતિમાં બપોરના બાર વાગ્યાથી રાત્રિના બાર સુધીમાં ગવાતા રાગોને પૂર્વરાગ કહે છે. એ રાગો આરોહમાં વધુ ખીલે છે જ્યારે રાત્રિના બારથી દિવસના બાર વાગ્યા સુધીમાં ગવાતા રાગો ઉત્તરરાગ કહેવાય છે જે અવરોહમાં પ્રકટ થાય છે. ભૈરવ, બિલાવલ, લલિત વગેરે રાગો અવરોહમાં પ્રકટે છે. પરજને સંપૂર્ણ જાતિનો રાગ માનવાનો પ્રચાર છે; તેમ છતાં ઘણા ગાયકો આરોહમાં ઋષભ વર્જ્ય કરવાનું પસંદ કરે છે. એ વર્જ્ય ન માનીએ તો પણ પરજના આરોહમાં ઋષભસ્વર દુર્બલ છે તે સર્વસંમત છે. પરજનો જીવભૂત સ્વર તાર ષડ્જ હોઈ તે જ તેનો વાદી સ્વર મનાય છે. સંવાદી પંચમ છે.

પરજ રાગ સરળ હોવા છતાં ચમત્કારિક અસર નીપજાવતો રાગ છે. તેમાં બેઉ મધ્યમ એવી કુશળતાથી લેવામાં આવે છે કે જેને લીધે પૂર્વી, વસંત તથા કાલિંગડા રાગોની છાયાથી તે સહેજે અલગ પડી જાય છે. કુશળ ગાયક તીવ્ર મધ્યમનો પ્રયોગ કરી તેનું રાત્રિગેયત્વ સૂચવે છે તેમજ અવરોહમાં 'ગ મ ગ, રે સા' એ અંગ લઈ વહેલી સવારમાં પ્રગટતા શુદ્ધ મધ્યમનું આગમન પણ સૂચવે છે.

'નિ, ધ નિ, સાં, રેં, નિ સાં નિ ધ પ' એ સ્વરો લેવાતાં પરજનું આબેહૂબ સ્વરૂપ પ્રકટ થશે. તે સાથે તારષડ્જ પર ક્ષણવાર મુકામ કરી લાગલા જ સાં, નિ ધ પ' એ સ્વરો લેવાથી પરજ આકર્ષક રૂપમાં દેખાઈ આવે છે. 'સાં, નિ ધ પ, પ ધ નિ, ધ નિ, સાં, સાં રે નિ સાં નિ ધ પ મ પ ધ પ, ગ મ ગ, મં ગ રે સા' આટલા સ્વરો પરજના અંગને ઉત્તમ રૂપમાં રજૂ કરે છે. પંચમ પર મુકામ કર્યા બાદ 'ગ મ ગ' સ્વરો લેવાથી તથા ત્યાર બાદ 'મ ધ નિ, ધ નિ, નિ સા એ સ્વરો લેવાથી કાલિંગડાની છાયા દૂર થશે. પરજ તથા કાલિંગડા એટલા નિકટવર્તી રાગો છે કે ગાયકો એ બંનેનાં મિશ્રણથી થતો 'પરજ કાલિંગડા' રાગ ગાવાનું વધુ પસંદ કરે છે. કાલિંગડા પણ રાત્રિના છેલ્લા પ્રહરમાં ગવાય છે. તેમાં ભૈરવાંગ વિશેષ પ્રકટ કરવું જોઈએ જેથી પરજની છાયા દૂર થાય. વળી, તેમાં તીવ્ર મધ્યમ લેવાતો નથી. પરંતુ તે સિવાય બેઉ રાગોનાં ઉત્તરાંગનું કેટલુંક ચલન એટલું સરખું છે કે કુશળ ગાયક જ આ બંને રાગોને છૂટા પાડી શકે.

પરજનો આરોહ સામાન્ય રીતે, નિ સા, ગ ગ, મ ધ નિ સાં સાં રે નિ સાં એ સ્વરોથી કરવામાં આવે છે. કાલિંગડામાં એમ થતું નથી. એમાં નિ સા, ગ મ પ ધ પ, ગ મ ગ, ગ મ પ ધ નિ સાં, એ સ્વરો વારંવાર લેવાય છે. છતાં તેમાં આવતી 'પ ધ પ, ગ મ ગ રે સા' એ અવરોહની તાન બંને રાગોમાં ખૂબ સરખાપણું દર્શાવે છે.

પરજનો અંતરો ઘણુંખરું નીચેના સ્વરોથી શરૂ થાય છે: 'મં ધ નિ સાં, સાં, નિ સાં રે રેં સાં, સાં રે સા રે નિ સાં, નિ ધ નિ, સા ગ મં ધ નિ સાં, રેં સાં રેં સા, નિ ધ નિ, ધ સાં, નિ ધ પ, ધ પ, ગ મ ગ, મં ગ રે સા અથવા ધ ધ મં ધ નિ નિ સાં, સાં રે સાં રેં, નિ નિ સાં, નિ નિ સાં રેં, સાં નિ ધ પ, ધં પ ગ મ ગ, એ પ્રમાણે પરજના અંતરા લઈ ગાયકો તેને કાલિંગડા રાગથી દૂર કરે છે.

પરજ રાગ લોકપ્રિય હોવા છતાં ગાયકો ફરમાઇશ થયા સિવાય તે ગાતા નથી. કારણ સંગીતશોખીનોમાં અતિપ્રિય રાગ વસંતથી એ બહુ નજદીકનો રાગ છે. તેના તમામ સ્વરો વસંત જેવા જ છે. પરજ રાગના સ્વરો ધીમી લયમાં સાવકાશ ગાવાથી એકદમ વસંતની છાયા પડવા લાગશે. ગાયકો વસંત રાગમાં મીંડકામ બહુ જ સુંદર રૂપે રજૂ કરે છે, પણ પરજમાં તેમ કરવું સુસંગત બનતું નથી. મહેફિલોમાં વસંત અવશ્ય ગવાય છે તેથી પણ પરજ ગાવો ગાયકો પસંદ કરતા નથી. પરજમાં ઝપતાલ કે મધ્યલયની ચીજો મુખ્યત્વે ગાવામાં આવે છે. જોકે તેમાં કેટલાંક સુંદર મધુર ધ્રુપદો પણ છે.

ગાયક થવા ઇચ્છનારે પરજ રાગ જરૂર શીખવો જોઈએ. 'સાં, નિ ધ પ, મં ધ પ, ગ મ ગ મં ગ રે સા; નિ સા, ગ ગ મં ધ નિ સાં, સા રેં સાં નિ ધ પ' આટલા સ્વરો સુમધુર હલકથી ગાશો તો મનોરમ ભાવમાં પરજ પ્રકટ થશે.

ફિલ્મી ગીતોમાં વસંત વધુ વપરાય છે તેથી પરજનાં બહુ ગીતો જાણવામાં નથી. 'ચંદન કા પલના' ફિલ્મમાં લતા મંગેશકરે ગાએલા 'પાર લગા દે મેરે સપનોંકી નૈયા, ઓ ગંગામૈયા' ગીતની બંદિશ રાહુલદેવ બર્મને સરસ રીતે પરજ રાગના આધાર પર કરી છે.

આજે વૈયક્તિકતાનું ભારણ આંતરિક સ્વૈચ્છિક નિયંત્રણ વગર આપણા પ્રજાકીય વ્યક્તિત્વવિકાસમાં બાધા ઊભી કરે છે. ઉછીના આદર્શો કે પ્રયોગખોરી એક પ્રજા તરીકે ભાગ્યે જ આપણને પ્રૌઢ બનાવી શકે. જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં દેખાતી શિખાઉપણાની વ્યાપકતા ચિંતાજનક છે. સ્વ. આનંદશંકર ધ્રુવનું એક નિરીક્ષણ મનનીય છે: 'હિંદુસ્તાનને નવાં સત્યો શોધી કાઢનારની જેટલી જરૂર નથી તેટલી જાણીતાં સત્યોને ફરી કહેનારની જરૂર છે એક વાત અનેક વખત કહે, જગતને નીરસ લાગે તો પણ કહે, જગતનો તિરસ્કાર ખમવો પડે તો તે ખમીને કહે એવાં સ્ત્રીપુરુષો જ્યાં સુધી આપણા દેશમાં પુષ્કળ ઉત્પન્ન થાય ત્યાં સુધી દેશની ઉન્નતિ દૂર છે." આપણે જે સમાજમાં જીવીએ છીએ તેને ઐતિહાસિક સંદર્ભમાં સમજી, એને અનુકૂળ થતાં શીખવું, એના પુનર્નિર્માણની રૂપરેખા વિચારી એને મૂર્ત કરવી, એટલું જ નહિ, એમાં પોતાનો ફાળો આપવો એ આજનું કાર્ય છે. (નિરીક્ષક) —રમણલાલ જોશી



પચ્ચીસ વર્ષ પહેલાં

અમેરિકન પત્રકાર મૅન્યુઅલ કૉમ્રોફે લી-યુઁગ-ફુ નામના એક યુવાન તિબેટન પાસે ચીનની ચિત્રલિપિ શીખવા માંડેલી. એ દરમિયાન એમને જે જીવનબોધ પણ મળતો ગએલો તેને એમણે એક લેખમાં ઉતારેલો. પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમાર'માં એ પ્રકટ થએલો. અલબત્ત, એમાં જે ચીની જીવનની ફિલસૂફી દર્શાવી છે તે આજના ચીનની તો નથી જ રહી, છતાં એ ચીની ચિત્રાક્ષરોના મંડાણ પાછળના વિચારો તો આજે યે એટલા જ રસમય હોઈ એમાંનો એટલા પૂરતો જ ભાગ અહીં ઉતારીએ:

પ્રથમ ચિત્રાક્ષર અમે લીધો 'માણસ'. ઝપાટાબંધ પીંછીના બે લસરકા મારી એમણે—લી-યુઁગ-ફુએ 'માણસ' અક્ષર આલેખ્યો. સાથેસાથે એમણે મને શીખવ્યું કે 'માણસ' ચીતરાય છે તો બે લીટા વડે; પણ લખવા લખવામાં યે ફેર છે. જમીન પર બે પગ દૃઢતાથી ટેકવીને ઊભેલો કોઈ બહાદુર મરદ ઊભો હોય એવો 'માણસ' આપણે ચીતરવો જોઈએ.

હવે આ બીજો અક્ષર લઈએ. 'છોકરી' ને 'છોકરો,' એમ બે અક્ષરોને સાંકળીને એ રચેલો છે. એ શું હશે?

'નક્કી એનો અર્થ 'બાળક' થતો હશે.'

'લગભગ સાચું. એનો અર્થ છે 'સારું'–'શુભ'. માણસને જો એક છોકરો ને એક છોકરી હોય તો તે સારું શુભ મંગલ ચિહ્ન ગણાય.'

અને જેમજેમ હું શીખતો ગયો તેમતેમ ચીની લિપિનો પ્રત્યેક નવો અક્ષર મને એ લોકોના જીવનદર્શનનો કોઈ ને કાંઈ બોધ કરતો જ ગયો. એમાં એકીસાથે બે કળા રહેલી હતી: માણસનો વિચાર દર્શાવનાર લેખનની અને સાથેસાથે જીવન જોગવવાની.

કેટલાક શબ્દો તો તદ્દન સહેલાઈથી સમજાય તેવા હતા. જેમ કે 'માણસ'ના સૂચક અક્ષરની આજુબાજુ ચોકઠું ચીતરે (એટલે કે તેના ચોકઠામાં પૂરી દે) એટલે તેનો અર્થ 'કેદી'. પણ કેટલાક શબ્દોનો મર્મ તો અજાણ્યો કળી જ ન શકે. દા. ત. 'ઘર'. 'ડુક્કર'નો અક્ષર ચીતરીને ઉપર 'છાપરું' આલેખે એટલે 'ઘર' થાય! 'અમે એનો અર્થ આમ ઘટાવીએ છીએ:

૪ 'કુમાર' અંક ૫૪૧)






ઉપરના ચિત્રમાં ચીનની લિપિના થોડા શબ્દો આપેલા છે. અમુક શબ્દોને માટે તો મૂળ સ્વતંત્ર સંજ્ઞાઓ જ છે. અને બીજા શબ્દો એવી બેત્રણ સંજ્ઞાઓ ભેગી કરીને યોજાએલા છે. એની વિગત આ સાથેના લેખમાં રસભરી રીતે સમજાવી છે. ઉપલા ચિત્રમાં પણ એનાં ઉદાહરણ છે. દાખલા તરીકે 'ખેતર'ની સંજ્ઞાને પડખે 'માણસ' ચીતર્યો એટલે એ 'ખેડૂત' થયો. 'સૂર્ય' અને 'ચન્દ્ર' એ બંનેને સાથે ચીતર્યા એટલે 'પ્રકાશ' શબ્દ બન્યો. 'બારણા' પાસે 'કાન'નું ચિત્ર મૂકીને 'સાંભળવું' શબ્દ યોજ્યો; અને બારણા પાસે 'મોં' ચીતરીને 'ભિખારી' કલ્પ્યો 'મોં'માંથી 'હવા' નીકળતી બતાવીને 'શબ્દ' ઠરાવ્યો અને 'માણસ' તથા 'શબ્દ'નાં ચિત્રોને જોડાજોડ મૂકીને 'સત્ય' શબ્દ યોજ્યો,–એવું દર્શાવવા કે માણસના મોંમાંથી પડતો શબ્દ સત્ય જ હોવો જોઈએ. 'સ્ત્રી' અને 'બાળક'નાં ચિત્રો ભેગાં કરીને 'શુભ' શબ્દ યોજ્યો. 'છાપરા' તળે 'ડુક્કર' (ખોરાકનું સૂચક) ચીતરીને 'ઘર' ઠરાવ્યું; અને 'છાપરા' નીચે 'સ્ત્રી' તથા 'ડુક્કર' ચીતર્યાં એટલે લગ્ન થયું. ઘરનું 'છાપરું' ને 'સ્ત્રી' એ બે મળે એટલે 'શાંતિ'. ચિનાઇ ભાષામાં આવાં કુલ ૪૩,૦૦૦ શબ્દચિત્રો છે. પણ સામાન્ય વપરાશમાં તો ૪,૦૦૦ જ છે; ૧૫૦૦થી પણ ચલાવાય છે.

'જો તમારે ત્યાં ડુક્કર હશે તો તમારે નક્કી એને છાપરી નીચે રક્ષણ આપવું પડવાનું, અને તમારા રસોડામાંથી ખોરાક પણ નીરવો પડવાનો. એ લેજો તમારે રસોડું, વાડી અને રક્ષણ માટે છાપરું હોય તો, તમારી પાસે ઘરની આવશ્યક વસ્તુઓ આવી ગઈ.' (જુઓ આ પાનાપર આપેલા ચિત્રાક્ષરો.) બીજો દાખલો: 'સ્ત્રી'ના સૂચક અક્ષર પર 'છાપરું' મૂકીએ એટલે તેનો અર્થ થાય 'શાંતિ.' 'છોકરી'ની સંજ્ઞાને પડખે 'વર' માટેની આકૃતિ ચીતરે એટલે 'પરિણીતા'–પરણેલી–સૌભાગ્યવતી સ્ત્રી એવો શબ્દ બને. 'છોકરી' અને 'જુવાની' એ બે શબ્દોને સાથેસાથ મૂકતાં તેનો અર્થ થાય 'સર્વોચ્ચ સુંદર'. 'ભાત' (ચોખા) ને 'મોઢું' એ બે ચિત્રાક્ષરોનું સંયોજન કરીએ એટલે થાય 'એકતા'–'એકરાગ', કેમ કે જીવનસંગ્રામથી ભરેલા એમના દેશમાં 'એકરાગ'-'સુમેળ' તો જ આવી શકે જો મોં ને ભાત ભેગાં થાય, એટલે કે સૌને પેટપુર ધાન મળી રહે. ઘણાં સંયોજનોનું ઔચિત્ય તો સચોટ હોય છે. 'માણસ' અને 'શબ્દ' એ બેને સાથે મૂકતાં તેનો અર્થ થાય છે 'સત્ય-સાચ'. ખરે જ, જે માણસ પોતાના શબ્દોને વફાદાર હોય, તે સત્યવાદી હોવા જ જોઈએ. અને માણસના

પચ્ચીસ વર્ષ પહેલાં







અમેરિકન પત્રકાર મૅન્યુઅલ કૅામ્રોફે લી-યુંગ-ફૂ નામના એક યુવાન તિબેટન પાસે ચીનની ચિત્રલિપિ શીખવા માંડેલી. એ દરમિયાન એમને જે જીવનબોધ પણ મળતો ગએલો તેને એમણે એક લેખમાં ઉતારેલો. પચ્ચીસ વર્ષ પહેલાં 'કુમાર'માં એ પ્રકટ થએલો. અલબત્ત, એમાં જે ચીની જીવનની ફિલસૂફી દર્શાવી છે તે આજના ચીનની તો નથી જ રહી, છતાં એ ચીની ચિત્રાક્ષરોના મંડાણ પાછળના વિચારો તો આજે યે એટલા જ રસમય હોઈ એમાંનો એટલા પૂરતો જ ભાગ અહીં ઉતારીએ :

પ્રથમ ચિત્રાક્ષર અમે લીધો 'માણસ'. ઝપાટાબંધ પીંછીના બે લસરકા મારી એમણે—લી-યુંગ-ફૂએ 'માણસ' અક્ષર આલેખ્યો. સાથેસાથે એમણે મને શીખવ્યું કે 'માણસ' ચીતરાય છે તો બે લીટા વડે; પણ લખવા લખવામાં યે ફેર છે. જમીન પર બે પગ દૃઢતાથી ટેકવીને ઊભેલો કોઈ બહાદુર મરદ ઊભો હોય એવો 'માણસ' આપણે ચીતરવો જોઇએ.

હવે આ બીજો અક્ષર લઈએ. 'છોકરી' ને 'છોકરો,' એમ બે અક્ષરોને સાંકળીને એ રચેલો છે. એ શું હશે?

'નક્કી એનો અર્થ 'બાળક' થતો હશે.'

'લગભગ સાચું. એનો અર્થ છે 'સારું'–'શુભ'. માણસને જો એક છોકરો ને એક છોકરી હોય તો તે સારું શુભ મંગલ ચિહ્ન ગણાય.'

અને જેમજેમ હું શીખતો ગયો તેમતેમ ચીની લિપિનો પ્રત્યેક નવો અક્ષર મને એ લોકોના જીવનદર્શનનો કોઈ ને કાંઈ બોધ કરતો જ ગયો. એમાં એકીસાથે બે કળા રહેલી હતી: માણસનો વિચાર દર્શાવનાર લેખનની અને સાથેસાથે જીવન જોગવવાની.

કેટલાક શબ્દો તો તદ્દન સહેલાઈથી સમજાય તેવા હતા. જેમ કે 'માણસ'ના સૂચક અક્ષરની આજુબાજુ ચોકઠું ચીતરે (એટલે કે તેના ચોકઠામાં પૂરી દે) એટલે તેનો અર્થ 'કેદી'. પણ કેટલાક શબ્દોનો મર્મ તો અજાણ્યો કળી જ ન શકે. દા. ત. 'ઘર'. 'ડુક્કર'નો અક્ષર ચીતરીને ઉપર 'છાપરું આલેખે એટલે 'ઘર' થાય! 'અમે એનો અર્થ આમ ઘટાવીએ છીએ :

'જો તમારે ત્યાં ડુક્કર હશે તો તમારે નક્કી એને છાપરી નીચે રક્ષણ આપવું પડવાનું, અને તમારા રસોડામાંથી ખોરાક પણ નીરવો પડવાનો. એટલે જો તમારે રસોડું. વાડી અને રક્ષણ માટે છાપરું હોય તો, તમારી પાસે ઘરની આવશ્યક વસ્તુઓ આવી ગઈ.' (જુઓ આ પાનાપર આપેલા ચિત્રાક્ષરો.) બીજો દાખલો : 'સ્ત્રી'ના સૂચક અક્ષર પર 'છાપરું' મૂકીએ એટલે તેનો અર્થ થાય 'શાંતિ.' 'છોકરી' ની સંજ્ઞાને પડખે 'વર' માટેની આકૃતિ ચીતરે એટલે 'પરિણીતા'–પરણેલી–સૌભાગ્યવતી સ્ત્રી એવો શબ્દ બને. 'છોકરી' અને 'જુવાની' એ બે શબ્દોને સાથોસાથ મૂકતાં તેનો અર્થ થાય 'સર્વોચ્ચ સુંદર'. 'ભાત' (ચોખા) ને 'મોઢું' એ બે ચિત્રાક્ષરોનું સંયોજન કરીએ એટલે થાય 'એકતા'–'એકરાગ', કેમ કે જીવનસંગ્રામથી ભરેલા એમના દેશમાં 'એકરાગ'-'સુમેળ' તો જ આવી શકે જો મોં ને ભાત ભેગાં થાય, એટલે કે સૌને પેટપુર ધાન મળી રહે. ઘણાં સંયોજનોનું ઔચિત્ય તો સચોટ હોય છે. 'માણસ' અને 'શબ્દ' એ બેને સાથે મૂકતાં તેનો અર્થ થાય છે 'સત્ય-સાચ'. ખરે જ, જે માણસ પોતાના શબ્દોને વફાદાર હોય, તે સત્યવાદી હોવા જ જોઈએ. અને માણસના

૪ 'કુમાર' અંક ૫૪૧)

ઉપરના ચિત્રમાં ચીનની લિપિના થોડા શબ્દો આપેલા છે. અમુક શબ્દોને માટે તો મૂળ સ્વતંત્ર સંજ્ઞાઓ જ છે. અને બીજા શબ્દો એવી બેત્રણ સંજ્ઞાઓ ભેગી કરીને યોજાએલા છે. એની વિગત આ સાથેના લેખમાં રસભરી રીતે સમજાવી છે. ઉપલા ચિત્રમાં પણ એનાં ઉદાહરણ છે. દાખલા તરીકે 'ખેતર'ની સંજ્ઞાને પડખે 'માણસ' ચીતર્યો એટલે એ 'ખેડૂત' થયો. 'સૂર્ય' અને 'ચન્દ્ર' એ બંનેને સાથે ચીતર્યા એટલે 'પ્રકાશ' શબ્દ બન્યો. 'બારણા' પાસે 'કાન'નું ચિત્ર મૂકીને 'સાંભળવું' શબ્દ યોજ્યો; અને બારણા પાસે 'મોં' ચીતરીને 'ભિખારી' કલ્પ્યો 'મોં'માંથી 'હવા' નીકળતી બતાવીને 'શબ્દ' ઠરાવ્યો અને 'માણસ' તથા 'શબ્દ'નાં ચિત્રોને જોડાજોડ મૂકીને 'સત્ય' શબ્દ યોજ્યો,–એવું દર્શાવવા કે માણસના મોંમાંથી પડતો શબ્દ સત્ય જ હોવો જોઈએ. 'સ્ત્રી' અને 'બાળક'નાં ચિત્રો ભેગાં કરીને 'શુભ' શબ્દ યોજ્યો. 'છાપરા' તળે 'ડુક્કર' (ખોરાકનું સૂચક) ચીતરીને 'ઘર' ઠરાવ્યું; અને 'છાપરા' નીચે 'સ્ત્રી' તથા 'ડુક્કર' ચીતર્યાં એટલે લગ્ન થયું. ઘરનું 'છાપરું' ને 'સ્ત્રી' એ બે મળે એટલે 'શાંતિ'. ચિનાઇ ભાષામાં આવાં કુલ ૪૩,૦૦૦ શબ્દચિત્રો છે. પણ સામાન્ય વપરાશમાં તો ૪,૦૦૦ જ છે; ૧૫૦૦થી પણ ચલાવાય છે.

મોમાંથી નીકળતો શબ્દ સત્ય જ હોવો જોઈએ. આ જ રીતે 'ગુલામ' અને 'હૃદય' એ બે સંજ્ઞાઓ જોડાઇને 'ક્રોધ' શબ્દ બને છે. સાચું જ છે કે ક્રોધી માણસ પોતાના હૃદયના આવેશનો ગુલામ જ હોય છે.

બે બાજુએ બે બારણાં ચીતરીને વચ્ચે 'મોં'ની નિશાની મૂકવાથી ચીની ભાષામાં 'જિજ્ઞાસા'-'પૂછપરછ'-'સવાલ' એવો શબ્દ બને છે. વળી એ જ ચિત્રાક્ષરનો અર્થ 'ભિખારી' પણ થાય છે. કેમ કે ભિક્ષુક પણ બારણે આવીને સવાલ નાખે છે ને? ચીની લિપિ લખવામાં જે કરામત, આવડત ને સાવચેતી જોઈએ છે એમાં જ એ લોકોના જીવનની કલાનું મંડાણ થઈ જાય છે. કલમ વડે લખવું તો સહેલ છે. પણ મુલાયમ પીંછી વડે લખવામાં હાથમાં જે લાઘવ સાધવું પડે છે એ મહામુશ્કેલ સાધના છે. એમાં આવતા નાના છરકા ને લાંબા લ્હેકા, શાહીનું સમપ્રમાણ અને આખા અક્ષરનું સમતોલ મંડાણ સાચવતા જઈને એ અટપટા ચિત્રાક્ષરો વેગપૂર્વક પીંછીમાંથી ફૂટતા જુઓ એટલે તમારી ખાતરી થઈ જાય કે એ લિપિકલા એ જ ચીનની પ્રજાની જીવનકલાનું પ્રતીક છે.

એક વર્ષે લગભગ હજારેક સાદા ચિત્રાક્ષરો હું શીખ્યો. જોકે ચીની અખબારો વાંચવા-સમજવા માટે તો ઓછામાં ઓછા ૫૦૦૦ ચિત્રાક્ષરોનો પરિચય જોઈએ. ભણાવવા દરમિયાન એમણે મને ટિબેટની ઘણીખરી ચાલુ કહેવતો કહી હતી. થોડી ઉતારું:

'જેમ ઓશીકું નાનું, એમ ઊંઘ વધારે સારી આવે.'

'ચોર કદી ઘંટડી નહિ ચોરવાનો.'


'ધાવવું હોય ત્યારે ઘેટાનું બચ્ચું ઘૂંટણીએ પડી જાણે છે.'

'ખરી આબોહવા તો આપણા દેહમાં છે, બહાર નહિ.'

'ખરાબ કૂતરાને પણ એની પૂંછડી પટપટાવવી તો ગમે જ છે.'

'માણસ જ્યારે બીજાને કાંઇક સહાય કરતો હોય છે ત્યારે વાતાવરણમાં તાજગી આવી જ જાય છે.'


ગુરુના સહવાસથી હું એ પણ શીખ્યો કે માણસ એ 'માણસ' ત્યારે જ કહેવાય કે એ પોતાના વ્યક્તિત્વની સચોટ છાપ ઉઠાવી શકે, પછી એ જીવનની કોઈ પણ દશામાં હોય; કદાચ ઇતિહાસના કોઈક પાને પણ હોય. અને બીજું એ, કે માણસે જેમ 'નમ્ર' થવું જોઈએ, તેમ 'વીર' પણ થવું જોઈએ.



પૃથ્વી પરના જીવનવિકાસનો છેલ્લો તબક્કો

અબજો વર્ષ પહેલાં આ પૃથ્વી એક સળગતો તારો હતી; તે ઠરીને ધીમેધીમે તેનું બંધારણ ઘટ્ટ થતું ગયું અને પછી તેના ઉપર વાતાવરણ, પાણી ને પછી એમાં પહેલવહેલી જીવસૃષ્ટિ આજથી આશરે ત્રણેક કરોડ વર્ષ પર અસ્તિત્વમાં આવી, એનો ધીમેધીમે ક્રમવિકાસ થતો ગયો. એ જીવસૃષ્ટિના પ્રકાર ઉપરથી વૈજ્ઞાનિકોએ પાડેલા જુદાજુદા આઠ યુગનો પરિચય આપણે ગયા વરસમાં કરી ગયા છીએ. પૃથ્વી પરના જીવનવિકાસના છેલ્લા પ્લાયોસીન અને પ્લાઇસ્ટોસીન યુગનો પરિચય હવે કરીએ. આ ચિત્રનો સમય આજથી માત્ર અઢી લાખ વરસ ઉપરનો જ છે. એ યુગમાં એક નવું લક્ષણ પૃથ્વી પર ઉમેરાયું. એ લક્ષણ તે પૃથ્વી ઉપર થએલો ઠંડીનો પ્રવેશ. સળગતા તારાના રૂપમાંથી ઠરીને તે જીવસૃષ્ટિની જન્મદાત્રી બની, તેના પર ઉત્તર ભાગમાં હવે (પ્લાઈસ્ટોસીન યુગની શરૂઆતમાં) આકરી ઠંડી વરસાવતો હિમયુગ બેઠો અને તેથી જ ઉપલા ચિત્રમાં આપણે હાથી અને ગેંડાના વડવાના ડીલે લાંબા વાળ જોઈએ છીએ. લગભગ આખો યુરોપ ખંડ બરફથી છવાઈ ગયો. બધાં પ્રાણીઓ ઉત્તર પ્રદેશો છોડી હવે દક્ષિણ તરફ ચાલ્યાં ગયાં અને રૂંછાંવાળો હાથી આજની બેહરિંગની સામુદ્રધુની પર એ કાળે આવેલા જમીનના પટ્ટા પર થઈ ઉત્તર અમેરિકામાં જઈ વસ્યો. ઉપલા જમણા ખૂણામાં દર્શાવેલાં આજનાં સાબર અને હરણ જેવાં મૅક્રોચીના નામનાં પ્રાણીઓ, વાળવાળા ગેંડા જેવા ગ્લાઈપ્ટોડૉન્ટ પ્રાણીઓ અને શરીરે બખ્તરવાળું આર્માડિલો જેવું પ્રાણી એ આ યુગોમાં નવાં ઉત્પન્ન થયાં; નીચલા ડાબા ખૂણામાં દેખાતો હિપ્પીડિયન નામનો જે રણનો ઘોડો એ કાળે થએલો તેના અવશેષો દક્ષિણ અમેરિકામાંથી મળી આવ્યા છે. અને એ બધાની વચ્ચે, દુનિયામાં સૌથી છેલ્લા પ્રકટેલા જીવ, 'માનવી'નાં દર્શન આપણે આ છેલ્લા યુગમાં કરીએ છીએ.

વહાણકથા-૧૩



પદરમી સદીનાં શરૂઆતમા તો દરિયાઈ સફરો ઘણી રીતે જોખમી હતી. પ્રથમ તો લાંબી સફરો માટે ત્યારનાં વહ ણો ઘણાં નાનાં પડતાં. મોટા દરિયાની થપાટો ખાઈ-ખાઈને એનાં પાટિયાં ઢીલાં પડી જઈ એમાં પાણી ચૂવાની બીક રહેતી. એના આકાર પણ એવા હતા કે દરિયાનાં મોજાં ભેળાં એ હાલક-ડોલક થઈ જતાં. એમાં સંઘરેલ ખોરાક-પાણી પણ થોડા દિવસ પછી બગડવા માંડતાં. મીઠું ચડાવીને રાખેલું માંસ ખરાબ થવા માંડતું ને પાણીમાં લીલ જામતી. ભેળો સૌ પીવા માટે દારૂ તો રાખતા જ, પણ એ તો પાણી પહેલાં ખુટાડી દેતા. મોટે ભાગે તો સફર પૂરી થાય એ પહેલાં ખોરાક-પાણી ખૂટી જતાં. વળી, પુરવઠામાં તાજાં શાકભ જી તો હોય જ નહિ એટલે એના વિના ખલાસીઓમાં 'સ્કર્વી' રોગ ફેલાતો. એનાથી રોગીના દાંત ઢીલા પડી જતા ને તે તદ્દન અશક્ત બની જતો.

પણ આગળ જતાં આ સદીમાં જ વહાણ-વટામાં સારી પ્રગતિ થઈ. વહાણનાં કદ પણ વધ્યાં અને પરિણામે મહાસાગરો પાર કરી નવા મુલકો શોધવા જવાની હામ ભીડાવા લાગી અને એમાં ચડસાચડસી પણ ચાલી.

આ કાળનું ઠીકઠીક વપરાશમાં લેવાતું વહાણ તે 'કૅરેક' (જુઓ ચિત્ર). એના મોરે ને વાંઢારે આગળપાછળના ભાગ પર વસાય એવી બાંધણી થતી ને વચ્ચેના ભાગમાં માલસામાન ભરાતો. એના મુખ્ય ખુવા પર ચોરસ અને પાછળના—કલમી-ખુવે ત્રિકોણ સઢ ચડતા.

ખાસ કરીને આફ્રિકાને કાંઠે ફરતાં ફિરંગી-પોર્ટુગીઝ વહાણો પર ત્રિકોણ સઢ વધુ વપરાતા. સામા પવને પણ હેરિયાં કરીને—આડા-અવળા ચાલીને આગળ વધવામાં આ સઢ સારા સહાયક બનતા. આજે પણ 'ધાઉ' અને એવાં વહાણોમાં આવા મોટા ત્રિકોણ સઢ વપરાય છે, જે ઓછા પવનને પણ પકડી લઈને વહાણની ગતિ જારી રાખે છે.



મધુકરી

૧ જાન્યુઆરી ૧૯૬૯

પૂરું થયું નાટક વર્તમાનનું
આંસુ લ્હોતા પ્રેક્ષકો આર્તચિત્ત;
મને પરંતુ સંભળાય નાની
નેપથ્યમાંથી પગલી ભવિષ્યની.

—સતીશ કાલેલકર

જે. આર. ડી. (જહાંગીર રતનજી દાદાભાઈ) તાતા

એક જમાનામાં સમ્રાટો વિશાળ સામ્રાજ્યો ઉપર રાજ કરતા અને સામ્રાજ્ય ટકાવી રાખવા માટે વિશાળ સૈન્યો અને નૌકાદળો નિભાવવાં પડતાં. આજે રાજકીય સામ્રાજ્યો કરતાં આર્થિક અને ઔદ્યોગિક સામ્રાજ્ય બળવત્તર હોય છે. અમેરિકામાં, પશ્ચિમ જર્મનીમાં, ફ્રાન્સમાં અને જાપાનમાં એવાં આર્થિક સામ્રાજ્યો છે કે જેમનાં બળ અને ઐશ્વર્યની ઝાંખી મળે તો પણ આપણે ચકિત થઈ જઈએ. દા. ત. એક અમેરિકન કંપની લેટિન અમેરિકાના દેશોમાં સરકારોને થાપી કે ઉથાપી શકે છે.

જહાંગીર રતનજી દાદાભાઈ તાતા ભારતમાં સૌથી મોટું ઔદ્યોગિક સામ્રાજ્ય ધરાવે છે, છતાં તેમને સરકાર થાપવા કે ઉથાપવાની તો શું, સરકાર પર પ્રભાવ પાડવાની પણ મહત્ત્વાકાંક્ષા નથી. પોતાના નામથી વિરુદ્ધ જહાંગીર 'જહાં' એટલે 'દુનિયા' તો શું, પોતાના દેશની સરકારને પણ જીતવા નથી માગતા. આથી તેઓ રાજકારણથી હમેશાં વેગળા રહે છે.

પૂર્વ અને પશ્ચિમનાં આર્થિક સામ્રાજ્યોની સરખામણીમાં તાતાનું સામ્રાજ્ય ઊભું રહી શકે નહિ. તેમ છતાં આપણા દેશમાં તે સૌથી મોટું સામ્રાજ્ય છે, અને સૌથી નિરાળું પણ છે. તેનું કારણ તાતા પોતે છે. ગાંધીજી પૂંજીપતિઓને પ્રજાના ટ્રસ્ટી બનાવવા માગતા હતા. તાતા ટ્રસ્ટી છે, અને તેથી પણ કૈંક વિશેષ છે. તાતાની કમાણી એક જબરદસ્ત ટ્રસ્ટમાં જાય છે, અને એમાંથી તેઓ વિજ્ઞાન, વિદ્યા અને તબીબી ક્ષેત્રની જે સાગર જેવડી સંસ્થાઓ ચલાવે છે તેમાંથી એકાદ પણ નજરે જોયા વિના તેનો ખયાલ ન આવે. આ સંસ્થાઓ રાષ્ટ્રનું ચણતર કરી દેશમાં નવયુગ લાવી રહી છે. અણુશક્તિકેન્દ્ર હોય, અવકાશ-સંશોધન માટે થુંબાનું રૉકેટ-મથક હોય, હૈદરાબાદનું બલૂન-મથક હોય, તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑાવ ફન્ડામેન્ટલ રીસર્ચ હોય કે તાતાની કૅન્સર ઑસ્પિટલ હોય, એ બધે ઠેકાણે તમને તાતા દેખાશે.

સરકારનાં સમાજવાદી સાહસોમાં કે મૂડીવાદીઓનાં ખાનગી સાહસોમાં જે સડો અને ભવાડા પણ છે તેમની સામે તાતાનું સામ્રાજ્ય સ્વચ્છ, કાર્યક્ષમ અને પ્રામાણિક વહીવટ ધરાવે છે. તાતા આદર્શ માલિક છે. મૂડીવાદીઓને ગાળો આપતા સામ્યવાદીઓને પણ તાતા માટે ઘસાતું બોલવા ફાંફાં મારવાં પડે છે.

પક્ષીય રાજકારણની એક નબળાઈ એ છે કે, જે વ્યક્તિ પોતાના પક્ષમાં ન હોય તે એ પક્ષ માટે અછૂત બની જાય છે. તાતા આપણા નિષ્ફળ ગએલા સમાજવાદમાં નથી માનતા, આથી સરકાર તેમની સેવા બહુ લઈ શકતી નથી. તાતા ભારત કરતાં પણ વધુ મહત્ત્વના દેશનું રાજતંત્ર ચલાવવાની શક્તિ ધરાવે છે, છતાં તેમની એ શક્તિનો પૂરતો ઉપયોગ આપણા દેશમાં થઈ શકતો નથી, એટલું જ નહિ પણ તેમણે ઘડેલી ઔદ્યોગિક યોજનાઓ શંકા, અવિશ્વાસ અને નફરતથી પણ જોવામાં આવે છે!

તાતા હિંદના પહેલા વિમાની છે અને હિંદમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય વિમાની વહેવાર શરૂ કરવામાં પણ તેઓ પહેલા છે. તેમની વિમાની કંપનીઓને ભારત સરકારે 'ઇન્ડિયન ઍર લાઈન્સ' તથા 'ઍર ઇન્ડિયા ઈન્ટરનેશનલ' બનાવીને લઈ લીધી, તેમ છતાં, સરકારી સાહસોમાં આ બે સાહસ અપવાદરૂપ સફળતાથી ઝળહળે છે તેનું કારણ તાતા છે. સરકારને પણ આ વિમાની વ્યવહારોનું સંચાલન તાતાને સોંપવાનું યોગ્ય લાગ્યું. હિંદમાં વિમાની ટપાલ-વહેવાર પણ તાતાએ શરૂ કર્યો, અને બ્રિટન તથા હિંદ વચ્ચે જે જુવાન પહેલો

એકલો ઊડી જાય તેને ઇનામ આપવા મરહૂમ આગાખાને જે ઈનામ જાહેર કર્યું હતું તેમાં પણ તેમણે પોતાનું ટચુકડું વિમાન લઈને ઝંપલાવ્યું હતું. નસીબ જોગે અસ્પી એન્જિનીઅર નામનો એક છોકરો એ ઇનામ જીતી ગયો! (પાછળથી અસ્પી એન્જિનીઅર ભારતના વિમાની દળના સેનાપતિ બન્યા.) વિમાની ક્ષેત્રે તાતાએ એટલી બધી સેવા આપી છે, અને ભારતીય વિમાની દળને પણ તેમની સેવા એવી ઉપયોગી છે કે રાષ્ટ્રપતિએ તેમને ભારતના હવાઈ સૈન્યમાં ઍર કોમોડોરનો માનાર્હ હોદ્દો આપ્યો છે.

જિંદગીના છ દાયકા ઓળંગી ગએલા તાતા હજી જુવા[illegible] અને જુસ્સો ધરાવે છે. ૧૯૩૨માં તેમણે જે ટચૂકડા ખખ[illegible] માનમાં ટપાલ-વહેવાર શરૂ કર્યો હતો તેની ત્રિદશાબ્દી ઊજ[illegible] ૧૯૬૨માં એવું જ ટચૂકડું જરીપુરાણું વિમાન એકલા ઉડાડીને કરાચીથી મુંબાઈ આવ્યા હતા!

તાતા જેવી વ્યક્તિ અને પેઢી કોઈ સદ્‌ભાગી દેશને જ મળે. પણ આપણે આ સદ્‌ભાગ્યનો સદુપયોગ કરીએ છીએ ખરા?

(જન્મભૂમિ-પ્રવાસી) —'સોડહમ્'

સમસ્યા-સાહિત્ય

લોકસાહિત્યના વૈવિધ્યમાં એક પ્રકાર સમસ્યા-કથાઓનો પણ છે. આવી કથાઓના અંતમાં એક કોયડો યોજવામાં આવ્યો હોય છે, જેનો ઉત્તર કથા-નાયકે આપવાનો હોય છે. 'વૈતાલ પચ્ચીસી'ની વાર્તાઓનું કલાપૂર્ણ સંયોજન આ શૈલીમાં થયું છે.

એવી કોયડા-કથાઓનું એક જાણીતું ઉદાહરણ લઈએ. ચાર મિત્રો દેશાટને નીકળ્યા. એક વખત તાપણું સળગાવીને જંગલમાં રાત રહ્યા ત્યારે પહેલા પ્રહરમાં ચોકી કરવા બેઠેલા સુથારે પાસે પડેલા લાકડામાંથી એક સુંદર પૂતળી કંડારી કાઢી. બીજા પહોરમાં ચોકીએ બેઠેલા દરજીએ કપડાં સીવીને તેને શણગારી. ત્રીજા પહોરમાં સોનીએ અલંકાર ઘડીને તેને સજાવ્યા અને ચોથા પ્રહરની ચોકીમાં આવેલા બ્રાહ્મણે મંત્રશક્તિથી તેને સજીવન કરી. રૂપરૂપના અંબાર જેવી એ યુવતી સાથે પરણવા માટે ચારે વચ્ચે વાદ જાગ્યો, એ આ વાર્તાના અંતની સમસ્યા છે. તેનો ઉકેલ એમ આવ્યો કે સુથાર તેનો સર્જક હોઈ પિતા ગણાય, વસ્ત્ર પહેરાવનાર દરજી ભાઈ લેખાય, ને સજીવન કરનાર બ્રાહ્મણ ગુરુ કે દેવના સ્થાને હોઈ, તેને ઘરેણાં ચડાવનાર સોની જ પતિ થઈ શકે.

આ કોયડા-કથાઓ બે પ્રકારની હોય છે. એકમાં કથાની ઘટનામાંથી જ સમસ્યા ઊભી થતી હોય છે, અને બીજીમાં તો ઘટના કે પાત્ર એ સમસ્યા પૂછવા માટે જ યોજાયાં હોય છે.

આવી ઉખાણા-કથાઓનો રાજસ્થાનના જનજીવનમાં એક વિશિષ્ટ પ્રયોજનપૂર્ણ ઉપયોગ પણ છે. વિવાહ સમયે જ્યારે વર શ્વસુરગૃહે જાય છે ત્યારે તેની સાળીઓ, સાળાવેલીઓ, વધૂની સખીઓ વગેરે મળીને તેની બુદ્ધિચાતુરીની કસોટી કરવા તેને તરેહતરેહનાં ઉખાણાં પૂછે છે. કોઈ વાર ઉકેલ કથાના અંત સાથે જ નથી આવતો હોતો. ચાર યુવતીઓ એક જ સરખા વસ્ત્રાલંકાર સજીને પોતાના હાથની થાળીઓમાં ક્રમશઃ એકમાં મેંદી, બીજીમાં ચૂડો, ત્રીજીમાં શ્રીફળ અને ચોથીમાં અત્તરની શીશી લઈને વર સામે આવીને ઊભી રહે છે, જેમાંથી વરે પોતાની વરાએલી વધૂને પરખી કાઢવાની હોય છે. મેંદી લાવેલી યુવતીને મેંદી લાગી ગઈ છે, એટલે કે તે વિવાહિત છે એવો અર્થ થયો; ચૂડાનો અર્થ તેને ચૂડો પહેરાવાઈ ચૂક્યો છે-લગ્ન થઈ ગયાં છે; નારીએળનો અર્થ એ કે તે ગર્ભવતી છે; આથી અત્તરની શીશી લાવેલી યુવતી જ તેની પત્ની છે. આમ સમાજજીવનની એક રસમય બાજુ રજૂ કરતી આ કથાઓ લોકસાહિત્યનો એક મહત્ત્વનો પ્રકાર છે.

(લોક-સંસ્કૃતિ) —કોમલ કોઠારી

આ માસ (જાન્યુઆરી) ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: મહાદેવભાઈ દેસાઇ



આ વર્ષમાં આપણે જ્યારે રાષ્ટ્રપિતા ગાંધીજીની જન્મ-શતાબ્દી મનાવી રહ્યા છીએ ત્યારે પચ્ચીસ વર્ષ સુધી અંતેવાસી રહસ્યમંત્રી તરીકે એમના જમણા હાથ સમા બની રહેલા સ્વર્ગસ્થ મહાદેવ દેસાઇને તો કેમ ભૂલી શકાય? ગાંધીજીના સિદ્ધાંતો ને વિચારોનું રહસ્ય સમજનાર ને પ્રચારનાર વિરલ ને શક્તિશાળી પુરુષો પૈકીના મુખ્ય શ્રી મહાદેવભાઇનો જન્મ સૂરત જિલ્લાના ઓલપાડ તાલુકાના દિહેણ ગામના એક અનાવિલ બ્રાહ્મણ કુટુંબમાં ઈ. ૧૮૯૨ના જાન્યુઆરીની પહેલી તારીખે થએલો. પિતા હરિભાઈ સુરભાઈ સરકારના કેળવણીખાતામાં હતા. આરંભથી જ તેજસ્વી બુદ્ધિ દાખવીને મહાદેવભાઈએ કૉલેજના છેલ્લા વર્ષ સુધી સ્કૉલરશિપો મેળવી હતી. અંગ્રેજી તથા ગુજરાતી ભાષાના ઉત્તમ જ્ઞાન સાથે બંગાળી તેમજ મરાઠી ભાષા પણ સારી રીતે જાણતા હોઈ બી.એ. થયા પછી એમને તુરત જ સરકારના ઑરીએન્ટલ ટ્રાન્સલેટરના દફતરમાં જગ્યા મળી ગઈ. આ કામગીરીની સાથેસાથે એમણે અભ્યાસ કરીને એલએલ.બી.ની પરીક્ષા પણ પાસ કરી અને પછી નોકરી છોડી અમદાવાદમાં બેએક વર્ષ વકાલત કરી સરકારના સહકારી સોસાએટીઓના ખાતામાં ઈન્સ્પેક્ટર તરીકે જોડાયા. અહીં એમને ગ્રામજનતાના પ્રશ્નોનું સાચું જ્ઞાન પ્રાપ્ત થયું.

દરમિયાન આફ્રિકાથી આવેલા ગાંધીજીના સિદ્ધાંતોએ એમને આકર્ષ્યા અને મહાદેવભાઈ પોતાની ઉજ્જવલ આશાઓ આપતી નોકરી છોડી દઈને આશ્રમમાં જોડાઈ ગયા. બસ ત્યારથી ગાંધીજીના અંતેવાસી અને રહસ્યમંત્રી તરીકેની એમની પ્રોજ્જવલ કામગીરીનો આરંભ થયો. ત્યાર પછીનું એમનું જીવન ગાંધીજીની સાથોસાથ વહેતું રહ્યું હતું.


છેક તરુણ વયથી એમને સાહિત્યમાં પણ ઊંડો રસ હતો અને તેના તેઓ અભ્યાસી પણ હતા. સૂરત જિલ્લાના લોકકવિ અર્જુન ભગતનાં ભજનોની 'અર્જુનવાણી'ના સંપાદનથી માંડીને કવિવર રવીન્દ્રનાથના 'ચિત્રાંગદા' નાટક જેવી ઉત્તમ કૃતિના શ્રેષ્ઠ સાહિત્યક્ષમ અનુવાદ સુધીની એમની સંખ્યાબંધ કૃતિઓ મહાદેવભાઈની સાહિત્યસેવાની સાક્ષી પૂરે છે. ગાંધીજીની આત્મકથાને એમણે અંગ્રેજીમાં ઉતારી. અભ્યાસીઓને પણ અઘરા પડે એવા મોર્લેના 'કૉમ્પ્રોમાઈઝ'ને એમણે 'સત્યાગ્રહની મર્યાદા' નામે સરળ ગુજરાતીમાં રજૂ કર્યું. સરળ અને પ્રવાહી છતાં પ્રાસાદિક મધુરપવાળી એમની કલમ તો જાણીતી છે.

'નવજીવન', 'યંગ ઇંડિયા' તથા 'હરિજન'નાં પાનાંઓ પર એમની લેખિની પાછળ જે કાબેલ હાથ અને તેજસ્વી બુદ્ધિનું દર્શન થતું તેણે એક ધ્યેયનિષ્ઠ ને સત્ત્વશીલ પત્રકાર તરીકે પણ તેમને ખ્યાત કર્યા હતા. દેશવિદેશના સાહિત્યનું વિશાળવાચન રાખી તેઓ જગતની અદ્યતન સાહિત્યકૃતિઓ અને વિચારોથી પણ પરિચિત રહેતા.

ગાંધીજીના રહસ્યમંત્રી તરીકે એમની વિરાટ પ્રવૃત્તિઓને અંગેના સર્વ પત્રવ્યવહારનો ભાર તેઓ સંભાળતા. તેમાં તત્ત્વજ્ઞાનથી માંડીને રોજિંદી ગૃહપ્રવૃત્તિઓ સુધીની અનેક ચર્ચાઓ અને શંકાસમાધાનો આવી જતાં. આ બધી કામગીરીની એમણે રાખેલી 'ડાયરી' તો આ દેશના સ્વાતંત્ર્ય પૂર્વેની, અને એ અંગેની ગાંધીજીની પ્રવૃત્તિ ને વિચારધારા સમજવા માટેની એક મહામોલી દસ્તાવેજી નોંધ બની રહી છે. એમની નિષ્ઠા અને શક્તિ જોઈને ગાંધીજી એમને ઘણી વાર મહત્ત્વની નાજુક વાટાઘાટોમાં પોતાના પ્રતિનિધિ તરીકે પણ મોકલતા.

૧૯૪૨ની લડત સમયે કારાવાસમાં એકાએક હૃદય બંધ પડી જવાથી ૧૫ ઑગસ્ટે સવારે થએલું એમનું અવસાન દેશની એક ઐતિહાસિક ખોટ બની રહ્યું છે.

પ્રસંગવિશેષ: રશિયાનો 'ગોઝારો રવિવાર'. ૨૨ જાન્યુઆરી, ૧૯૦૫



રૉમનોવ વંશના ઝાર નિકોલસના, દુનિયાના છઠ્ઠા ભાગ જેવડા વિશાળ રશિયા પરના એક દસકાના અંધેર રાજવહીવટમાં, મધ્યયુગના જેવી કંગાલ હાલતમાં જીવતી રશિયન પ્રજાએ રાજામાં વિશ્વાસ રાખી પોતાની હાલત સુધારવા માટે એને હાથોહાથ એક અરજી આપવાનું નક્કી કર્યું. ત્રીસે દિવસ ચૌદચૌદ કલાકની મજૂરી પછી યે અર્ધભૂખ્યા રહેતા એવા બેએક લાખ લોકો, હાથમાં ઝારની છબિ લઈ મહારાજાની રક્ષા ગાતા ગાતા રાજધાની સેન્ટ પીટર્સબર્ગ (હાલ લેનિનગ્રાડ)ની બરફ આચ્છાદિત શેરીઓમાં થઈ ઝારના મહેલ ભણી ચાલ્યા. ઝારના હાથમાં રૂબરૂ અરજી મૂકવા સિવાય એમનો ત્યારે કોઈ ઉદ્દેશ હતો નહિ, પણ શાહી સૈનિકોએ એમને રોકયા અને વિખેરાઈ જવા ફરમાવ્યું. લોકોએ પોતાનો આગ્રહ જારી રાખ્યો એટલે સૈનિકોએ ઘણા નજીક આવી ગએલા એ વિશાળ ટોળા પર ગોળીઓ છોડી. એમાં સેંકડો માર્યા ગયા અને હજારો ઘવાયા. રશિયાના ઇતિહાસમાં ઈ. ૧૯૦૫ની ૨૨ જાન્યુઆરીનો એ રવિવાર 'ગોઝારા રવિવાર' તરીકે જાણીતો છે. રશિયાની રાજાશાહી અને પીડિત પ્રજા વચ્ચેની એ પહેલી અથડામણ હતી. રાજા પ્રત્યે રહીસહી માનની લાગણી પણ હવે પ્રજામાંથી જતી રહી, પણ એની ગંભીરતા ઝારને સમજાઈ નહિ. અલબત્ત, એ ક્રાંતિ હતી જ નહિ, પણ રશિયન સમાજના વિરોધી દળની એ પ્રથમ રજૂઆત હતી. ટ્રૉટસ્કીના શબ્દોમાં, '૧૯૧૭ની ખરી ક્રાંતિનું આ જાણે કે 'ડ્રેસ રીહર્સલ' હતું.' રાજાએ વાળેલા જવાબથી પ્રજાનો રોષ હવે શમવો કઠિન હતો. હડતાલો અને એની સામે દમન ચાલુ થઈ ગયાં. આરંભનાં એ બંડ દબાવી દેવાયાં, ઝાર બચી ગયો, પણ ભવિષ્યમાં તેને ભરખી જનારી આગ હવે ઠરી શકે તેમ નહોતી.

> **એક હા બસ છે બિન્દુ, ઘોધના ઘોધ શું કરું?**
> **સ્વાતિને ટાંકણે ખુલ્લી છીપ જો થઈને રહું.**
>
> — સુન્દરમ્

કપરી ગરીબી અને નિષ્ફળતાઓને વટાવીને આજે અખબારી આલમનો બેતાજ બાદશાહ બનેલો રૉય ટૉમ્સન (લૉર્ડ ટૉમ્સન ઑવ ફ્લીટ) જેની માલિકીમાં આજે ૧૮૯ અખબારો, ૧૭૨ સામયિકો, ૧૧ રેડિયો તથા ૧૯ ટેલિવિઝન કૉર્પોરેશનો, ૭ પુસ્તક-પ્રકાશનની સંસ્થાઓ અને ૪ પ્રવાસી કંપનીઓ છે. તે દુનિયાનો ધનિકમાં ધનિક પ્રકાશક હોવા છતાં ભારે કરકસરિયો છે. એક વાર તેણે એક નવો ઓવરકોટ પોતાના પુત્રને બતાવીને કહ્યું હતું કે, 'જાહેર વેચાણમાંથી આ મને તે ૧૯ પૌંડ ઓછે પડયો છે. અલબત્ત, મારે તે માટે અરધો કલાક લાઇનમાં ઊભા રહેવું પડયું હતું, પણ આજે અરધા કલાકમાં શું આપણે ૧૯ પૌંડ કમાઈ શકીએ?'

કહેવતો: 'ડાહીને ડામ ને ઘેલીને ગામ'– અન્યાયી નિર્ણય માટે વપરાતી આ કહેવતના જેવી બીજી પણ હશે; શોધજો.

એકાક્ષરી અનેકાર્થી શબ્દ


જ = જન્મ, જન્મેલું; નિશ્ચય-આગ્રહ-અતિશયતા-ભાર-ખચીતપણું બતાવનારો પ્રત્યય; હદ-મર્યાદા-પરિણામ બતાવનાર અક્ષર; જય, ઝેર, પિતા, પિશાચ, વેગ-ત્વરા, ચપળ-હોશિયાર; ભોગ-આનંદ; મુક્તિ-મોક્ષ; બ્રહ્મદેવ; મૃત્યુંજય-શંકર, વિષ્ણુ-જનાર્દન; ખાધેલું.




દટ્ટો ફેરવો અને સદીઓ પહેલાંનાં કે સદીઓ પછીનાં વાર-તારીખ બતાવે એવું આ યંત્ર 'કૅલેન્ડેટર' પ્રાગના જૉસેફ ઝેલેનીએ શોધ્યું છે.

ભારત-પાકિસ્તાન વચ્ચે એક વખત મદ્રાસ ખાતેની ચોથી ટેસ્ટ મેચમાં ખેલાડીઓએ જેવો રંગ રાખ્યો હતો તેવો જ રંગ ૧૭૭-ના આંકડાએ પણ રાખ્યો હતો: ૧) પોલી ઉમરીગરની સામે રમવા માટે જ્યારે ચંદુ બોરડે મેદાનમાં ઊતર્યો ત્યારે ભારતનો કુલ જુમલો ૧૭૭ રનનો હતો; ૨) ઉમરીગર 'આઉટ' થયો ત્યારે તેણે ભાગીદારીમાં નોંધાવેલા રનની સંખ્યા ૧૭૭ની હતી; ૩) એટલું જ નહિ પણ છેવટે જ્યારે દાવ પૂરો થયો ત્યારે ચંદુ બોરડેએ પણ અણનમ રહીને ૧૭૭ રન નોંધાવ્યા હતા.

લીમડાનાં પાન વાટી, મધમાં મેળવીને ઘા ઉપર લગાડવાથી જલદી આરામ થશે.





આ નવી સાલના આરંભના દિવસે જ બહાર પડેલી ભારતની આ ચાર નવી રંગીન ટપાલ ટિકિટો પર પહેલી જ વાર દેશનાં પક્ષીઓ રજૂ થયાં છે. સામાન્યતઃ એક જ ઢાંચાની ટિકિટો બાદ આ ફેરફાર આવકારદાયક ગણાય.

ઈસ્ત્રી કરતાં દાઝનો થોડો ડાઘ પડી જાય તો તાબડતોબ કપડાના તે ભાગને ઠંડા પાણીમાં બોળી, સારી પેઠે હલાવીને બહાર કાઢી, સપાટ પાથરીને, પછી તેની ઉપર બહુ જ આછા કરેલા બ્લીચિંગ પાઉડરના પાણીમાં બોળેલો ચોખ્ખા રૂનો પોલ ધીમેધીમે દાબવો. કપડાના મૂળ તાણાવાણાને બહુ ઈજા નહિ પહોંચી હોય તો ડાઘ નીકળી જશે.